3033

अहिंसा परमोधर्म

श्री

# यशोधर चरित्र

સંસ્કૃત ગદ્યાત્મક ચરિત્રનું

ભાષાંતર કરનાર


મોતીચંદ ગિ. ગીરધર કાપડીઆ.



પ્રગટ કર્ત્તા.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

સંવત ૧૯૬૦ સને ૧૯૦૪.

બીજી આવૃત્તિ



( સર્વ હક સ્વાધિન. )



ભાવનગર.

ધી "વિદ્યા વિજય" પ્રિન્ટિંગ પ્રેસમાં

શાહ પુરૂષોત્તમ ગીગાભાઇએ છાપ્યું.

( કીંમત આઠ આના. )


સર્વ ધર્મ દયા ધર્મની વાડ રૂપ છે.

સર્વ આર્ય ધર્મોનું મૂળ અહિંસાજ છે.

હિંસાના શ્રવણ માત્રથી પણ આર્ય હૃદય દુઃખાય છે.


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# अर्पण पत्रिका

## મુરબ્બી અમરચંદ વિ. ઘેલાભાઈ

### સેક્રેટરી—જૈનધર્મ પ્રસારક સભા.

જૈન વર્ગ પ્રત્યે આપનો અસ્ખલિત પ્રેમ, ઉગતા વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદ કરવાની ઉલટ, તેમને આગળ વધેલા જોવાની શુભ ઈચ્છા, ધર્મ ઉપર અત્યંત રાગ, જૈનધર્મ પ્રસારક સભાના દરેક કાર્યમાં તન, મન, અને ધનથી પ્રયાસ, અને મારી ઉપર અપ્રતિમ સ્નેહ તેથી આકર્ષાઈ આ યશોધર ચરિત્રનું ભાષાંતર આપને અર્પણ કરૂં છું, તે આપ સ્વીકારશો.

ભાષાંતર કર્ત્તા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ ચરિત્રની પહેલી આવૃત્તિની ૧૦૦૦ નકલ છપાવી હતી. તેમાંથી કેટલીક નકલનો લાભ જૈન વર્ગે લીધો હતો. શિવાય સિલક રહેલી નકલો સં. ચૈત્રશુદી ૯ મે અમારી ઓફીસમાં વિનાશ થવાથી તેમજ અહિંસા ધર્મની પુષ્ટિમાં આ ચરિત્ર ઘણુંજ ઉપયોગી હોવાનેલીધે ફરી છપાવવામાં આવેલ છે. જૈન બંધુઓને તેમજ અન્ય આર્ય બંધુઓને ખરીદ કરવા યોગ્ય છે. આ બીજી આવૃત્તિમાં પહેલી આવૃત્તિ કરતા કેટલોક સુધારો કરવામાં આવ્યો છે, ટુંકામાં આ ચરિત્ર અત્યંત રસીક તેમજ અસર કારક છે.

ચૈત્રી પૂર્ણિમા } શ્રી જૈનધર્મ પ્રસારક સભા.
સં. ૧૯૫૦. } ભાવનગર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

કથાનુયોગથી ઘણું લાભ થાય છે એ વાત નિર્વિવાદ છે. સર્વ વિદ્યાવાન્ તેમજ વિદ્યાના સંસ્કારથી રહિત, બાળ તેમજ વૃદ્ધ સ્ત્રીઓ તથા પુરૂષો કથાઓમાં સારી રીતે આનંદ લઇ શકે છે. કોઇ વિષય મન પર ઠસાવવો હોય તો દાખલા પૂર્વક જ્યારે તે કહેવામાં આવે ત્યારે મનપર ખરેખરી અસર કરે છે. આ વિષયમાં આપણા પૂર્વાચાર્યોના આપણે અત્યંત આભારી છીએ. જ્યારે તેઓએ ઉપયોગથી જાણ્યું કે લોકો દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ વિગેરે શીખતા નથી, ત્યારે ધર્મના જુદા જુદા વિષયો રસમય કથાઓ સાથે જોડી નાંખી ગદ્યમાં કે પદ્યમાં લખી ગયા છે, આમ થવાથી શ્રોતાને અથવા વાંચનારને મૂળ વિષય ઉપર પ્રીતિ થાય છે. અને તેના મનપર તે તત્વો સજ્જડ અસર કરે છે, અને તેથી ચરિત્ર લખનાર, વાંચનાર અને સાંભળનાર સર્વનો ઉદ્દેશ પાર પડેછે. રસિક કથાઓ જ્યારે વિદ્વાનોને હાથે લખાયેલી હોયછે ત્યારે તે વાંચવા તથા સાંભળવામાં એવો રસ પડે છે કે તે સંપૂર્ણ ન થાય ત્યાં સુધી બીજું કાર્ય સુજતું નથી. જેઓ ધર્મચર્ચા, આત્મોપદેશ વિગેરેમાં વ્યાખ્યાનોમાં ઝોકાં ખાયછે તેઓ પણ કથાઓ રસથી સાંભળે છે.

કથાનુયોગ ધીમો પણ મજબૂત ઉપદેશ આપે છે. ઇચ્છા અને આદરથી સાંભળેલી કથાઓ ક્વચિતજ મનપર અસર કર્યા વગર રહેછે. જૈનાચાર્યોએ સંસ્કૃત ગદ્ય પદ્યમાં અને આધુનીક સમયે રાસ વિગેરેમાં કથાઓ ગુંથીને તે દ્વારા જે ઉપદેશ કર્યો છે તેની અસર ઘણી દૃઢ થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ યશોધર ચરિત્રમાં મુખ્ય વિષય અહિંસાનો છે. મૂળગ્રંથ મહા મુનિરાજ શ્રી હરિભદ્રસુરિએ સમરાદિત્ય ચરિત્રમાં કથા રૂપે પ્રાકૃતમાં રચ્યો છે. તેજ કથા અતિ વિદ્વત્તાથી ૧૧૬ વર્ષ પહેલાં શ્રીક્ષમાકલ્યાણ મુનિએ સંસ્કૃત ગદ્યમાં રચીછે, જેનું આ ભાષાંતર કર્યું છે.

**અહિંસા પરમોધર્મ** એ સર્વ આર્ય ધર્મોનું મૂળ સિદ્ધાંત છે, અને કુદરતી રીતે કોઇપણ જીવનો વધ અથવા મૃત્યુ સાંભળી જેનોની લાગણી વિશેષ દુઃખાય છે; તેથી પાંજરાપોળ વિગેરે મહત્ કાર્યોમાં જૈનવર્ગ વધારો પડતો ભાગ લેછે. જેઓ હિંસામાં આસક્ત હોય છે તેઓના પરિણામ હમેશાં નિધ્વંસજ રહે છે અને તેથી તેના આત્માને ઘણી હાની થાય છે. મહોપાધ્યાય શ્રીયશોવિજયજી કહેછે કે:—

એહને જોરે જે હુવારે, રૌદ્ર ધ્યાન પ્રમત્ત;<br>
નરક અતિથિ તે નૃપ હુવારે, જેમ સુભૂમ બ્રહ્મદત્તરે પ્રાણી ॥
જીન વાણી ધરો ચિત્ત.

રાય વિવેક કન્યા ક્ષમારે, પરણાવે જસસાય;<br>
તેહ થકી દૂરે હુવેરે, હિંસા નામે બલાયરે પ્રાણી ॥ જી૦ ॥

[ પ્રથમ પાપસ્થાનક સઝાય ]

" એ (હિંસા) ના જોરથી જે પ્રાણી રૌદ્રધ્યાની અને પ્રમત્ત (પ્રમાદી) થાય છે તેઓ સુભૂમ અને બ્રહ્મદત્તની જેમ નરકના અતિથિ થાય છે. તે હિંસાના નાશનો ઉપાય કહેછે—વિવેક રાજાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુત્રી ક્ષમાને જો પરણાવે-પરણે તો તે ક્ષમાના બળથી હિંસા નામે બલા દૂર થઇ જાય."

શ્રાવકે સવાવસા દયા તો અવશ્ય પાળવી જોઇએ તે આ પ્રમાણે— ' શ્રાવક નિરપરાધી ત્રસજીવને કારણ વિના સંકલ્પીને હણે નહીં ' હિંસાના વિષય ઉપર આ ચરિત્રમાં એટલું બધું લખવામાં આવ્યું છે કે પ્રસ્તાવનામાં તે વિષય ઉપર લખવાની જરૂર રહેતી નથી.

ગ્રંથકર્તાએ આ ચરિત્રમાં અહિંસાના વિષયને એટલો સારી રીતે ચર્ચ્યો છે કે કોઇપણ વાંચનારનું મન તે વાંચતાં આર્દ્ર થયાવિના રહે નહિ. મુખ્ય કથા **સુરેંદ્રદત્ત** અથવા **યશોધરની** છે. તેને માતાના આગ્રહથી દઢ મન છતાં લોટના કુકડાનો ઘાત કરવાથી તિર્યંચના આઠ ભવ કરવા પડે છે, અને અસહ્ય દુઃખ સહન કરવાં પડે છે. કથા પ્રસંગમાં આ ભાગ લાગણીને અત્યંત આર્દ્ર કરે તેવો છે. આ મુખ્ય વિષય સાથે બીજો ઘણા પ્રકારનો વૈરાગ્યમય ઉપદેશ અને દષ્ટાંતો મૂકયાંછે. અતિ વિદ્વત્તાથી મુનિ **કાળદંડ** કોટવાળને એમ સિદ્ધ કરી આપે છે કે સર્વે પાપો હિંસામાંજ સમાયેલા છે અને જરાપણ હિંસા અત્યંત દુઃખદાયક પરિણામ લાવે છે. બીજે પ્રસંગે જીવની ઉત્પત્તિ વિગેરેનો સવાલ ટુંકામાં પણ સારી રીતે સ્પષ્ટ કર્યોછે. ધર્મકાર્યમાં જરાપણ પ્રમાદ કરવો તે કેટલી બધી હાની કરે છે તે વિષયમાં **સુરેંદ્રદત્તનું** દ્રષ્ટાંત અતિ અસરકારક છે. માત્ર એક બે દીવસનું લંબાણ કરવાથી તે દીક્ષા લઇ શકતા નથી, માટે **गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत्** એ વાકયને અનુસારે જે જે સત્કાર્ય કરવાં તે વગર વિલંબે કરવાં; આવા આવા ઘણા પ્રસંગો આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચરિત્રમાં દાખલ કરવામાં આવ્યાછે. કર્તાની વિદ્વત્તા ગ્રંથ વાંચવાથી પ્રકાશિત થઇ શકે તેમ હોવાથી અહીં વિશેષ લખવાની આવશ્યકતા નથી.

ભાષાંતર કરવામાં આ મારો પ્રથમ પ્રયાસ હોવાથી તેમાં ઘણી ભૂલો રહી હશે તે સુધારીને વાંચવાની વિદ્વજ્જનો પ્રત્યે નમ્ર ભાવથી યાચના કરૂં છું, અને મારા મુરબ્બી કુંવરજી આણંદજીએ મને આ કાર્યમાં અમૂલ્ય મદદ કરી છે, તે માટે તેમનો ઉપકાર માનું છું. છેવટે લક્ષ પૂર્વક ગ્રંથ વાંચવાની સર્વે જૈનબંધુઓને આવશ્યકતા સૂચવીને પ્રસ્તાવના બંધ કરૂં છું.

ભાવનગર.
આષાઢ કૃષ્ણ પંચમી.
સંવત ૧૯૫૫

મોતીચંદ વિ ગીરધરલાલ.
ભાષાંતર કર્તા.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

श्री परमात्मने नमः

# श्री यशोधर चरित्र.

सकलसुरनरेंद्रश्रेणिसंसेव्यमाना-
त्समजनि किल यस्माद्विश्वलोकव्यवस्था ।
हिमवतइवरम्या स्वर्गसिंधुर्युगादौ,
स जयतु जगदार्यो नाभिसूनुर्जिनेशः ॥ १ ॥

હિમવંત પર્વતમાંથી જેમ રમણિય સ્વર્ગ ગંગા નીકળેલી છે તેમ-સકળ દેવતાઓના ઇંદ્ર અને ચક્રવર્તિનાં સમૂહથી સેવાતા એવા જે જિનેશ્વરથી યુગની આદીમાં આ વિશ્વની વ્યવસ્થા ઉત્પન્ન થયેલી છે, એવા તે નાભિ-રાજાના પુત્ર જગત્ પૂજ્ય શ્રી ઋષભ જિનેશ્વર જયવંતા વર્તો. ૧.

निखिलजनपदस्थं येन गर्भस्थितेना-
प्रमितनिजमहिम्नाऽजन्यजातंनिरस्तं ।
उपकृतमतिरक्तस्तीर्थकृद्भक्तिभाजः,
स भवतु मम शांतिर्दुष्टकर्मोपशांत्यै ॥ २ ॥

ગર્ભને વિષે રહ્યા છતાં પણ જેમણે પોતાના અમિત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

महिमाथी सर्व देशनां उत्पात समूह दूर कर्या छे अने उपकार करवानी बुद्धिमां जे रागवाळा छे एवा श्री शांतिनाथ, तीर्थंकरनी भक्ति करवानी इच्छावाळा अने दुष्ट कर्मनी शांतिने माटे थाओ २.

विजंय दुर्वारमनंगवीरं,
जगाम योगींद्रशिरोमणित्वं ।
यः शैशवादेव कृपापरीतं,
तमीश्वरं नेमिजिनं नमामि ॥ ३ ॥

जेओए बाळपणथीज दुर्वार वीर कामदेवने जीतीने योगींद्रोने विषे शिरोमणिनी पदवी मेळवी छे एवा कृपाळु नेमिनाथने हुं नमस्कार करूं छुं ३.

यदीय संपर्कवशादनुत्तरं,
बभूव तीर्थं किल काशीजाह्नवी ।
स देवदेवः समतीर्थसत्तमः,
सुपार्श्व पार्श्वाधिपतिः पुनातु माम् ॥ ४ ॥

जेमना संबंधथीज काशी अने जाह्नवी (गंगा) नुं अनुत्तर तीर्थ उत्पन्न थयेलुं छे अने जेओ (आदेय-नाम कर्मथी) सर्व तीर्थंकरोमां उत्तम छे एवा देवाधिदेव, पार्श्व यक्ष सहित श्री पार्श्वनाथ भगवान्; मने पवित्र करो, ४.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

योनिष्टदुष्टेष्वपि शिष्टभावात् ,
सुदृष्टिरासीत्स्वगुणैर्विशिष्टः ।
स वर्धमानो मम वर्धमानं ,
प्रयच्छतु स्वच्छमतुच्छबोधम् ॥ ५ ॥

જે અનિષ્ટ કરનારા દુષ્ટોની ઉપર પણ પોતાના શિષ્ટ ભાવથી સુદૃષ્ટિવાળા છે અને જે પોતાનાગુણે કરી વિશિષ્ટ છે, એવા શ્રી વર્દ્ધમાન સ્વામી મને વૃદ્ધિ પામતો એવો સ્વચ્છ અને અતુલ બોધ આપો. ૫.

जिनेंद्रचंद्राननपद्मसंभवा ,
स्याद्वादमार्गाश्रयिणी सरस्वती ।
मदीय चित्ते निरवद्यवृत्तिनी ,
करोतु संवासमुदारमात्मनः ॥ ६ ॥

જિનેંદ્ર ચંદ્રના મુખ કમળથી ઉત્પન્ન થયેલી અને સ્યાદ્વાદ માર્ગનો આશ્રય કરનારી જીનવાણી નિર્દોષ વૃત્તિવાળા મારા ચિત્તમાં પોતાનો ઉદાર નિવાસ કરો. ૬.

प्रसादतः श्रीनिधि सद्गुरूणां ,
विशुद्धवैराग्यकरं मनोज्ञं ।
समीक्ष्य राजर्षि यशोधरस्य ,
वक्ष्ये चरित्रं सुतरां पवित्रम् ॥ ७ ॥

P.P. Ac. Gunratnasuri M.S.          Jun Gun Aaradhak Trust

જે સદ્‌ગુરૂ જ્ઞાન તેજના ભંડાર છે તે ગુરૂના પ્રસાદથી વિશુદ્ધ, વૈરાગ્યને ઉત્પન્ન કરનાર, મનોજ્ઞ અને અતિ પવિત્ર એવું યશોધર રાજર્ષિનું ચરિત્ર સમ્યગ્ વિચારપૂર્વક કહીશ.

શ્રી હરિભદ્ર સૂરીએ આ ગ્રંથ પ્રાકૃતમાં રચેલ છે અને બીજા આચાર્યે સંસ્કૃત પદ્યમાં રચેલ છે, પણ તે વિષમ હોવાથી તેનો બરાબર અર્થ સમજી શકાતો નથી; માટે હું સર્વે સમજી શકે તેવું સંસ્કૃત ગદ્યબંધ એ રાજર્ષિનું ચરિત્ર લખું છું.

આ અપાર સંસાર સમુદ્રમાં ભવ્ય પ્રાણીઓએ, ઘણી મુશ્કેલીથી પણ પ્રાપ્ત થવું દુર્લભ એવું મનુષ્યપણું, સુકુળમાં ઉત્પત્તિ, સારી ઇંદ્રિયો અને સમ્યક્ દર્શનરૂપી પ્રવહણને પામીને, નિઃશેષ કર્મનો છેદ કરવા માટે હંમેશાં ત્રણ જગતમાં રહેલાં સર્વ પ્રાણીઓ ઉપર અસાધારણ ઉપકાર કરવાની રૂચિવાળા શ્રી જિનેંદ્ર ભગવાને ઉપદેશેલાં સત્કર્મ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. પરંતુ એક ક્ષણ પણ પ્રમાદનો આશ્રય કરવો ન જોઇએ. કદાચ કર્મયોગે હંમેશાં અપ્રમત્ત પણે ધર્માચરણ કરવા શક્તિ ન હોય તો 'અઠ્ઠાઇ' વિગેરે પર્વના અવસરે તો અવશ્ય અપ્રમત્તપણે ધર્મ કરવો જોઇએ, અને જીવહિંસા વિગેરે બને તેટલાં પાપસ્થાનક તજવાં જોઇએ; તેમાં કેટલીક અઠ્ઠાઇ શાશ્વતી છે, તથા કેટલીક અશાશ્વતી છે, તે આ પ્રમાણે :—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક અઠ્ઠાઇ ચૈત્ર માસમાં અને બીજી આસો માસ- માં એમ બે શાશ્વતી છે. તે વખતે સર્વ દેવો નંદીશ્વર દ્વીપની યાત્રા કરે છે, અને મનુષ્યો તથા વિદ્યાધરો પોતાને સ્થાનકે યાત્રા કરે છે. તે સિવાય ત્રણ ચોમાસીની ત્રણ અઠાઈ અને એક પર્યુષણની અઠાઇ એ ચાર અઠાઇ અને તીર્થંકરના જન્મ, દિક્ષા, કેવળ અને નિર્વાણની અઠાઇઓ અશાશ્વતી છે; કારણ કે તીર્થંકરનાં તે તે કલ્યાણક હોય ત્યારેજ તે થાય છે. એ અઠ્ઠાઈઓમાં ઇંદ્રો ઘણા દેવતાઓના પરિવાર સહિત નંદિશ્વરદ્વીપે જઈને આઠ દીવસ સુધી શાશ્વતી જીનપ્રતિમાની સ્નાત્ર પૂજા વિગેરે જુદા જુદા પ્રકારની ભક્તિ કરીને પોતાનો જન્મ સફળ કરે છે. તે મધ્યે ચૈત્ર અને આસો માસની અઠાઇઓમાં કેટલાએક ગાઢ મિથ્યાત્વથી ઘેરાએલા, અશુદ્ધ અંતઃકરણવાળા, દુર્બુદ્ધિ. દુર્ગતિમાં જવાવાળા, ગાડરીયા પ્રવાહની પેઠે વર્તનારા, મૂઢ અને પાપ કરીને પુન્યનું ફળ ઈચ્છતા એવા પ્રાણીઓ દુષ્ટ વ્યતંરનું આરાધાન કરવા તત્પર થઇને બકરા, પાડા વિગેરે પ્રાણીઓનો વધ કરવા ઈચ્છે છે.

કહ્યું છે–दुःखप्रतिक्रियार्थं सुखाभिलाषाच्च पुनरपितुजीवः ।

प्राणिवधादीन् दोषानध्येति मोहसंछन्नः ॥ १ ॥

बध्नाति ततो बहुविधमन्यत्पुनरपि नवं सुबहुकर्म ।

तेनाथ पच्यते पुनरग्नेराग्नि प्रविश्यैव ॥ २ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તાત્પર્ય—દુઃખને દૂર કરવા તથા સુખને મેળવવા માટે મોહથી ઘેરાએલા પ્રાણીઓ પ્રાણી વધાદિક પાપમાં પ્રવર્તે છે; પણ તેથી તો ઉલટાં તેઓ બહુ પ્રકારનાં નવાં કર્મો બાંધે છે અને અગ્નિમાં પ્રવેશ કરીને અગ્નિ વડે રંધાય છે (નારકીમાં ઉષ્ણવેદના પામે છે. )

સમ્યગ્ દર્શને કરી જેમની શુદ્ધબુદ્ધિ થઈ છે એવા ભવ્ય પ્રાણીઓએ આ હિંસાનાં ફળને દેખાડનારૂં, યશોધર નૃપતિનું આઠ અથવા દસ ભવનું ચરિત્ર સાંભળીને મનથી પણ હિંસા ન કરવી—ન ઇચ્છવી—અને સવ પ્રાણીઓ તરફ કરૂણા બુદ્ધિ રાખવી; કોઇને પણ અબાધા ન ઉપજાવવી. પરંતુ એકાગ્ર મનથી અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ પરમ તત્ત્વની આરાધના કરવી. તેથી કરીને આ લોકમાં અને પરલોકમાં ઇચ્છીત વસ્તુ અને છેવટ પરમાનંદ પદ (મોક્ષ)ની પ્રાપ્તિ થાય છે. સુધર્મા સ્વામીની પરંપરાથી ચાલ્યું આવતું, પવિત્ર, પ્રાણઘાતરૂપ કુમતિ લતાનો છેદ કરનારૂં, અને ઉત્કૃષ્ટ એવું યશોધર નૃપનું ચરિત્ર કહું છું તે ભવ્ય પ્રાણીઓએ પ્રમાદ તજી, સાવધાન થઇને સાંભળવું;—

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં વિવિધ સંપત્તિથી વિભૂષિત મગધ દેશમાં શ્રેષ્ઠ રાજપુર નામનું નગર છે. ત્યાં ગાઢ મિથ્યાત્વથી મોહમતિવાળો, દુષ્ટ પરિણતિવાળો,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાંચે ઇંદ્રિયના વિષય ભોગવવામાં આસક્ત, કૌલ[1] મતનો ભક્ત મારિદત્ત નામે રાજા છે. તે અનાદિ ભવથી બાંધેલાં મિથ્યાત્વના ઉદયથી મહા કુમાર્ગે પડેલ હોવાને લીધે ત્રણ જગતના ઇશ્વર શ્રી જિનેશ્વરને સ્વપ્ને પણ જાણતો નથી. મહા મિથ્યાદ્રષ્ટિ અને અતિ દુષ્ટ ચંડમારી નામની વ્યંતરી તે રાજાની કુળદેવી છે. તે નગર પાસે દક્ષિણ દિશામાં તે દેવીનું મોટું મંદીર છે.

તે દેવીનું સ્વરૂપ આ પ્રમાણે છેઃ—જ્યાં ભેંશનાં શીંગડાંનાં તોરણો કરી દીધાંછે, ભારંડ પક્ષિનાં ઇંડાં કળશ સ્થાને મૂક્યાં છે, એક મોટું હાડકું (ધ્વજ) દંડ સ્થાનકે ઊભું કરેલું છે, (જ્યાં) વાઘનાં પુછડાંઓની ધ્વજાઓ કરેલી છે, ગજચર્મનો ચંદ્રવો બાંધેલો છે, ગજદંતના થાંભલા મૂકી દીધા છે, જેનું આંગણું કોડીઓવડે જડેલું છે, શંખના ચૂર્ણવડે ધોળેલું છે અને રૂધીરવડે રાતું કરેલું છે, જ્યાં અનેક જીવોના દાંત તથા જીવ્હા પુષ્પ પલ્લવને સ્થાનકે છે; એવા પ્રકારનાં ભયંકર મંદિરમાં ચંડિકાની વિરૂપ આકૃતિ વાળી મૂર્ત્તિ છે. તેના એક હાથમાં કર્તરિકા[2] છે, અને બીજા હાથમાં ભયંકર મુદ્દગર છે; તેની કુવા જેવી લાંબી ડોક છે, દીર્ઘ દાંત છે અને રાતાં વર્તુળાકાર[3] ચક્ષુ છે. ટુંકામાં તેનું રૂપ એવું ભયંકર છે કે બીકણ માણસ તો તેને જોતાંજ મહા ભય પામી જાય છે. તે દેવીને તેના ભકતો હંમેશાં અતિ દુર્ગન્ધિ મદિ-

૧ શક્તિ. ૨ નાની તરવાર. ૩ ગોળ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શથી નવરાવે છે અને અર્ક, ધતુરો ને કણવીર વિગેરે તુચ્છ પુષ્પોથી પૂજન કરે છે.

એક દિવસ અભક્ષ્ય ખાનારા, મદિરા પીનારા અને ઉન્માર્ગે સંચરનારા તે દેવીના ભક્ત કૌલ લોકોએ મારિદત્ત રાજા પાસે આવીને કહ્યું કે "હે રાજન્! તમે કૌલ લોકના મંડન છો, દુઃખે જીતાય એવા શત્રુના લશ્કરને તમે કાપી નાખનારા છો, પોતાના તેજે કરી સૂર્ય જેવા છો, તો તમારે દેશની શાંતિ માટે મોટા આડંબરથી દેવીનું પૂજન કરવું જોઇએ." રાજાએ તે દુષ્ટોના આવાં વચન માનીને હિંસાથી ભરપૂર એવો તે દેવીનો પૂજન ઉત્સવ શરૂ કરાવ્યો. તે દેવીના પૂજનનો નવમો દિવસ આવ્યો ત્યારે રૂધિર પાન કરનારી, માંસ ભક્ષણ કરનારી અને અનાચારમાં આસક્ત એવી બહુ ડાકીની શાકીની પ્રમુખ ત્યાં આવીને નાચવા લાગી, અને કામ વિડંબિત, દુષ્ટ અંતઃકરણવાળા તે કૌલ લોકોએ પણ ત્યાં આવીને ચોક પૂર્યો. એવા પ્રકારનો ઉત્સવ થઈ રહ્યો છે તે વખતે રાજાએ દેવી પૂજનમાં ઉત્સુક થઈ સર્વ દિશામાં સેવકોને મોકલી જળચર, થળચર અને ખેચરનાં એક લાખ મિથુન[1] મંગાવ્યાં—તે આ પ્રમાણે.

शफरकच्छपदर्दुरराजिला, मकररोहितमीनजलौकसः ।
दशपदाजलवायस पुतरा, परिसमाहृधिरेजलचारिणः ॥

૧ જોડાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

हरिणशंबरशूकरचित्रकाः, शशकसल्लभरासभदंतिनः ।
शरटजंबुकवानरमूषका, स्थलचराःशतशःपरिकल्पिताः ॥
शुकचकोररथांगकापिंजला, कुररकाककपोतकलापिनः ।
कृकरहंसबकाक्रकवाकवः प्रगुणितामिथुनानिविहंगमा ॥

માછલાં, કાચબા, દેડકા, પાણીના સાપ, મગરમચ્છ, રોહિત ( રાતી માછલી ), મત્સ્ય, જળમાં રહેનારદશપદ, જળકુકડા અને પુતરા વિગેરે જળચરોને એકઠા કર્યા. તથા હરણ, શંબર ( એક જાતિનું હરણ, સાબર ) ડુક્કર, ચિત્રા, સસલાં, સલ્લભ, ગધેડાં, હાથી, કાકીડા, શીયાળીઆ, વાનરા, ઊંદર વિગેરે સેંકડો સ્થળચર એકઠાં કર્યાં; તથા પોપટ, ચકોર, રથાંગ ( ચક્રવાક ), તેતર, કુકર (નદીકિનારે રહેતું પક્ષી, ) કાગડા, કબુતરો, મોર, કૃકર (તેતર જેવાં ), હંસ, બગલા, ક્રકવાકુ વિગેરે પક્ષીઓનાં જોડલાં મારવા માટે તૈયાર કર્યાં.

ઉપર પ્રમાણેનાં સર્વ જીવો મરણના ભયથી કરૂણ-સ્વરવાળી હૃદયભેદક ચીસ પાડતા હતા, તેથી તે ગૃહ ભૂમિ નરકભૂમિની પેઠે ભયંકર થઇ ગઇ હતી. આટલા થી પણ સંતોષ ન પામતાં કૌલ લોકોએ રાજાને ઉશ્કેરવાથી તે દુષ્ટ રાજાએ પોતાના સેવકોને બોલાવી કહ્યું ' હે સેવકો સાંભળો; જ્યાં સુધી બહુ ગુણવાળું, લક્ષણોપેત, સોળ વર્ષની ઉમરનું અને કોમળ શરીરવાળું સ્ત્રી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુરૂષનું જોડું ન મળે ત્યાં સુધી અખંડ પૂજન ન થાય; માટે તમે જઇને નગરમાંથી કે નગર બહારથી જયાંથી મળે ત્યાંથી એવા સ્ત્રીપુરૂષનું જોડલું જલદી લઇ આવો.' સર્વે સેવકો રાજાનાં આવાં વચન સાંભળીને તેવા જોડાની શોધ માટે આખા નગરમાં ભમવા લાગ્યા.

આ નગરમાં આવો ભયંકર બનાવ બની રહ્યો છે એવા અવસરમાં દૈવયોગથી ઘણા સાધુથી પરવરેલા, ઘણા પ્રવિણ, શુભ દ્રષ્ટિવાળા, સાડાત્રણ હાથ ભૂમિ પર્યંત દૃષ્ટિ રાખીને ચાલનારાં, ઉપયોગી, પરમયોગી, અદ્‌ભૂત જ્ઞાન અને તપના તેજે કરી સૂર્ય સરખા, ભવ્ય પ્રાણીઓનાં મનરૂપ કુમુદ[1] ને આલ્હાદન કરવામાં ચંદ્ર સરખા સુદત્ત નામે ગણધર ઘણા જીવોને અકસ્માત્ થયેલ ઘોર ઉપદ્રવ શાંત કરવા માટે જાણે હોય નહિં! તેમ તે નગરની બહારના ઉદ્યાનમાં પધાર્યા. પોતે વિરકત વૃત્તિવાળા હોવાથી ઘણા સુગંધી, ફળ ફુલ અને મોટાં વૃક્ષોથી શોભતા, ગુંજારવ કરતા ભ્રમર વિગેરે ઘણાં જીવોથી ભરપૂર અને પાંચે ઇંદ્રિયોને આનંદ આપનારા તે વનમાં રહેવા ન ઇચ્છયું, પણ સર્વ સાધુઓ સાથે ત્યાંથી નજીક આવેલી નિર્વદ્ય સ્મશાન ભૂમિમાં જઇને રહ્યા. અહો! જુઓ આ ઉત્તમ મુનિરાજની વૃત્તિ! પોતે સર્વ શિષ્યો સાથે સુંદર વનને તજી દઇને સ્મશાનમાં રહ્યા!

1 રાત્ર વિકાશી કમળ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવા અવસરમાં ત્યાં સંસારીપણાના ભાઈ બહેન શિષ્ય, અને શિષ્યા, સુદત્ત ગુરૂ મહારાજની આજ્ઞા લઇને અઠ્ઠમને પારણે આહાર લેવા નગરમાં ગયા. ત્યાં રાજાના સેવકોએ પણ જેવું જોઇએ તેવું સ્વરૂપ જોઇને તેઓ બંનેને ચોરની પેઠે પકડયા અને ભુજા બાંધીને રાજાની પાસે લેઇ ચાલ્યા. આ બન્નેમાં, વયે બાળક છે તોપણ બુદ્ધિનો ભંડાર એવો, અભયરૂચિ નામનો શિષ્ય પોતાની બહેન અભયમતિને દીન મુખવાળી જોઈ પોતે ધૈર્ય ધારણ કરી કહેવા લાગ્યો કે "હે તપસ્વિનિ બહેન! મોટા ભાગ્યથી આ દુષ્ટ પુરૂષોવડે આપણને પીડા ઉપજે છે, માટે તું બીક છોડી દે. કારણ કે દુર્દૈવ શરીરનાં ભયને જાણતો નથી. હે બહેન મૃત્યુનો ભય તજી દે. એક શ્રી વિતરાગનું સ્મરણ કર, કે જે વિતરાગના સ્મરણ માત્રથીજ પ્રાણીની સર્વ વિપત્તિઓ નાશ પામે છે. વળી હાલ આપણો મૃત્યુ સમય નજીક આવ્યો છે તો તે આપણે સાધી લેવો, અને બીજી કાંઇપણ ચિંતા ન કરવી; કારણ કે "પોતે જાણી શકે તેવી રીતે ભાગ્યેજ મરણ થાય છે." વળી આપણો મૃત્યુ સમય પાસે આવ્યો હોવાથી આપણને તપનું પારણું ન થયું તે પણ સારૂં થયું. માત્ર ગુરૂને જણાવ્યું નથી તેથી મને ઘણો સંતાપ થાય છે. કારણ કે ગુરૂ તો નિર્મમત્વ છે તો પણ આપણા (મૃત્યુના) શોકે કરીને તેમના ધ્યાન અને તપમાં ભંગ પડશે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળી પણ ધૈર્ય ધારણ કરીને પરિણામ શુદ્ધિને અર્થે તે મુનિ પોતાની બહેનને કહે છે,

अहमस्मि न ते कश्चिन्न त्वं भवसि कापि मे ॥
परलोकजुषा भिन्ना, पंथानो येन देहिनां ॥ १ ॥
नमोस्तु गुरवे तस्मै, नमो देवाय चार्हते ॥
नमोस्तु सर्व सिद्धेभ्यो, धर्माय च नमोनमः ॥ २ ॥
शरणं ते ममार्हतः, सिद्धाश्च शरणं मम ॥
शरणं साधवः सर्वे, धर्मश्च शरणं मम ॥ ३ ॥

અર્થ—હું તારો કોઇ નથી અને તું મારી કાંઇ નથી કેમકે પરલોકમાં જનારા પ્રાણીઓના પંથ જુદા જુદાજ હોય છે અર્થાત્ જુદી જુદી ગતિમાં જુદે જુદે સ્થાનકે જન્મ થાય છે. તે ગુરૂને, અર્હંત દેવને, સર્વ સિદ્ધને અને ધર્મને હું વારંવાર નમસ્કાર કરૂં છું. મારે અર્હંત, સિદ્ધ, સાધુ અને ધર્મનું શરણ હો.

વળી મુનિ કહે છે 'હે ભગિનિ! નિરપરાધીને પીડનાર ઉપર ક્રોધ તો ઉપજે, પણ જેણે (કષાયરૂપ) શસ્ત્રો તજ્યાં છે એવા સાધુને તો તેપણ કરવું ન ઘટે. વળી જો મારો તપતેજમય કોપાગ્નિ બહાર નીકળે તો જગત્ બળી જાય તોપણ તૃપ્ત ન થાય! પરંતુ હું પાપથી બીઉં છું અને ક્ષમાનેજ અંગિકાર કરવા યોગ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાણું છું. કહ્યું છે કે "વાજબી કોપનું કારણ છતાં કોણ બુદ્ધિમાન ક્ષમા ન કરે ? પણ જો ક્ષમા ન કરે તો એક વાર કરેલું પાપ કોડવાર ભોગવવું પડે છે" (માટે અપરાધીની ઉપર પણ ક્ષમા કરવી.)

આવી રીતે ભાઈએ સાધ્વીને અશ્વાસન આપ્યું. પછી તે સાધ્વી પોતાનાં આંસુ લુહીને ગદ્‌ગદ સ્વરે બોલી "હે બાંધવ! હું તારૂં પરાક્રમ જાણું છું, પરંતુ આ દીન બહેન ઉપર કૃપા લાવવી ઘટે છે. હે ભાઇ ? હું મરણના ભયથી રોતી નથી, પણ બકરા વિગેરે પશુની પેઠે આપણું મૃત્યું થશે તેથી વિહ્વળ થાઉં છું. વળી જો કે આપણે શોક, મોહ વિગેરેને વૈરી જાણીને તજ્યાં છે તોપણ તેઓ મને અનાથને વારંવાર વળગે છે તેથી હું શું કરૂં ? પણ હવે આ વિષાદથી સર્યું ! પ્રાણીએ જે જે કર્મ બાંધ્યું હોય તે તે ભોગવવાથીજ અનૃણી થવાય છે. માટે વિચાર કરતાં હવે તો મને હર્ષ થાય છે, તેથી હવે હું શોક નહિ કરૂં. હે યોગીંદ્ર ! હે બાંધવ ! આવા વખતમાં તેં મને સારો બોધ કર્યો." રાજપુરૂષોએ પકડેલા તે ભાઇ બહેનનાં આ કરૂણાજનક વચનો સર્વે પૌરવાસીએ સાંભળ્યા.

એ અવસરે ત્યાં ભયંકર ઉપદ્રવ થયો. અકસ્માત ધરતિકંપ થયો; રજવડે આકાશ વ્યાપ્ત થઈ ગયું; વાયુ પણ ભય પામ્યો હોય તેમ નિશ્ચળ થઇ ગયો; સૂર્ય મંડળ વાયુએ કરી ઘેરાયલું હોય તેમ આકુળ વ્યાકુળ દેખાવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાગ્યું; વૃક્ષો પણ આશ્ચર્ય પામ્યાં હોય તેમ નિશ્ચળ થઇ ગયા. આવો બનાવ જોઇને નગરવાસી સર્વ લોકો હાહાકાર કરતાં, મુખમાં આંગળી નાંખી રાજાને ઉદ્દેશીને બોલવા લાગ્યા "હે દુષ્ટ! હે પાપિષ્ટ! દયાહિન! મહા નાસ્તિક! સ્ત્રી, વૃદ્ધ, બાળ ને પશુઓનો ઘાત કરનાર! કૌલમતના ભક્ત અને પાપમાં આસક્ત એવા મારિદત્ત રાજા! અમારા કમનશીબે તું રાજા થયો છે. અમે મરી જઇએ છીએ! શું કરીએ? કયાં જઇએ?"

આવાં આવાં પૌરલોકનાં વચનો સાંભળતા તે રાજસેવકો સાધુયુગળને રાજા પાસે લઇ આવ્યા. તે સાધુના તપના પ્રભાવથી સર્વે દિશા નીવિડ[1] કાદવથી લીંપેલી હોય તેમ વિરૂપ[2] થઇ ગઇ; કૌળ યોગીઓ વારંવાર ક્ષોભ પામ્યા; દુષ્ટ મંત્રીઓએ જીવિતવ્યની આશા છોડી દીધી; મારિદત્ત રાજાએ પણ કરૂણા, કૌતક, જડપણું અને લજ્જા મિશ્રિત દ્રષ્ટિથી તે મુનિ યુગળને જોઇને મનમાં વિચાર કર્યો કે "આ દિવ્યરૂપ ધારણ કરનાર મુનિ યુગળ મહા આશ્ચર્યકારી છે. મેં આવું દિવ્ય સ્વરૂપ કદી પણ જોયું નથી. અહીં તે કયાંથી આવ્યું હશે? મને તે સામાન્ય નથી લાગતું; કારણ કે આ મુનિ યુગળની શાંત અને કાંતિમાન આકૃતિ તથા રમણિક વય જોઇને મારૂં ઘણા વખતનું નિર્દયપણું પણ સદ્ય નાશી ગયું છે અને મનમાં મૃદુતા આવી ગઇ છે. વળી આ કુમાર સર્વ ગુણનો ધરનાર જણાય છે.

૧ બહુ. ૨ નઠારમી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેની આંખો વિશાળ છે, દુર્મતિના મદને મુકાવે એવાં તેનાં સ્કંધ છે; કાર્તિકેય[1] જેવો બ્રહ્મચારી છે; મહા તપસ્યાનો કરનાર છે અને સૂર્યના જેવા તેજથી આ સર્વને આચ્છાદન કરે છે. કદાચ આ અતુળ વિર્યવાળો મુનિ કોપ કરે તો નિર્દય કૌલ યોગીઓવડે કરાતો દેવી પૂજનનો ઉત્સવ ઉપદ્રવથી ભરપૂર થઈ જાય. વળી આ સાધ્વિ જો કે સુવર્ણના જેવા શરીરવાળી છે, શાંત અને વિશાળ આંખવાળી છે, ચંદ્ર જેવા વદનવાળી છે, મદ અને મદનથી[2] રહિત છે, શાંત છે, દાંત છે, તોપણ અમારા મનમાં ભય ઉત્પન્ન કરે છે.” રાજા એ પ્રમાણે વિચારી આશ્ચર્ય સહિત મધુર વાણીથી બોલ્યો “તમે બન્ને પરસ્પર સ્નેહવાળા, શરીર અને ઉમરમાં સરખા, મહા વ્રતના ધારણ કરનારા, એક સ્ત્રી અને બીજો પુરૂષ, દુર્દૈવે કરીને રાક્ષસ જેવો જે હું તેના નગરમાં આવેલા અને યમના ચાકર જેવા મારા સેવકો વડે પકડાયલા કોણ છો? તમારૂ સ્વરૂપ કહો. વળી બાલ્યાવસ્થામાં આવો અઘોર તપ શામાટે આદર્યો છે? તે પણ કહો. મારા મનમાં એ વાતનું બહુ કૌતુક ઉત્પન્ન થાય છે. વળી તમારા બન્નેનું ધૈર્ય અને લાવણ્ય જોઇને મને હૃદયમાં બહુ આનંદ થાય છે. તેથી તમે બન્ને બાળતપસ્વિઓનું નામ પણ સાંભળવા ઇચ્છું છું તમારે જરાપણ બ્હીવું નહિ, આપ કૃપા કરીને અહીં બેસો.”

આ પ્રમાણે કહીને રાજાએ પોતાનું અર્ધઆસન

---

૧. કાર્તિકસ્વામી (શંકરપુત્ર.)    ૨ કામદેવ.

P.P. Ac. Gunratnasuri M.S.    Jun Gun Aaradhak Trust

તેમને બેસવા આપ્યું; જો કે કુસંગતિના ભયથી તેઓનું મન ત્યાં બેસવા થતું નહોતું, પણ ચારે તરફ જીવોની દુઃખી અવસ્થા જોઈ, જીવદયાનો લાભ થવાનું કારણ જાણીને બંને ઉચિત સ્થાનકે બેઠા; પછી મારિદત્ત રાજાને તેના પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે "હે મહારાજ! અમારૂં નામ વિગેરે જાણવાનું તમને કૌતુક થાય છે તે યોગ્ય છે કારણ કે 'સામાન્ય છદ્મસ્થ પ્રાણીઓ કોઈ પણ વસ્તુ સ્વયમેવ જાણી શકતા નથી; બીજા પુરૂષોને મુખેથી સાંભળીનેજ જાણે છે.' પણ હે રાજન્! દરેક ભવે નવી નવી યોનિમાં ઉત્પન્ન થતાં જીવોનું નામ અને ગોત્ર[1] એક હોતું નથી કે તે નિર્ધારીને નામ આપી શકાય. વળી હે રાજા! મારૂં નામ જાણવાથી તને શું સિદ્ધિ છે? તેં આ બિચારા જળમાં સ્થળમાં[2] આકાશમાં ફરનારા જીવોને મારવા માટે એકઠાં કર્યા છે તેમાં તું કોનાં કોનાં નામો જાણે છે? કદાચ તું લોકાચારથી પૂછતો હોય તો પણ અમે તો લોકોત્તર આચારમાં રહેલા અને રાજા અને રંકમાં સરખા મનવાળા છીએ તેથી અમને તે કહેવું યોગ્ય નથી વળી તેં તપસ્યા આદર્યાનું કારણ પૂછ્યું તો તે પણ સાંભળવાને તારો આ અવસર નથી, કારણ કે અત્યારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સર્વે ધર્મ ગોષ્ઠી । વિરોધીછે. એક દિશામાં દુર્ગંધી મદિરાથી ભરપૂર વાસણો પડયાં છે, બીજી દિશામાં માંસનો ઢગલો છે, કોઈ જગ્યાએ મુર્છા પામેલાં, બાંધેલાં અને દીન લોચનવાળાં પ્રાણીઓ કંઠ શોષે કરીને

૧ કુળ. ૨ પૃથ્વી ઉપર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેમની જીભો તાળવે ચોંટી ગઈ છે એવાં-દુઃખ સહન ન કરી શકવાથી પ્રાણને તજી દે છે, કોઇ જગ્યાએ દોરડે બાંધેલાં, પોતાની ભાષામાં વારંવાર પ્રાર્થના કરતાં અને વિવિધ પ્રકારની વ્યથાનો અનુભવ કરતાં પ્રાણીઓ દીન દ્રષ્ટિથી તારી સામું જુએ છે અને મનમાં તને નિંદે છે. હે રાજા! સર્વે સંસારી પ્રાણીઓ સુખની ઇચ્છાવાળાં અને દુઃખના દ્વેષી હોય છે. તે તો તને અનુભવ સિદ્ધ છે; તો પછી આ નિરપરાધીઓનાં પ્રાણ તું શા માટે લે છે? જે પ્રાણી શસ્ત્રથી રહીત હોય, યુદ્ધ કરવા સામો ન આવ્યો હોય, અને દાંતે કરી તરણું લેતો હોય તેને હણવામાં વીરત્વ નથી પણ નીચપણુંજ છે. અથવા બહુ શું કહેવું? આ દુનિયામાં કોઇનું એક છત્ર રાજ્ય જણાતું નથી અને કોઈ શરણ કરવા યોગ્ય પણ જણાતું નથી; કેમકે જો કોઇ એક રાજા હોયતો બળવાન મૂર્ખોથી પશુ હણાયજ કેમ? વળી જે પ્રાણીઓ ધર્મને અર્થે પશુને મારે છે તે મહા મૂર્ખ છે; તે જીવવા માટે અગ્નિમાં પેસે છે; કારણ કે જીવઘાતથી કદી પણ શાંતિ થતી નથી. યદુક્તં

अहो नु खलु नास्त्येव, जीवघातेन शांतिकं
मूढत्वाप्रयुक्तेन. कुपथ्येनेव पाटवम् ॥ १ ॥
अशांतिं प्राणीनां कृत्वा, कः स्वशांतिकामिच्छति
इभ्यानां लवणं दत्वा, किं कर्पूरं क्रिलाप्यते ॥ २ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

यो हि रक्षति भूतानि, भूतानामभयप्रदः।
भवे भवे तस्य रक्षा, यद्दत्तं तदवाप्यते ॥ ३ ॥

ભાવાર્થ—મૂઢ વૈદ્યે બતાવેલા કુપથ્યથી જેમ આરોગ્યતા પ્રાપ્ત થતી નથી તેમ જીવઘાતથી શાંતિ થતી નથી. ૧ પ્રાણીને અશાંતિ કરીને શાંતિ કેમ મેળવાય? કેમકે વેપારીને મીઠું આપીને તેના બદલામાં કપૂર કેવી રીતે લેઈ શકાય? ૨ જે અભયદાન આપનાર મનુષ્ય પ્રાણીઓનું રક્ષણ કરે છે તેની ભવોભવમાં રક્ષા થાય છે કારણ કે જે દઈએ છીએ તેજ પાછું મેળવી શકાય છે. ૩

"વળી હે રાજન્! કુબોધરૂપી બીજમાંથી ઉત્પન્ન થયેલાં હિંસારૂપી વૃક્ષનાં ફળ આ ભવમાં બહુ પ્રકારનાં રોગો, અલ્પ આયુષ્ય, પંગુપણું, કુબડાપણું, કુષ્ટિપણું, અંધપણું, કુરૂપપણું, અને પરભવે કુગતિમાં ગમન એ થાય છે. તેથી જે પ્રાણીઓ ચિંતામણિ રત્ન તુલ્ય દયા ધર્મ તજીને કાચના કટકા સરખી હિંસા અંગીકાર કરે છે તેઓનું પંડીતપણું જાણ્યું! જ્ઞાની તો તેઓને મૂર્ખ શિરોમણિ કહે છે; વળી જે પ્રાણીઓને પિશાચ દેવબુદ્ધિથી પૂજય છે, જેના ગુરૂ કૌલ છે, જેનો ધર્મ હિંસામય છે, અને જેનો મોક્ષ પાંચ ઈંદ્રિયોના વિષય ભોગ છે, તેઓએ તો આ દુઃખે કરીને મળે એવો મનુષ્યભવ નિરર્થક ખોયો છે. વળી હે રાજન્! સાંભળ: પૂર્વ કાળમાં કોઈ પણ મનુષ્ય પોતાના વિઘ્નના નાશને માટે પશુનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માંસથી દેવી પૂજન કરીને તેમજ યોગિની સમૂહને તૃપ્ત કરીને અજરામર થયો છે? અથવા થવાનો છે? રામ, હરિશ્ચંદ્ર, પાંડવો વિગેરે મોટા મોટા રાજા થઇ ગયા તે શું યોગિની સમૂહને તૃપ્ત કરવાથી તેવા થયા હતાં? તું તારા મનમાં વિચાર કર, ભ્રમણાં છોડી દે. આ દુર્બળ પ્રાણીઓને તેં બાંધ્યા છે અને તેઓના પ્રાણનાશથી તું પોતાનાં પ્રાણ રાખવા ઇચ્છે છે પણ તે તારૂં દુરાચારીપણું છે. પહેલાં એવા શિષ્ટાચારવાળા રાજાઓ થઇ ગયા છે કે જેઓએ પરપ્રાણના રક્ષણ માટે પોતાના પ્રાણ પણ અર્પણ કર્યા છે.

शिबिः पारावतं त्रातुं, सर्पं जीमूतवाहनः ।
आत्मनो देहमपि हि, तुलायामध्यरोपयत् ॥ १ ॥

" શિબિ રાજાએ પારેવાને બચાવવાને માટે અને જીમૂતવાહન રાજાએ સર્પને બચાવવા માટે પોતાના દેહને પણ ત્રાજવામાં આરોપણ કર્યો."

"બહુ કહેવાથી સર્યું. હે રાજન્ આ સર્વ જીવોનો ઘાત મારી પાસે થવાનો છે પણ જીવઘાતનાં પાપથી હું તપસ્વિપણું પામ્યો છું. એ તારા પ્રશ્નનો ઉત્તર છે. વળી હે નિર્દય! શાસ્ત્રોમાં પણ " કુબુદ્ધિવાળા માણસો, સારા માણસોથી અનાદર પામવા યોગ્યજ છે" એમ કહ્યું છે, તેથી પાષાણ જેવા તારા હૃદયને હું રોકવા નથી ઇચ્છતો. કદાચ જેમ પાલક ઉપર સ્કંદાચાર્ય ગુસ્સે થયા હતા, તેમ તારા ઉપર હું ક્રોધે ભરાઉં તો તને પુત્ર બાં-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થવ સહીત ભસ્મ કરી નાખું, તું ક્ષણ પણ જીવી શકે નહિ, પણ હું મારો આગલો ભવ સંભારીને હિંસાથી બહુજ બીઉં છું. મેં પુર્વે ભવમાં સ્વલ્પ હિંસા કરી હતી પણ તેના વિપાકથી હું સાત ભવ સુધી સર્વ ઠેકાણે શસ્ત્રથી ખંડ ખંડ થતો અને આર્ત્તધ્યાન કરતો ઘણોજ દુઃખી થયો છું. તે સાત ભવમાં જે જે અકૃત્ય, જે જે અજ્ઞાન, જે જે દુઃખ અને જે જે મરણ મેં સહન કર્યાં છે તે તે મુખેથી કહી શકાય એમ નથી; જ્ઞાનીજ તેનું સ્વરૂપ જાણી શકે એમ છે. અહો થોડી હિંસાથી પણ મારે એટલું સહન કરવું પડયું તો તું પાપી અને નિર્દય થઇને ઘણા જીવોનો નાશ કરે છે, ત્યારે તારી શી ગતિ થશે ? તે હું જાણતો નથી. કેટલાક જીવો કર્મનું ફળ સાંભળીને દુષ્કર્મથી નિવર્તે છે, કેટલાક કર્મના વિપાક જોઇને વૈરાગ્ય પામે છે, પણ હું તો કર્મનું ફળ સાક્ષાત્ અનુભવીને નિવર્ત્યો છું. હું આ ભવમાં રાજકુળમાં ઉત્પન્ન થયો હતો અને ભોગમાં આસક્ત હતો, પરંતુ જાતિસ્મરણ જ્ઞાન થવાથી પૂર્વે અનુભવેલો કર્મનો વિપાક જાણીને યુવાન છું તોપણ તપસ્યા કરૂં છું. મને તો પૂર્વે કરેલા જીવઘાતનું મહા કટુક[1] ફળ પ્રાપ્ત થયું છે. હવે તું કઇ દુષ્પ્રાપ્ય[2] વસ્તુ મેળવવા માટે દુષ્ટ કામમાં શ્રમ કરે છે તે કહે. તને બળતા અંગારાના પ્રવાહમાં અવગાહન કરતો જોઇને મને પુર્વે અનુભવ કરેલાં તીવ્ર દુઃખનું સ્મરણ થાય છે."

આ પ્રમાણે કહીને મુનિ મૌન રહ્યા એટલે રાજા પણ

૧ કડવું. ૨ દુઃખે કરીને મેળવી શકાય એવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભયે કરીને કંપવા લાગ્યો. તે અવસરે તે રાજાનાં હૃદય-માંથી મહામોહ ક્ષય પામવાને લીધે તેમાં પ્રબોધે નિવાસ કર્યો, તેથી તે રાજા બે હાથ જોડી મસ્તક ભૂમિ પર્યંત નમાવી મુનિને વીનંતિ કરવા લાગ્યો કે—"હે મુનિ! આપે કહ્યું તે યથાર્થ છે. આપના વચનથી હું હર્ષ પામ્યો છું અને જિનેંદ્ર ભાષિત ધર્મ સાંભળવા ઇચ્છું છું. તમારા પક્ષ અને હેતુથી યુક્ત, દૃષ્ટાંત અને આગમથી શોભીત, પ્રદિપરૂપ કલિકાએ દિપ્તિવંત શુદ્ધ વચનોથી હું બોધ પામ્યો છું. આપના શરીરની આકૃતિથીજ મેં જાણ્યું છે કે તમે નૃપના પુત્ર છો, તો હે મુનિશ્રેષ્ઠ! હવે મને તમારો અનુભવેલો વૃત્તાંત કહો. તમે કેવી રીતે હિંસા કરી? કેવી રીતે ભવમાં ભ્રમણ કર્યું? કેવી રીતે ખરાબ મરણને પ્રાપ્ત થયા? ભવભવમાં કેમ શસ્ત્રાદિવડે ખંડના પામ્યા? તમને કેવી રીતે જાતિસ્મરણ જ્ઞાન થયું? અને કેવી રીતે ધર્મ કરવો? અને મોક્ષ કેવી રીતે મેળવવું? તે પણ કહો. આ સઘળું હે તપોધન! મને વિનિતને કહો. હું હાસ્યથી પૂછતો નથી, એમ પૂછતો હોઉં તો મને એકવીશ વાર સોગન છે."

રાજાનાં આવાં વચન સાંભળીને મુનિ બોલ્યાં "હે રાજન! તું ક્ષણમાત્રમાં વિનિત કેમ થઇ ગયો? અને આ તારો મર્કટ વૈરાગ્ય જણાય છે, તેથી અસ્થીર ચિત્તવાળા તારી પાસે શું કહેવું? કારણ કે અજ્ઞાનીની પાસે વિશિષ્ટ[1]

---

[1] ઊંચા પ્રકારનાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધર્મનું કથન અરણ્યરૂદન[૧] પેઠે નિરર્થક છે, કહ્યું છે-

रुदितमिदमरण्ये, खंडनं तत्तुषाणां ।
नभसि नियतमेतं, निष्ठुरा मुष्टिघाताः ॥
मृतकवपुषि पूजा, मंडनं चांधवक्त्रे ।
यदविबुधजनानामग्रतो धर्मवादः ॥ १ ॥

ભાવાર્થ—મૂર્ખ આણસની પાસે ધર્મનું કહેવું તે જંગલમાં રૂદનની જેમ, ફોતરાંને ખાંડવાની જેમ, આકાશમાં કઠોર મુષ્ટિઘાતની જેમ, મૃતકદેહની પૂજાની જેમ અને અંધ મનુષ્યનાં મુખને મંડન કરવાની જેમ નિરર્થક છે.

તેટલા માટે હે રાજન્ ! ધર્માદિકના પ્રશ્નથી તું નિવર્ત. અમને વૃથા શ્રમ દીધાથી તારૂં શું સરશે ? તું તારે સુખેથી ભોગ ભોગવ" આ પ્રમાણે મુનિએ કહ્યું એટલે તે રાજા ભ્રમરની પેઠે તે મુનિના ચરણમાં પડીને ઘણા આદર સહિત બોલ્યો "હે પ્રભુ ! મારા ઉપર કરૂણા લાવીને મને શીઘ્ર તે વૃત્તાંત કહો, વિલંબ કરો નહિ; મને બોધીબીજ આપો." મુનિ તે વખતે સર્વ સભાને અતિ ઉત્કંઠિત જોઇને તથા યોગ્ય અવસર જાણીને, રાજા વિગેરેને બોધીબીજની પ્રાપ્તિને અર્થે સમુદ્રના જેવા ગંભીર અને મધુર સ્વરથી બોલ્યા—'હે રાજન્ ! જો તારે સાંભળવાની અંતઃકરણ પૂર્વક ઇચ્છા છે તો બોધની પ્રાપ્તિને માટે બીજી વાર્તાથી સર્યું, ફકત મેં દરેક ભવમાં અનુભવ્યું છે તે ચરિત્રજ સાવધાન મનથી સાંભળ. મારા પૂર્વ ભવ આ પ્રમાણે છે.

---

૧ જંગલમાં રોવું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

मयूरो[१] नकुलो[२] मीनो,[३] मेषो[४] मेषश्च[५] कुर्कुटः[६]।
निहंत्यकुर्कुटंपैष्टं, पापाद्राजा बभूव सः ॥ १ ॥

મોર[૧] નોળીઓ[૨] મચ્છ[૩] બોકડો[૪] પાડો[૫] અને કુકડો[૬] આ જાતિમાં-લોટનો કુકડો મારવાથી બાંધેલાં પાપથી તે રાજા ઉત્પન્ન થયો. (તે એટલે યશોધર નામનો મારો જીવ સમજવો.)

આ મારી બહેનના પૂર્વ ભવ આ પ્રમાણે—

श्वा[१] सर्प[२] शिशुमार[३] श्च, अजा[४] महिषश्च[५] कुर्कुटी[६]।
निहत्य कुर्कुटं पैष्टं, पापान्माता बभूव सा ॥ १ ॥

કુતરો,[૧] સર્પ,[૨] શિશુમાર,[૩] બકરી,[૪] પાડો,[૫] અને કુકડી[૬] આ પ્રમાણે લોટના કુકડાને મારવાથી બાંધેલા પાપથી તે માતા છ ભવ પામી. (તે એટલે યશોધરની માતા ચંદ્રમતી જાણવી.)

હવે વિસ્તારથી તે વૃત્તાંત મુનિમહારાજ કહે છે અને રાજા તથા બીજા સામંત વર્ગ સાંભળે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# श्री यशोधर चरित्र.

અવંતી દેશમાં, ધન ધાન્ય વિગેરે સમૃદ્ધિથી ભરેલી, મોટાં તોરણો અને થાંભલાથી શોભતાં જૈન મંદિરોથી મંડિત, નાની નાની ઘંટડીઓનાં રણકારથી સંયુક્ત પતાકાવડે વિરાજિત, અનેક કોટિધ્વજોનાં મંદિરોથી શોભીત, ઉદ્યાન, વન, વાવ, કુવા, સરોવર, પ્રાકાર, ખાઈ, કિલ્લો અને પ્રતોલી (દોઢી) થી વિંટાએલી, સર્વ ધર્મથી યુક્ત, વિશાળ, પ્રસિદ્ધ અને પ્રાચીન ઉજ્જયિની નામે નગરી છે.

તે નગરીમાં વંશપરંપરાથી ઉતરી આવેલ, મહા ઉજ્જસ્વી, તેજસ્વી, ધૈર્ય, ઔદાર્યાદી ગુણયુક્ત, શુદ્ધ કુળનો, મનોજ્ઞ આકૃતિવાળો, ભોગમાં ઇંદ્ર સમાન, લક્ષ્મીવાન, અને નીતિવાન, અમરદત્ત રાજાનો પુત્ર સુરેંદ્રદત્ત નામે રાજા છે; તેનું બીજું નામ યશોધર છે. તેના રાજમાં સર્વ પ્રજા પ્રાયે સર્વ પ્રકારનાં ઉપદ્રવ, ભય, રોગ, દુકાળ અને રાજપુત્રકૃત ઉપદ્રવાદિથી રહીત અને આનંદથી ભરપૂર હતી. ગાયો સ્વાદિષ્ટ અને બહુ દુધ દેતી હતી, વૃક્ષો સદા ફળેલાં રહેતાં હતાં, નદીમાં પાણીની તંગી પડતી નહોતી અને તે રાજાએ સર્વ શત્રુઓને હરાવેલા હોવાથી એક છત્રી પૃથ્વી કરેલી હતી. ચંદ્ર જ્યોત્સ્નાની પેઠે તેની કીર્તિથી આખું જગત ધોળું થયેલું હતું (એટલે તેની કીર્તિ આખી દુનિયામાં પથરાઇ ગઈ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતી ); વળી તે રાજાને સમુદ્રના તરંગની જેવા પવન-વેગી ઘોડાની તો ગણના નહોતી; મેઘયુક્ત આકાશની જેવા અને અંજનગીરિ તુલ્ય પ્રભાવાળા મદ ઝરતા મોટા ગ-જેંદ્રોથી ઘણી ભૂમિ છવાઇ ગઇ હતી. તેનું પદાતિ[૧] લશ્કર પવનની પેઠે સર્વ ઠેકાણે સંચરણ કરતું હ-તું અને અન્ય માણસોથી ન જઇ શકાય એવી ભૂમિ પણ જીતી લેતું હતું. એવી ઘણા પ્રકારની સમૃદ્ધિથી તે રાજા શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધ એ પંચેંદ્રિયોના વિષયો યથાવસરે ભોગવતો હતો ( તે હું પંડ હતો[૨] ) અને પૂર્વ પુણ્યના ઉદયથી શ્રેષ્ટ પદવી પામીને હું રાજા થયો હતો. તે વખતે હું ઐશ્વર્ય સુખમાં આસક્ત થઈ દેવત્વ સુખથી પણ નિસ્પૃહ થઈ સુખે કાળ ગમાવતો હતો. દિવસ કે રાત્રી, ઉદય કે અસ્ત કાંઇ પણ જાણતો નહોતો.

મારે નયનને આનંદ દેનારી, રમણીય અંગોપાંગ-થી શોભીત અને સ્નેહથી ભરપૂર નયનાવળી નામની બહુ વલ્લભ પટ્ટરાણી હતી. હું ક્ષણ પણ તેણીનો વિયોગ સહન કરી શકતો નહોતો. તે રાણીની સાથે આરામ[૩]માં વિહાર, પુષ્પનું ચુંટવું, પાણીમાં ક્રિડા કરવી, હીંડોળા-પર હીંચકવું, મદ્યપાન કરવું વિગેરે અનેક પ્રકારના વિલાસ કરતાં મારો ઘણો કાળ નિર્ગમન થયો. અનુક્રમે તે રાણીની કુક્ષીથી ગુણધર નામે પુત્ર થયો. આ બાળક મારા આ-

૧. પાળા. ૨ આ પ્રમાણે મુનિ મારિદત્ત રાજા પાસે પો-તાની વાત કરે છે તેજ મુનિ યશોધરનો જીવ છે. ૩ વાડી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ કુળનો ઉદ્ધાર કરશે, એવા વિચારથી મને તેના દર્શનથી બહુ આનંદ થયો. એવી રીતે હું પુત્ર કલત્ર[૧] મિત્ર વિગેરેમાં આસક્ત થઇ મુક્તિ પદના દેનાર વિતરાગ ભગવાનને મનથી પણ યાદ કરતો નહોતો. એક દીવસ હું કોતુકથી તે સ્ત્રીની સાથે ગોખમાં બેઠો હતો અને તે સ્ત્રી મારા મસ્તકના કેશમાં ફુલ ગુંથતી હતી તેવામાં તે સ્ત્રીએ અર્ધા પાંડુર[૨] રંગવાળો એક વાળ લઇને મારી પાસે મૂકયો. હું પણ આ યમદૂત આવ્યો એમ વિચારીને મનમાં આશ્ચર્ય પામ્યો, અને સંસાર સાગરથી ભય પામી, વિષયજાળથી વિરક્ત થઈ વિચારવા લાગ્યો કે 'અહો! આ જીવ વિષયસુખથી કદી પણ પરાઙ્મુખ થતો નથી! ઇંધનથી જેમ અગ્નિ તૃપ્ત થતો નથી તેમ આ જીવ અનાદિ સંસ્કારવડે માની લીધેલાં સુખથી તૃપ્ત થતો નથી. વળી આ કામ ભોગ જેમ જેમ સેવાય છે તેમ તેમ જીવને તે નવા નવા લાગે છે, પણ તત્ત્વથી તે અપૂર્વ નથી તેથી તેમાં વારંવાર પ્રવૃત્તિ કરવી તે ચર્વિત ચર્વણ[૩] ન્યાયથી અયુક્ત છે. કારણ કે—

जीवित्वा सुचिरं लोके, किमपूर्वंविलोक्यते ।
दीवसो रजनी संध्या, वर्षाग्रीष्मस्तएव हि ॥ १ ॥

'આ લોકમાં ઘણા કાળ સુધી જીવીને પણ માણસ નવું શું જુએ છે? દીવસ, રાત, સંધ્યા, વરસાદ અને તડકો.

૧ સ્ત્રી. ૨ અર્ધા ધોળા થયેલ. ૩ ચાવેલું ફરીથી ચાવવું તે—(ન્યાય).

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એમ વારંવાર તેનું તેજ દેખે છે. અર્થાત્ નવું કાંઇ દેખતો નથી.' વળી—

द्वादशारमिदं चक्रं, तदेव परिवर्त्तते,
भ्रमन्ति यत्र भूतानि, स्थावराणि चराणि च ॥ २ ॥

('ઉત્સર્પિણી અને અવસર્પિણીના મળીને) બાર આરાનું ચક્ર તેનું તેજ વારંવાર પરાવર્તન કર્યાં કરે છે. જે ચક્રમાં સર્વ પ્રાણીઓ-સ્થાવર અને ત્રસ-ભમ્યા કરે છે.'

बालस्य मातुस्तनपानकृत्यं,
यूनो वधूसंगमएव तत्त्वं ॥
वृद्धस्य चिंताचलचित्तवृत्ते,
रहो न धर्म क्षण एक पुंसाम् ॥ ३ ॥

'બાળપણમાં માતાનું સ્તનપાન કરે છે, યુવાવસ્થામાં સ્ત્રી સંગનેજ તત્ત્વ માને છે, અને વૃદ્ધપણામાં ચિંતાએ કરી મનોવૃત્તિ ચળીત રહ્યાં કરે છે; અહો! મનુષ્ય એક ક્ષણ પણ ધર્મ કરતો નથી.

यौवनं जलतरंग चंचलं,
जीवितं जलदजालसन्निभं ॥
संगमाः कपटनाटकोपमा,
हंत दुस्तरतरो भवोदधिः ॥ ४ ॥

યૌવન પાણીના મોજા જેવું ચંચળ છે; જીવિત વાદળોનાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમૂહની જેવું છે અને અનેક વસ્તુઓનો સગમ કાર નાટકના જેવો છે. તેથી અહો! આ ભવરૂપી સમુદ્ર દુઃખે કરીને તરી શકાય એવો છે.

निगृह्य केशेषु निपात्य दंतान् ,
बाधिर्यमादाय विधाय चांध्यं ॥
कामान् बलादेव जरा हिनास्ति,
स्त्वनैव नो मुंचति पूर्वमेव ॥ ९ ॥

'જ્યારે જરા (વૃદ્ધાવસ્થા) પ્રાપ્ત થાય છે ત્યારે તે આ પ્રાણીને કેશવડે પકડીને પ્રથમ તો તેના દાંત પાડી નાંખે છે. પછી બહેરાપણું લાવે છે, પછી અંધપણું કરે છે અને પછી બળાત્કારે કામનો નાશ કરે છે; પરંતુ આ મૂઢ પ્રાણી પોતાની મેળે ઘડપણ પ્રાપ્ત થયા અગાઉ-તેને (સાંસારિક વિકારોને) મૂકતો નથી' પ્રાણીઓને પરલોક ગમન (મૃત્યુ) વગર કહે અચાનકજ પ્રાપ્ત થાય છે, માટે મરણકાળ પહેલાં કાંઇપણ પરલોકમાં કામ આવે તેવું સત્કૃત્ય (પુણ્ય) રૂપ ભાતું કરી રાખ્યું હોય તો સારૂં, કારણ કે મરણ પછી કાંઇ પણ કાર્ય સિદ્ધ થઇ શકતું નથી. તેટલા માટે હું જલદી રાજ્ય તજી દઇ, શુદ્ધ સાધુનો વેષ લઇ તપોવનમાં જઇ આત્મકાર્યની સાધના કરૂં. કારણ કે મારા પૂર્વજોએ જો કે ભોગ ભોગવીને વ્રત ગ્રહણ કર્યું હતું, પણ ધોળો વાળ જોઇને પછી ગૃહણ કર્યું હતું એમ નહોતું! હું તો મહા પ્રમાદી છું કે હજુ સુધી વિષયરૂપ કાદવમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્યો છું! માટે શુભ લક્ષણવાળા આ કુમારને પટ્ટાભિષેક કરી, ત્રણ દિવસ પછી સગાવહાલાંનો સંગ મૂકી ભિક્ષાચર, વનભૂમિમાં સુનાર, સમાધિમાં લીન, જેને શત્રુ અને મિત્ર સરખાં છે તેવો, નિરંજન, નિર્વિષયી અને નિસ્પૃહ થઈ તપસ્વીનો ધર્મ અંગીકાર કરી, ઘણા આનંદને દેવાવાળું મોક્ષપદ મેળવવાની ઈચ્છાથી વ્રત ગ્રહણ કરીશ,, આ પ્રમાણે મેં વિચાર કર્યો.

હે રાજા[૧] તે વખતે નયનાવળી રાણી મને દિક્ષા ગ્રહણ કરવાની ઇચ્છાવાળો જોઇને દીનવદન કરી બોલી" હે પ્રાણનાથ! હું ભય પામું છું. હું તપસ્વીની આપના આવા વિચાર જાણી હણાઈ ગઈ છું, હે સ્વામિ! અકસ્માત્ તમે કેમ વિરક્ત થઇ ગયા છો? હે પ્રાણપ્રિય! તમે શસ્ત્ર તજીને વનમાં જશો ત્યારે આ અનાથ પ્રજાનું કોણ રક્ષણ કરશે? વળી હજુ આ તમારાં ખોળામાં રહેલ ગુણધર કુમાર પણ બાળક છે, તેના માથા ઉપર રાજ્યનો ભાર મૂકીને તમે શું સુખ મેળવવા ઇચ્છોછો? અથવા આવા સંસારને વધારનારાં મોહથી ભરપૂર વાકયોથી તમને શા માટે અંતરાય કરવો જોઇએ? હે રાજેંદ્ર! તમે સર્વ પ્રકારના ભોગો ભોગવ્યા છે તેથી હવે તમારૂં કાર્ય સાધો. હું મુક્તિ માર્ગે ચાલનારા આપની અગ્રગામિની[૨] થઇશ, કારણ કે મારૂં સર્વસ્વ તમે પતિજ છો. મારે તો દિવસે, રાત્રે, સુખમાં, દુઃખમાં, ભુવનમાં, વનમાં, સ્વપ્નમાં, અને જાગ્રતાવસ્થામાં તમારૂંજ શરણ છે."

૧ મારિદત્તને મુનિ કહે છે. ૨ પ્રથમ જનાર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે તેં સ્ત્રીનાં વચન સાંભળીને શોક કરતો હું આ પ્રમાણે બોલ્યો. "હે હરિણાક્ષિ! તું એમ બોલ નહિ. અકસ્માત સાહસ કર નહિ. કારણ કે તારૂં શરીર સિરીષપુષ્પ જેવું કોમળ હોવાથી તપ કરવામાં અસમર્થ છે. વનવાસ, ભૂમિશયન, ટાઢ, તડકો પવન વિગેરે સહન કરવાં, ભિક્ષા માગીને આહાર કરવો, ગુરૂની આજ્ઞા પાળવી, જીવિત પર્યંત સ્નાનાદિ કરવું નહિ, લોચ કરાવવો વિગેરે મુનિપણાનાં મુખ્ય કૃત્યો હોવાથી તપ (ચારિત્ર) તરવારની ધારા તુલ્ય અતિ મુશ્કેલ છે; સુખે કરીને સાધી શકાય તેમ નથી. વળી આ ગુણધર કુમાર હજી બાળક છે. હું સંસારતજીને જઇશ ત્યારે તારા વિના તે એકલો કેમ રહેશે? તેટલા માટે હે દેવી! તારે તો અહીં રહી પુત્રનું યત્નથી રક્ષણ કરવું તેજ ઉચિત છે, જેથી હું સર્વ પ્રકારે નિશ્ચિંત થઇને વનવાસમાં જઈ શકું."

મારાં વચનો સાંભળીને તે સ્ત્રી બોલી "હે સ્વામિ! મારે તો રાજ્યનું, પુત્રનું, સુખનું અને કોઈનું પ્રયોજન નથી; હું તો તમારી સાથેજ આવીશ."

આવી રીતે આ દેવીએ પણ મારી સાથે આવવાનું અંગીકાર કર્યું, મારૂં હૃદય વિષયબુદ્ધિથી વાર્જિત થયું હતું, તેથી એવાં નિર્મળ હૃદયે તે સ્ત્રી સાથે સુકૃતકાર્યની કથા કરતો હતો, તેવામાં વૈતાલિકે[૧] સંધ્યા અવસર થયાનું

---

૧ ચારણ, ભાટ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જણાવ્યું, ત્યારે મેં એક ઘડી સુધી પરમેષ્ઠિ સ્તવન વિગેરે સંધ્યાવિધિ—વિધિપૂર્વક કરી, પછી કોમળ શય્યામાં સુતો. રાત્રી સુખનિદ્રામાં નિર્ગમન થઇ. સળસકે ખરાબ સ્વપ્ન દેખીને હું જાગ્યો અને સૂર્યોદય સમય જાણીને વિતરાગનાં સ્મરણમાં એક ચિત્તવાળો થઇ, પ્રભાતને યોગ્ય વિધિ કરી, હું સભામાં ગયો. 'મેં આજ ખરાબ સ્વપ્ન દીઠું તેનું શું ફળ થશે? અથવા તો સાધુપણું અંગીકાર કરવાને ઉદ્યમવાળા મારે દુઃસ્વપ્નથી શું?' એવી રીતે હું વિચાર કરૂં છું એટલામાં ચંદ્રમતી અથવા યશોધરા નામની મારી મા ત્યાં આવી. તેને ત્યાં આવતી જોઇને મેં વિચાર્યું કે મારી મા મારા ઉપર ઘણાજ હેતવાળી છે તેથી તે કોઇ રીતે પણ મારો મનોરથ (દીક્ષા લેવાનો) સિદ્ધ થવા દેશે નહિ, પણ મારૂં મન દ્રઢ છે તેથી હું મારૂં ધારેલ કામ કરીશ. એ પ્રમાણે વિચારી 'હે માતુશ્રી! હું તમને નમસ્કાર કરૂં છું' એમ બોલી મેં તેને બેસવા ઉચિત આસન આપ્યું. આસને બેસી તેણીએ મને આશિષ દીધી—

अद्य ते विपदो यान्तु स्फुरंतु तव संपदः ।
त्वं वत्स भूवि नो वाक्यै, रक्षयत्वं सदाप्नुहि ॥

'હે વત્સ! આજ તારી આપદા દૂર થાઓ, અને તારી સંપદા વિસ્તાર પામો; અમારા વચનથી તું પૃથ્વીમાં હમેશાં અક્ષયપણું મેળવ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ત્યાર પછી મારે તેની સાથે કેટલીક વાતચીત થઈ. તે દરમ્યાન હું બોલ્યો 'માતા આજ મેં એક સ્વપ્ન દીઠું છે, તે બોલી 'શું દીઠું છે તે મને કહે.' મે જવાબ આપ્યો 'માતુશ્રા! સ્વપ્ન ઘણું વિપરીત છે આજ રાતના છેલ્લા ભાગમાં સૂર્યોદય પહેલાં મેં સ્વપ્નમાં જોયું કે હું મોટા મહેલને સાતમે માળે મનોજ્ઞ સિંહાસનપર બેઠો છું, ત્યાંથી તમે મને અકસ્માત પછાડયો! હું અથડાતો અથડાતો પહેલે માળ પડયો. મારી પછવાડે તમે પણ પડતાં પડતાં ભોંયતળીએ આવ્યા.' તેની પાસે આટલું સાચુ બોલી મૌન રહ્યો. મારી માએ ફરીથી પૂછયું, 'પછી શું થયું?' ત્યારે મારા કાર્યની સિદ્ધિ માટે મન કલ્પિત આ પ્રમાણે બોલ્યો 'હે માતા! ત્યાંથી ઊઠીને કેશનો લોચ કરી, મુનિવેશ ધારણ કરી, શ્વેત વસ્ત્ર પહેરી, ફરી પાછો હું સાતમે માળ ચડયો. હે માતા! હવે તે પ્રકારનું વ્રત લઇ (જો કે તે વ્રત દુઃખે ધારણ કરી શકાય તેવું અને દુર્જય છે તોપણ) તે સ્વપ્ન સાચુ કરવા ઇચ્છું છું.' આવા પ્રકારનું મારૂં વચન સાંભળીને મારી માતા પોકાર કરી ડાબો પગ ભોંય ઉપર પછાડી બોલી 'હે પુત્ર! કુળદેવતા તારૂં દુઃખ દૂર કરો. વળી વ્રત ગ્રહણ કરવાવડે સ્વપ્નનું પ્રતિકાર કરવા ઇચ્છે છે, તેતો વિશેષે કરીને અમંગળ છે, તેટલા માટે સર્વ જાતિના પ્રાણીઓનાં યુગળ મંગાવી તેમનું કાળિકાને બળીદાન આપી શાંતિકર્મ કર.' આવાં તેનાં વચન સાંભળીને કાનમાં આંગળી નાંખી હું બોલ્યો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કે 'આવું પાપ શાંત થાઓ. હે માતા ફરીથી એ પ્રમાણે બોલશો નહિ. કારણકે જૈનો સ્વપ્નમાં પણ જીવઘાત કરવાની ના પાડે છે; આ પ્રમાણે નિષેધ કર્યો તોપણ તેણીએ બહુ આગ્રહ કર્યો ત્યારે હું બોલ્યો: 'મારૂં મૃત્યુ થાય તો ભલે પણ એ કાર્ય હું કરીશ નહિ.' ત્યારે મારી મા કરૂણ સ્વરે બોલી કે 'હે વત્સ! તું પણ જ્યારે મારૂં માનતો નથી ત્યારે મારે નસીબે ફુટયું!' એ પ્રમાણે બોલતી બોલતી તે મારા પગમાં પડી ત્યારે મેં ગુસ્સાથી આત્મઘાત કરવાને મારા ગળા ઉપર તરવાર મ્યાનમાંથી કાઢીને મૂકી, આ જોઇને સર્વ સામંત, મંત્રી, દંડીદાર વિગેરે હાહારવ કરતાં ઉઠ્યાં અને મારી પાસેથી તરવાર લઈ દૂર મૂકી.

'હે પુત્ર! તારૂં માતૃવત્સલપણું જોયું! બહુ સારો વિનયવાળો જણાય છે!' આ પ્રમાણે કડવાં વચનથી મને ઠપકો આપતી વળી મારી માતા બોલી 'હે વત્સ! તું વિરક્ત થઈ જીવઘાત ન ઇચ્છતો હો તોપણ અત્યારે જે કોઈ પક્ષીનો શબ્દ તું સાંભળ તેવું લોટનું પક્ષી કરીને તારે દેવી પાસે હણવું. હું એટલું માગું છું, આટલું મારૂં વચન તું માન.' તે વખતે તેના અત્યાગ્રહથી અને અલ્પ દોષવાળું કાર્ય હોવાથી મેં તે વચન અંગીકાર કર્યું.

તે સમયે દૂરથી બોલતાં કુકડાનો શબ્દ અમે સાંભળ્યો. મારી માએ તરતજ લોટનો કુકડો બનાવ્યો. તેની ચાંચ તથા ચરણ હળદરે કરી રંગ્યાં લાક્ષના રંગના પાણીનું રૂધિર પૂર્યું, ગેરૂથી રાતી શિખા કરી અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફક્ત ચંદને ચર્ચિત કર્યો. ટુંકામાં તેને એવો કર્યો કે જાણે જીવતો કુકડો ચક્ષુથી જોતો હોય એવો શોભવા લાગ્યો. પછી મારી માતાની પ્રેરણાથી હું મર્દન, તેલ, સ્નાન વિગેરેથી શરીર પવિત્ર કરી, રાતાં વસ્ત્રો ધારણ કરી કાલિકાનાં ભુવનમાં ગયો. તેના ભક્તની પેઠે પુષ્પ, ધૂપ, ગંધ, ચંદન, વિલેપન વિગેરેથી કાલિકાની પૂજા કરી પછી જ્યારે અનેક વાજીંત્રોનો શબ્દ થવા લાગ્યો ત્યારે મ્યાનમાંથી તરવાર કાઢીને મેં તે કુકડાને હણ્યો.

પછી મારી ચંદ્રમતી માતાએ દેવની શેષ[૧] નિમિત્તે તેનું ભક્ષણ કરાવવાની ઇચ્છાથી સિદ્ધકર્મ નામના રસોઇઆને તે કુકડો આપ્યો. તેણે પણ માંસની જેમજ તેને રાંધ્યો. જમવાને અવસરે મારી માતાએ દેવની પ્રસાદી તરીકે તે માંસ મને પીરસ્યું. મેં જો કે તે લોટ હતો તોપણ તેમાં માંસની કલ્પના કરેલી હોવાથી તે ખાવાની ના પાડી. જ્યારે તેણે અત્યાગ્રહ કર્યો ત્યારે હું બોલ્યો, 'હે માતા! માંસ, વીર્ય અને રૂધિરથી નિષ્પન્ન થયેલ હોવાથી તે ઘણું અપવિત્ર છે, તેથી મને તે રૂચતું નથી. હું કાંઈ ગીધ કે શીયાળ નથી કે જેથી માંસ ખાવા તત્પર થઉં. મને તો માંસ દેખવાથીજ ઉલટી થાય છે. 'માંસ' શબ્દનો અન્વય સાંભળ—

यमहं भक्षयाम्येनं स वै मां भक्षयिष्यति ।
इत्यामिषस्य मर्मज्ञै 'मांस' नामान्वयः कृतः ॥

૧ બળિદાન દીધા પછી રહેલ વસ્તુ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હું જેનું ભક્ષણ કરૂં છું તેજ મારૂં ભક્ષણ કરેશે એટલે 'માંસ' એ શબ્દમાં મ કહેતાં 'તે' માં કહેતાં 'મને' ભક્ષણ કરેશે, એવો અર્થ થવાથી આમિષનો અન્વય સંબંધે 'માંસ' એમ કર્યો છે.'

એવી રીતે મેં બહુ કહ્યું તોપણ મારૂં વચન નહીં માનીને તે અકારણ વૈરિણી મારી માતાએ મને હાથવડે રોકી, બહુજ હસતાં હસતાં મારા મોઢામાં તે માંસ નાંખ્યું અને પોતાના મનમાં બહુજ ખુશી થઈ. પછી હું જમીને તાંબુલ, ચંદન, વિલેપન અને માલ્ય[1]થી યુક્ત થયો. સોનાના દંડવાળા ચામર વિંઝાતે સતે તે દીવસ નિર્ગમન કરી સાંજે પરમેષ્ટિ નમસ્કારનું સ્મરણ વિગેરે વિધિ કરીને જ્યારે રાતનો પ્રથમ પ્રહર વ્યતીત થયો ત્યારે મારી સ્ત્રીના અંતઃપુરમાં ગયો. મારી સ્ત્રીએ મારો ઘણો સત્કાર કર્યો. તેની સાથે સુખવાર્તા કરતો કરતો હું શય્યામાં બેઠો, અને તે સ્ત્રીને કહ્યું કે 'હે કાંતા! આવતી કાલે ગુણધર કુમારનો રાજ્યાભિષેક ઉત્સવ છે અને પરમ દીવસે મારે સંયમ લેવું છે, તેથી કાલે કામ બહુ હોવાથી સવારે વહેલાં ઉઠવું પડશે માટે આપણે અત્યારે વહેલાં સુઈ જવું જોઇએ' તે વખતે સ્ત્રીએ બરાબર હોંકારો ન દેવાથી તેને પણ સુવાની ઇચ્છાવાળી જાણીને હું ઉંઘી ગયેલની પેઠે મૌન ધારણ કરી સુઈ રહ્યો.

મારે સંયમ લેવાની ખાસ ઇચ્છા હોવાથી આત્મ-

૧ ફુલની માળા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હિત ચિંતવતો ચિંતવતો હું જરા પણ હલતો ચલતો ન હતો, બોલતો ન હતો અને તેને સ્પર્શ પણ કરતો ન હતો. તે વખતે તે નયનાવળી રાણી આંખ મીંચેલા એવા મને ઉંઘેલો જાણીને પલંગમાંથી ઉઠી અને બીજી તરફ જવા ચાલી.

ત્યારે મેં વિચાર્યું કે આવા ગાઢ અંધારામાં મધ્ય રાત્રે આ સ્ત્રી કયાં જતી હશે? વ્રત ગ્રહણ બહુજ દુષ્કર છે તેથી આ સ્ત્રીનું ચિત્ત ચકિત થયું હશે, અથવા તો હવે પછી થનારો મારો વિરહ વિચારીને તેના શોકથી તે કદી આત્મઘાત કરવા જતી હશે, એમ વિચારી હાથમાં ખડ્ગ લઇ તેનો વિચાર જાણવા માટે પ્રચ્છન્નપણે હું તેની પછવાડે ચાલ્યો.

આગળ ચાલતાં તે સ્ત્રીને નમ્ર મુખવાળી થઇ ઉંઘી ગયેલા અને વારંવાર ગુસ્સે થતા અંતઃપુરના રક્ષક કુબ્જ[1]ને મીઠાં વચનવડે વારંવાર જગાડતી મેં જોઇ! ત્યારે મેં મારા મનમાં ધાર્યું કે, તે મારા માટે કાંઇ પ્રાતઃકૃત્ય[2] આને કહેતી હશે! તે વખતે તે કુબ્જ યામિકે[3] તે સ્ત્રીને કહ્યું 'રે દાસી! આજે મોડી કેમ આવી?' એમ સાંભળી મેં વિચાર્યું કે આ કુબ્જ આમ બોલે છે તેથી શું આ સ્ત્રી અહીં હમેશાં આવતી હશે? કેમકે અર્થાપત્તિ[4]

---

૧ કુબડો. ૨ સવારે કરી રાખવાનું કામ. ૩ પેહેરેગીર.
૪ એક જાતનું પ્રમાણ—જે વડે અમિત રહેલ હકીકત સમજી શકાય છે. એક અર્થ ઉપરથી બીજી હકીકત આ પ્રમાણથી સમજી શકાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વડે પરોક્ષ વાતની પણ પ્રતીતિ થાય છે. અથવા સ્ત્રી ચરિત્રની ગતિ વિષમ છે. નહિતો આ દવ[1]માં બળેલા વૃક્ષના ઠુંઠા જેવો કાળો, કુરૂપ અને અધમ સેવક પોતાના સ્વામીની રાણીને 'દાસી' એમ કહીને બોલાવી શકે? વળી હુ એમ માનું છું કે આખા જગતના લોકને હણવા ઇચ્છતા દૈવે સર્પની દાઢનું ઝેર, યમની જીવ્હા, અને વિષનાં અંકુરા મેળવીને દુષ્ટ સ્ત્રીઓ રચી છે; કારણ કે કામાંધ થયેલી સ્ત્રી પ્રતિષ્ઠાનો તો વિચારજ કરતી નથી; તેમજ સજ્જનપણાને, દાનને, ગૌરવને અને પોતાના તથા પારકા હિતને ગણતી નથી. તેથીજ ચંદ્રની લેખા જેવી કુટિલ, સંધ્યાની પેઠે ક્ષણ રાગવાળી (જેમ સંધ્યાનો રાગ થોડા વખત રહે છે તેમ સ્ત્રીનો રાગ થોડા વખત જ રહે છે ) અને નદીની પેઠે નીચ ગતિવાળી સ્ત્રી છે. તેને સત્પુરૂષોએ ત્યાજ્ય કહી છે અને શાસ્ત્રમાં તેની નિંદા કરી છે; પણ કદાચ આ જડ કુબડો ઉંઘમાંથી ઉઠેલ હોવાથી ભ્રમને લીધે દેવીને નહિ ઓળખીને સામાન્ય પ્રકારે આમ અસંબંધ બોલતો હશે. જાણી જોઇને નહિ બોલતો હોય, કારણ કે જો ઓળખે તો રાજપુત્રી અને મારી પટ્ટરાણીની તે ચાકરની જેમ કેમ અવગણના કરે ?

હું આ પ્રમાણે વિચાર કરૂં છું એટલામાં તે કુબ્જે તે દેવીને (તેનો) ચોટલો પકડીને લાકડી વડે ખૂબ મારી, તોપણ તે દીન વદનવાળી થઇ તેને નમતી નમતી

૧ દાવાનળમાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બોલી 'હે સ્વામી! હે પ્રાણવલ્લભ! હું શું કરૂં? કેમકે હું પરાધિન છું. તેથી તમે પ્રસન્ન થાઓ અને મારો આ એક અપરાધ માફ કરો, ફરીથી હું અપરાધ નહિ કરૂં.' રાણીનાં એવાં વચનથી જ્યારે તેનો કોપ શાંત થયો ત્યારે તે બન્નેએ ભૂમિ ઉપર કોકિલા અને કાગની પેઠે ગાઢ આલિંગન યુક્ત સંભોગ કર્યો. આવું મારા ઘરનું સ્વરૂપ મારી પોતાની નજરે જોઇને મેં હોઠ ફરડતાં કરડતાં અને વારંવાર નિશ્વાસ મૂકતાં મ્યાનમાંથી તરવાર બહાર કાઢી, હાથમાં ધારણ કરી મનમાં વિચાર્યું કે, હું પહેલ વહેલાંતો આ સ્વામી દ્રોહ કરનાર પુરૂષાધમ કુબ્જને મારી નાંખું, કે આ પાપી કલંકી કુલટા સ્રીને મારી નાંખું? એ પ્રમાણે વિચારતાં વળી મારા મનમાં વિચાર આવ્યો કે 'આવું અનાર્ય, વિરૂદ્ધ કર્મ કરીને સ્રીઘાત વિગેરે પાપથી હું શા માટે પરભવ મલીન કરૂં? અને શા માટે સ્વાર્થ ભ્રષ્ટ થઉં? વળી જે ખડ્ગે મહા ભયંકર સંગ્રામમાં શત્રુઓના હસ્તિસમૂહનાં કુંભસ્થળો ભેદીને ભૂમિ મોતિ વડે વ્યાપ્ત કરી છે, તે ખડ્ગ આ દુષ્ટ નારી અને કુબડાનું માથું કાપવામાં લજ્જા પામે છે! તેથી આ વિચારથી સર્યું. પરંતુ આ લોકમાં સ્રીઓ સ્વભાવથીજ સર્વ વિકારનો ભંડાર અને મહા દોષોથી દૂષિત છે એમ પ્રત્યક્ષ જોયું. કહ્યું છે—

अनृतं साहसं माया मूर्खत्वमतिलोभता ।
अशौचं निर्दयत्वंच स्त्रीणां दोषाःस्वभावजाः ॥ १ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અસત્ય, સાહસ, માયા કપટ, મૂર્ખાઈ, અતિ લોભીપણું, અપવિત્રતા અને નિર્દયપણું એટલા દોષો સ્ત્રીઓમાં કુદરતી રીતેજ રહેલાં છે.

આ સ્ત્રી પોતાની મેળેજ કરેલ દુષ્ટ કર્મનું ફળ ભોગવશે. જેમ મલિન ભૂમિની છાંયાને લીધે નિર્મળ ચંદ્ર પણ લાંછન પામે છે તેમ એનો દુરાચાર પ્રગટ કરવાથી તો ખરાબ આચારવાળી માતાને લીધે મારો ગુણધર કુમાર લોકમાં હલકાઇ પામશે, એ બાબતની મને મનમાં બહુ ફીકર થાય છે. જો મેં આ કલંકી સ્ત્રીનો આવો દુરાચાર જાણ્યો ન હોતતો મારું મન જે તેની ઉપરના મોહથી બંધાયલું હતું તે કેમ શિથિલ થાત? તેથી વિચારી જોતાં આ કામ સારૂંજ થયું છે! કારણ કે તેથી કરીને સ્નેહથી શુન્ય થયેલું મારૂં દિક્ષા લેવાનું મન આ સ્ત્રીને પણ સેહેલથી તજી શકશે. પછી હે રાજન્! હું આ પ્રમાણે મનમાં વિચારતો મારા વાસગ્રહમાં આવી વિસ્મયથી નિશ્ચળ થઈ શય્યામાં સુતો અને તરતજ ઉંઘ આવી ગઇ.

સવારમાં બંદીલોકો વડે સ્તુતિ કરાતો હું જલદીથી ઉઠીને સભામાં આવ્યો અને સર્વ પોરવાસીઓ સાથે મોટી ઋદ્ધિથી પુત્રને રાજ્યાભિષેક કર્યો, તે વખતે સધવા સ્ત્રીઓએ મંગળ ગીતો ગાયાં; બ્રાહ્મણોએ આશિષ દીધી; બંદીજનોએ પ્રાર્થના કરી, નટો નાચ્યાં, વેણુ[1] મૃદંગ[2]

---

1 વાંસળી. 2 ઢોલ.

ઝલ્લરી અને ભેરીનો ધ્વનિ પ્રતિધ્વનિ સાથે થયો. દીન લોકોને દાન દીધું, ચોરોને કેદખાનામાંથી છોડી મૂકયા; અને સર્વ દિશાઓમાંથી સામંત રાજાઓનાં ભેટણાં આવ્યાં. આ પ્રમાણે પુત્રનો રાજ્યપ્રદાન ઉત્સવ કરવાથી મારા આત્માને મેં 'કૃતકૃત્ય' માન્યો. મધ્યાન્હ સમયે આનંદથી જ્ઞાતિવર્ગ સહિત ભોજન માટે હું ભોજન મંડપમાં આવ્યો.

તે વખતે તે કુલટા સ્ત્રીએ મનમાં વિચાર કર્યો કે; "સવારના પહોરમાં મારા પતિ જરૂર ચારિત્ર લેશે અને જો હું તેની પછવાડે નહિ જાઉં તો લોકો મને હસશે. પણ આ કુબ્જનો સ્નેહ મારાથી પ્રાણત્યાગે પણ તજાય તેમ નથી. માટે બીજો ઉપાય શું કરવા ચિંતવવો જોઇએ? આજેજ મારે આ રાજાને જરૂર હણવો, જેથી મારાં સર્વ વાંછિતાર્થ સિદ્ધિ પામે. જો કે આ રાજાએ મારૂં કાંઇ પણ બગાડયું નથી, તેથી તેને મારવો તે અયુક્ત છે; વળી જે પુરૂષ નિર્દોષ છે, ઘણાનો ઇશ્વર છે અને જે ધર્મ કરવામાં ઉત્સુક થયેલ છે તેનું અમંગળ કરવાથી જરૂર દુર્ગતિ થાય છે, તોપણ આ કુબ્જનો સ્નેહ અને આ વિષયો જો અત્યારે તજી દઇશ તો પછી સ્વપ્નમાં પણ મળવા દુર્લભ છે, તેથી મારે આ અકૃત્ય પણ કરવું જોઇએ."

સર્વ બંધુ વર્ગે ભોજન કર્યા પછી મેં ભોજન કરવા માંડયું ત્યારે નયનાવળીની દાસી બહુજ સુંદર અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘણી મહેનતથી તૈયાર કરેલાં વડાં લાવી અને 'હે સ્વામી! આ તમારી સ્ત્રીએ તમારે માટે બનાવેલાં મનોહર વડાં ખાઓ' એમ બોલી તેણે તે મારા ભાણામાં મૂકયાં. તે વખતે જે મોર, ચકોર અને કુકડા મારી પાસે હતાં તેઓએ વિષ મિશ્રિત અન્ન જોઇ રૂદન કરવા માંડયું. પણ મારા સમજવામાં ન આવવાથી મેં ભવિતવ્યતાને યોગે તે વિષ મિશ્રિત વડાં ખાઇ જળવડે મુખશુદ્ધિ કરી. પછી પાન સોપારી વિગેરે હાથમાં લઈ ઊંચે આસને બેઠો, ત્યારે તે દુષ્ટ સ્ત્રીએ દીધેલું ઝેર મારા શરીરમાં પ્રસરવા માંડયું. તે ઘણા ભયંકર પરિણામવાળા કાળકુટ ઝેરથી બાણવડે શત્રુઓની જેમ મારી સાતે ધાતુઓ ભેદ પામી ગઇ. શરદ ઋતુમાં મોરનાં પીછાંની જેમ મારા રોમ નિર્મુળ થઇ ચારે તરફ ખરવા માંડયાં. સવારના પવનથી કંપેલ ડાળીઓની કળિની જેમ મારાં દાંત શિથિળ બંધવાળાં થઈ પડવા લાગ્યા. ગ્રીષ્મ ઋતુમાં ગરમીથી કેતકીના અંકુરાની જેમ મારા નખો વિષથી ફાટીને કાળાં થઇ ગયાં તે વિષજ્વરથી આર્ત મારા સર્વે અવયવો બળતાં હોય તેમ સિત્કાર શબ્દ કરવા લાગ્યા. મારી જીભ જડ થઈ ગઇ. મારા કાન બહેરા થઇ ગયા અને અંધાગના પટલથી આંખો આચ્છાદિત થઈ ગઈ.

તે વખતે હું મોટા કારાગ્રહમાં પડેલા બંદીવાનની પેઠે, ઇચ્છા હતી તોપણ સર્વે ઇંદ્રીઓ રૂંધાયેલ હોવાથી, બોલવાને દેખવાને કે સાંભળવાને શકિતવાન થયો નહિ. અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેનાં કેશ છુટા ફરફડે છે, એવો હું મુખમાંથી લાળ પાડતો સદ્ય સિંહાસનપરથી નીચે ઢળી પડયો. તે વખતે મારી પાસે હતા તે સેવકો ભય પામીને 'હા દૈવ! આ શું થઇ ગયું?' એમ બોલ્યા પણ જીભ જડ થઇ ગઇ હતી તેથી હું કાંઈપણ બોલી શકયો નહિ. તે વખતે પ્રવિણ છડીદાર વિષ વિકાર જાણીને દુ:ખથી પોકાર કરતો આ પ્રમાણે ઊંચે સ્વરે બોલ્યો 'હે કુમાર! હે મંત્રી! હે સેવકો! અત્યારે માલવેશ્વર મહારાજ વિષથી પીડિત છે તેથી તમે સત્વર વૈદ્ય મંત્રવાળાઓ વિગેરેને બોલાવી લાવો. કારણ કે અત્યારે મણિ મંત્ર ઔષધિ વિગેરેનો અવસર છે કે જેથી કરીને તત્કાળ મહારાજનું ઝેર ઉતરી જાય' છડીદારનાં આવાં વચન સાંભળી 'અમારા નશીબ ફુટયાં,' એમ બોલતાં સર્વે સગાવહાલાઓ અને નોકર સમૂહથી હું ઘેરાઈ ગયો.

'અહો! આ વૈદ્યોને બોલાવે છે વિગેરે ઠીક થતું નથી' એમ મનમાં શંકા રાખી સ્ખલના પામતી અને જેનાં વસ્ત્રો શરીરપરથી પડી જાય છે એવી તે નયનાવળી રાણી ત્યાં આવી, અને પોતાના હાથથી છાતી કુટતી દીન વદનવાળી થઇ મારા ઉપર પડી; પછી મારા મ્હોં ઉપર પોતાનાં માથાનાં કેશ છુટાં કરીને ગળે વળગી અને ખોટું રૂદન કરતી તે દુષ્ટ સ્ત્રીએ મારે ગળે એવી રીતે અંગુઠો દાબી દીધો કે જેથી પાસે રહેલ કોઇએ પણ તે જાણ્યું નહિ. તે સ્ત્રીએ ગળે પાસ દીધો ત્યારે મેં જે અ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાસ્ય દુઃખ અનુભવ્યું તે મારો આત્મા અને કેવળી ભગવાનજ જાણી શકે. બીજા કોઇને તેનો ખ્યાલ પણ આવી શકે નહિ. તે વખતે ક્રોધથી અંધ અને મોહથી વિહ્વળ થઇ આર્ત્તધ્યાનમાં મેં કાળ કર્યો.

મારી દિક્ષા લેવાની તે ઉજ્વળ ભાવના, તે સંતોષ, તે બુદ્ધિ, અને તે મનોરથ સર્વ રાણીનાં રોવાની પેઠે વૃથા થઈ ગયા. દુર્જય અંતરાય કર્મના ઉદયથી એવા ઉજ્વળ વિચારને પુરા ત્રણ દીવસ ન થયા ત્યાંતો અકસ્માત્ મારૂં મૃત્યુ થયું અને માતાના કહેવા પ્રમાણે તે દુઃસ્વપ્નનો હિંસારૂપ પ્રતિકાર કરવાથી મને તરતજ ફળ પ્રાપ્ત થયું. મારી ચંદ્રમતી માતા મને મરણ પામેલો જોઇને બહુજ દીલગીર થઈ જેથી તેજ વખતે બહુ શોકથી તેણીનું હૃદય ચીરાઇ ગયું, ચક્ષુવડે જાણે જોતી હોય તેમ તેના ચક્ષુ ઉઘાડાંજ રહી ગયાં, હાથ છાતી ઉપર રહી ગયો અને એવી રીતે તેણીએ પણ પ્રાણ મૂકી દીધા.

વાંચનાર! યશોધરનો પ્રથમ ભવ પૂર્ણ થયો. જે માતા ઉપર તેનો અપૂર્વ રાગ હતો તેજ માતા તેનો સંસાર વધારનારી થઇ; અને જે સ્ત્રી ઉપર અત્યંત મોહ હતો, વળી પ્રત્યક્ષ દેખવા છતાં પણ છેવટ સુધી જે સ્ત્રીનું દુરાચરણ માનવાની તેણે ના પાડી હતી તેજ સ્ત્રીએ તેને ઝેર દીધું અને પાછળથી બચાવ થવાનો કાંઇક શક રહેવાથી ગળે ચીપ દીધી. સંસારમાં સંબંધીઓનો સ્નેહ કેવો કૃત્રીમ છે તેનો સહજ ખ્યાલ આ ઉપરથી આવી શકશે. માટે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મોહમાં ન મુંઝાંતાં અંતઃકરણમાં વિચાર કરી સ્વજન વર્ગ ઉપરના રાગથી મુક્ત થવા પ્રયત્ન કરશો. વળી એક નજીવી હિંસાથી યશોધર અને તેની માતાને કેટલું સહન કરવું પડે છે તેનો આ કથાના હવે પછીના ભાગપરથી ખ્યાલ કરી હિંસાથી જેમ બને તેમ નિવર્તવા યત્ન કરશો.

इति श्रीमद्यशोधर चारित्रे नृपस्य जनन्याश्च
प्रथमो भवः

હવે તે મુનિ મારિદત્ત રાજા પાસે બીજા ભવનું સ્વરૂપ કહે છે "હે નરેંદ્ર! હું યશોધર અને તે ચંદ્રમતી માતા લોટના પક્ષીને મારવાના પ્રભાવથી તિર્યક યોનિમાં ઉત્પન્ન થયાં. ત્યાં હું પક્ષી થયો અને તે સ્થળચર જાતિમાં ઉત્પન્ન થઇ. કારણ કે 'કરનારને અને કરાવનારને ઘણું કરીને કર્મવિપાક સરખો થાય છે.' યદુક્તં—

स्वयं मज्जति दुःशीलो मज्जयत्यपरानपि ।
तरणार्थं समारुढा यथालोहमयीतरी ॥

'સમુદ્ર તરવા માટે જેમ લોહમય વહાણ તેમાં બેસનારને બુડાડે છે અને પોતે પણ બુડે છે તેમ દુરાચારી મનુષ્ય આ સંસારરૂપી સમુદ્રમાં પોતે બુડે છે અને બીજાને પણ બુડાડે છે' 'હું હિમાલય પર્વતની નજીકમાં આવેલા પુલિંદગીરિ પર્વતના વનમાં એક ઢેલની કુક્ષિમાં ઉત્પન્ન થયો ત્યાં વર્તુળ અંડક (ગોળ ઇંડાંનાં) સંસ્થા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નવાળો હું જઠરાગ્નિથી પાકતો હતો. પરંતુ તે આકાશમાં ઉડતી હતી અને પૃથ્વીપર પડતી હતી તેથી તેની કુખમાં આઘાત લાગવાથી હું બહુ પીડિત થતો હતો; અનુક્રમે જન્મ પામ્યા પછી લીલી ડોકવાળો અને માથે શિખાવાળો હું સંસ્કારથીજ તે જાતિના આચાર શિખીને મોર થયો.

મારા નાનપણમાં કોઈ પાપી શીકારીએ મારી માને મારી નાખી, પાંખો નહિં આવેલી હોવાથી ચીચિયારી પાડતા એવા મને તેણે પકડયો. વાટકમાં રહેનાર કોટ્ટપાલે પ્રસ્થ[1] પ્રમાણ શકતુ[2] વડે મને વેચાતો લીધો. ઉકરડામાં રહેલ જીવડાઓના આહારથી પોષાતું મારૂં શરીર થોડા વખતમાં પુષ્ટ થયું. મારી પીઠ ઉપર જુદા જુદા રંગનો મણિનાં કિરણ જેવો રમણીય પીછાંનો ગુચ્છો થયો. એક દિવસ કોટ્ટપાલે મને નાટયવિદ્યામાં નિપુણ, મૃદુ સ્વરવાળો અને દર્શનીય જોઇને મારા આગલા ભવના પુત્ર ગુણધર કુમારને ભેટ કરી મોકલ્યો.

જે મારી ચંદ્રમતી માતા હતી તે મરીને કરહાટ દેશમાં ધાન્યપુર નગરમાં એક કુતરીને પેટે કુતરા પણે જન્મી. તે કુતરો વાંકા પૂંછડાવાળો, કૃશ ઉદરવાળો, પીળા રંગનો, તીક્ષ્ણ નખવાળો અને પવનથી પણ વેગવાળો થયો. એક દીવસ તે નગરના સ્વામીએ તે કુતરાને સુંદર

૧ માપ (લગભગ બશેર). ૨ સાથવો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોઇને મોટી ભેટ તરીકે તેજ ગુણધર કુમાર પાસે મોકલ્યો.

તે શ્વાન અને મોર એકજ દીવસે ઉજ્જયિનીમાં આવ્યાં. તેને સભામાં બેઠેલ રાજાની સન્મુખ લાવવામાં આવ્યાં. તે શ્વાન અને મોરને જોઇને પૂર્વ ભવના સંબંધથી તે માળવેશ્વરના નયનકમળ વિકસ્વર થયાં, દેહે રોમોદ્‌ગમ થયો, અને મનમાં બહુજ ખુશી થયો તેથી જે પુરૂષો તેમને ત્યાં લાવ્યાં હતાં તેઓને વસ્ત્ર સુવર્ણનાં ઇનામ આપી રાજાએ વીદાય કર્યાપછી અમને કંઠી વિગેરે ભૂષણો કરાવ્યાં ને તે પોતાની દ્રષ્ટિથી જરા પણ આઘા જવા દેતો નહિ. કુતરાની શુશ્રૂષા માટે 'અકાંડમૃત્યુ' નામના અશ્વપાળને આજ્ઞા કરી, અને મને પક્ષીના પાળનારને સોંપ્યો. તેઓએ અમારી સારસંભાળ કરવા માંડી. એવી રીતે અમે મા અને પુત્ર સારૂં રક્ષણ પામતાં બીજે ભવે પણ સ્વગૃહે આવ્યાં.

કેટલોક વખત ગયા પછી એક દીવસ કૌતુકથી હું (મોર) નાચતો નાચતો અને પાંખો ફફડાવતો ધવળ ગૃહના રત્નમય પક્ષિને રહેવાને સ્થાને ચડી ગયો. ત્યાં અંતઃપુરીઓના મંજીરા વિગેરેથી યુક્ત, વરસાદથી ભરેલ વાદળની જેવો ધીર, નાટ્યશાળામાંથી ઉઠેલો મૃદંગધ્વનિ સાંભળીને ખુશીથી હું પણ નાચવા લાગ્યો. આમ તેમ હું ફરતો હતો એવામાં મેં ગોખના કાણામાં દ્રષ્ટિ કરીને જોયું તો ચિત્રશાળામાં વરની સાથે ભોગ ભોગવતી હોય તેમ કુબ્જની સાથે ભોગ ભોગવતી, પરશેવાથી વ્યાસ શરીર

P.P. Ac. Gunratnasuri M.S.          Jun Gun Aaradhak Trust

ધાળી; અને જેનાં કેશ વિકીર્ણ[1] થઇ ગયેલા છે એવી નયનાવળી રાણીને જોઇ.

તે વખતે હું તેને જોઇને આશ્ચર્ય પામ્યો, અને કોઇ જગ્યાએ આ બન્નેને જોયાં છે એમ વિચારતાં વિચારતાં મને જાતિસ્મરણ જ્ઞાન[2] પ્રાપ્ત થયું. તેથી મેં પોતે અનુભવેલુ પૂર્વભવનું સ્વરૂપ જાણ્યુ એટલે કોપે કરીને હું ઉઠયો અને મારા શરીરનાં પ્રમાણથી અધિક વિસ્તરેલ વીર રસથી આક્રોશવડે શબ્દ કરતો હું ત્યાં દોડયો. ત્યાં જઈ ચાંચના પ્રહારથી નખના તાડનથી તથા પાંખના આઘાતથી તે વૈરિણીને મારવા લાગ્યો. આ પ્રમાણે મેં તેઓના ભોગમાં અંતરાય કરવાથી તેઓએ મને સંયોગવશથી છુટાં પડેલાં આભરણો વડે ખૂબ માર્યો. જેથી હું વિકળ થઇ ગયો, શરીર બંધાઇ ગયું, શ્વાસનો રોધ થઈ ગયો અને ગબડતો ગબડતો દાદરાને રસ્તે પહેલે માળ આવ્યો. ત્યાં ગુણધર કુમાર પાસાથી રમતો હતો. મારી પછવાડે "દોડો દોડો! આ ગરીબ બિચારાને ગ્રહણ કરો! ગ્રહણ કરો!" એવા નયનાવળીની દાસીનાં શબ્દો સંભળાયાં, તેનાં આ સ્પષ્ટાર્થવાળાં વચનો સાંભળીને ત્યાં રહેલ

---

૧ છુટા છુટા.

૨ જેને 'જાતિસ્મરણ' જ્ઞાન થાય છે તે મનુષ્ય પોતાનાં પૂર્વ ભવ પ્રત્યક્ષ દેખે છે. આ પાંચમા આરામાં પ્રાયે તે જ્ઞાન ઉત્પન્ન થતું નથી. આ જ્ઞાન મતિજ્ઞાનનો ભેદ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહુઆળી નામના શ્વાને સ્વામિ ભક્તિથી ઉડીને મને ડોકેથી પકડયો. યતઃ

स्वामिभक्ताश्च शूराश्च दीप्तकार्येषु सोद्यमाः ।

प्रकृत्या सारमेयानां जातिः पातकीनी मता ॥ १ ॥

કુતરાઓ સ્વામિભક્ત, શૂરા અને દીપ્ત કાર્યમાં ઉદ્યમવાળા હોય છે તોપણ તેઓની જાતિ, પ્રકૃતિથીજ પાતકી છે.

લોકોએ ઘણી હાક મારી તોપણ જ્યારે કુતરાએ મને મૂકી દીધો નહિ ત્યારે રાજાએ ક્રોધથી વિચાર કર્યા વગર મને મૂકાવવા માટે સોનાની સોગઠી તે કુતરાને મારી એટલે કુતરાએ મને મૂકી દીધો, પણ હું મુખમાંથી લોહી વમન કરતો ચેષ્ટા વગરનો થઇને ભૂમિપર પડયો. કુતરાના અંગ પણ મર્મપ્રહારથી વિકળ થઈ ગયાં અને આંખ ભમવા માંડી તેથી તે પણ ભૂમિ ઉપર પડયો. એવી રીતે તે ભવાંતરના માતપિતાને અંત્યાવસ્થા પ્રાપ્ત થયેલા જોઈ ગુણધર કુમાર બોલ્યો ( પૂર્વ ભવના સંબંધની ગુણધર કુમારને ખબર નથી. ) 'હે મનોવલ્લભ મોર! હે પ્રાણપ્રિયશ્વાન! મને તમારૂં મરણ માતપિતાના મરણ જેવું દુઃસહ લાગે છે; હે મયૂર! આજ તારા વિના મૃદંગનો ધ્વનિ મેઘની ગર્જનાની જેમ નિર્વિવાદ થઈ ગયો હોય એમ લાગેછે. તથા હે શ્વાન! શુક આકર્ષણના મંત્રની જેમ તું પરલોક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગયો તેથી મારી મૃગયા[1] ની રમત મૂળથી નાશ પામી છે. વળી હે મયૂર અને શ્વાન ! તમે બંને મારા અકારણ બંધુ થયા હતા જેથી અનૃણી એવા તમારા બંનેનું કલ્યાણ થાઓ, તથા હે પુરોહિત, અમાત્ય અને સેવકો ! આ બન્નેનો ચંદન, અગર અને કપૂરથી માતપિતાના દેહની જેમ અગ્નિ સંસ્કાર કરો. તથા પહેલાં જેમ પિતા અને માતાને નિમિત્તે દાન દીધું હતુ તેવી રીતે આ બન્નેની દુર્ગતિનો નાશ કરવા માટે દાન પણ આપો.'

તેનાં આવાં વચન સાંભળીને જો કે કંઠ સુધી પ્રાણ આવ્યાં હતાં, તોપણ મેં વિચાર્યું કે ' આ ગુણધર કુમાર માવીત્રની જેમ અમારી સદ્‌ગતિને માટે દાન આપે છે, પણ હું તો શ્વાનથી ભક્ષાયેલો તિર્યંચ ગતિમાં ભમું છું. પુત્રનું દીધેલું કાંઈ મને પહોંચતું નથી. પણ હું શું કરું ? મારી કાંઇ માનુષી ભાષા નથી જેથી સ્વહિત બોલું ' એવી રીતે દીનતાથી વિચાર કરતાં મારા પ્રાણ ઉડી ગયાં. હે રાજન્ ! હિંસાના પ્રસાદથી થયેલ આ મયૂર શ્વાનનું પ્રથમ ભવાંતરનું સ્વરૂપ જાણવું. કારણ કે ' આ અપાર સંસાર રૂપી નાટકમાં રહેલાં જીવો પોતાનાં કરેલ કર્મથી નાના પ્રકારના વેશો ધારણ કરે છે."

इति श्री यशोधरनरेंद्रस्य तन्मातुश्च द्वितीयोभवः

હે રાજન્! બીકણ માણસને સાંભળવાથી પણ ભય

1 શીકાર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્પન્ન કરે એવો અમારો ત્રીજો ભવ સાંભળ. હું મોરના શરીરમાંથી નીકળીને સુવેલ પર્વતની પશ્ચિમ દિશામાં શમી, કરીર અને ખદીર વિગેરે ઘણા વૃક્ષોથી ભરેલું ગીધ, ગોમાયુ,[1] સર્પ, નોળ, ગોધા, સિંહ, શાર્દૂલ[2] વિગેરે દુષ્ટ પ્રાણીઓથી સંકીર્ણ, દાવાનળની જવાળાના ધુમાડાથી અંધારાવાળી સર્વ દિશાવાળું, પીળી જમીનવાળું, યમના દાંતની જેવા વક્ર અને તીક્ષ્ણ અણીવાળા વજ્ર જેવા અંકુરાથી અને કાંટાથી પૂર્ણ, અતિ ભયાનક અને જેમાં પ્રવેશ કરવો બહુજ મુશ્કેલ છે એવું એક વન છે તે વનમાં એક નોળની કુખમાં હું ગર્ભપણે ઉત્પન્ન થયો.

ત્યાં કુંભીપાકની પેઠે ગર્ભની અગ્નિથી મારો અકાળેજ જન્મ થયો, તે વખતે સુવાવડથી દીન થયેલી અને ક્ષુધાથી પીડિત તે નોળણી ( મારી માતા ) નું દૂધ જેમ ગ્રીષ્મ ઋતુમાં મારવાડ દેશમાં પાણી સુકાઈ જાય તેમ ક્ષીણ થઇ ગયું. તીર્થંકર જીવોને બાળપણમાં જે જીવન ઉપાય છે તેપણ મારા માઠા દૈવે હણી નાંખ્યો ! તેથી મને બહુજ તીવ્ર ભુખ લાગવાથી ખાવાને માટે ભમતાં ભમતાં ભૂમિ ઉપર રહેલાં જંતુઓ મેં ખાવા માંડયાં. તેવા દુષ્ટ આહારથી મારૂં શરીર પુષ્ટ થઈ ગયું.

મારી માનો જીવ શ્વાન મરણ પામીને એજ દુઃપ્રવેશ્ય વનમાં સર્પપણે ઉત્પન્ન થયો. ચપલ જીવ્હાવાળો, મ્હોટી અને ચણોઠી જેવી રાતી આંખોવાળો, ભ્રમર સમૂહ જેવો

---

[1] શીયાળ. [2] વાઘ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાળો, પ્રત્યક્ષ કાળપાસ સરખો, વિપુલ ફણાવાળો કુટીલ ગતિવાળો તે સર્પ-દેખાવમાંજ ઘણો ભયંકર હતો. એક દિવસ મેં, પર્વતમાંથી નીકળતી નદીના તટપર દેડકા ખાવાને તૈયાર થયેલા તે સર્પને દીઠો. કર્મ યોગે મારૂં ચિત્ત કોપાંત્ર થઇ ગયું, અને કાર્યના પરિણામનો વિચાર કર્યા વગર તે સર્પને મેં પૂંછડેથી પકડયો. તે સર્પે પણ પાછું વાળીને જોયું અને મારા મુખ ઉપર ભયંકર દંશ દીધો. પછી બંન્ને પરસ્પર દાંતના પ્રહારથી અને બીજા મહા પ્રહારથી જર્જરીભૂત થઈ ગયાં. આવી રીતે અમે બન્ને અહંકારથી કંપતાં હતાં તેવામાં મેં પહેલાં કાંઇ પણ નહિ જોયેલા જરષ જાતિના કોઇક પ્રાણીએ આવીને મને જલદીથી પકડયો, અને તેણે ચડચડ કરીને મારૂં ચામડું ચીરી નાંખવા માંડયું. ત્રટત્રટ કરતાં મારી નસો તોડતું, કટકટ કરતાં હાડકાનાં કટકા કરતું, અને ઘુંટડે ઘુંટડે મારૂં લોહી પીતું, અનેક પ્રકારની વ્યથા ઉપજાવતું તે પ્રાણી મને ખાવા લાગ્યું. તે વખતે ભય પામવાથી આત્માએ આ કલેવર છોડી દીધું અને પ્રહારથી જર્જરીભૂત શરીરવાળો તે સર્પ પણ જમીન ઉપર આળોટતો મરણ પામ્યો; હે રાજન્ ! જેણે જે કર્મ કર્યું હોય છે તે તેનેજ ઉદયમાં આવે છે; બીજાને ઉદયમાં આવતું નથી. અર્થાત્ જે ખાય છે તેનેજ તૃપ્તિ થાય છે; એક ખાય અને બીજાને તૃપ્તિ થાય એ બનેજ નહિ આગ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્ષો ભવમાં મયૂર રૂપમાં મને હણતાં શ્વાનને રાજાએ મારી નાખ્યો તેવી રીતે આ ભવમાં સર્પ રૂપમાં તેને હણતાં મને અકાળે કાળ પ્રાપ્ત થયો. હે રાજા! હિંસાથી પ્રાપ્ત થયેલ આ અમારો નકુળ અને સર્પનો બીજો ભવ સંપૂર્ણ થયો.

इति श्री यशोधरनरेंद्रस्य तन्मातुश्च तृतीयोभवः

હે રાજન! હવે મારો ત્રીજો ભવ સાંભળ. દુષ્કર્મથી હવે હું સ્થળચર મટીને જળચર થયો. ઉજ્જયિની નગરીની પાસે ક્ષિપ્રા નામે મોટી નદી છે. તે નદી ચંચળ તરંગ રૂપી હાથીથી જાણે નૃત્ય કરતી હોય, ઉજ્વળ મોજાના સમૂહથી જાણે હસતી હોય, ચો તરફ ફરતાં મત્સ્યોથી જાણે જોતી હોય અને પાણીના ધ્વનિથી જાણે બોલતી હોય એમ દેખાતી હતી. કલહંસ, સારસ વિગેરે પક્ષીઓથી વસાયેલી તે નદી પવિત્ર અને શીતળ પાણીથી લોકોના શ્રમને દૂર કરતી હતી. તેના તટ ઉપર ઘાટાં પત્રવાળાં નેતરનાં વન હતાં અને ત્યાંએ ઉજ્વળ અને સુંદર રેતી હતી. માળવાની સ્ત્રીઓ સ્નાન કરતી વખતે પોતાના સ્તન, જઘન અને શરીરથી તેના શાંત પાણીનો હર્ષભર સ્પર્શ કરતી હતી, તેમના શરીરપરનુ ચંદન અને વિલેપન તેમાં ધોવાતું તેથી ગંગાની જેમ તે નદી ધવળ થઇ હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે નદીમાં કર્મ વશથી માછલીની કુખમાં હું રોહિત નામની મત્સ્ય જાતિમાં ઉત્પન્ન થયો. મારૂં સ્વરૂપ અંડજ[1] જેવું હતું, એ પાંખો યુક્ત હતો, મારો વર્ણ રાતો હતો, તેમજ હું સ્વજાતિનું માંસ ખાનાર, કામભોગમાં લંપટ અને મહાપાપી હતો. તે જગ્યાએ તન્મયતા લગાવીને મોહમાં પડેલો, પૂર્વ ભવનું સ્વરૂપ ભૂલી ગયેલો, નદીમાં આમ તેમ અવગાહન કરતો અને લોકોને જોયાથી પથ્થરના સ્તંભનો ભ્રમ ઉત્પન્ન કરતો હું કેટલાક કાળ પર્યંત સ્વેચ્છાથી ત્યાં રહ્યો.

મારી માતાનો જીવ પણ સર્પના ભવથી કાળ કરીને તે મહા નદીમાં જળચર જાતિમાં એક લાખ તંતુવાળો મોટો ગ્રાહ થયો. એક દીવસ તે ગ્રાહે મને રાતું માછલું જોઇને પોતાની તંતુ જાળ વિસ્તારી તેમાં રૂંધી દીધો, તે વખતે મદથી ઉદ્ધત અને ચપળ ગતિવાળી નયનાવળી રાણીની દાસીઓ તેજ નદીને કાંઠે સ્નાન કરવા માટે આવી. તેમાં એક ચિલાતી નામે ચંચળ દાસી હતી તેણે જલદી વસ્ત્ર કાઢીને મારી પડખે ડૂબકી મારી, જેથી તે ગ્રાહે કોપથી રાતાં નયન કરી મને મૂકી દીધો અને તે દાસીને વળગ્યો. તેથી 'મને પકડી છે! મને પકડી છે! લોકો! દોડો દોડો! મને આ દુષ્ટ જંતુથી મૂકાવો મૂકાવો!!' એમ રાડો પાડતી દાસીને પાસે ઉભેલા પુરૂષોએ બહારથી પકડી રાખી એટલે તેજ વખતે માછીઓએ સર્વ તરફ

૧ ઈંડાંમાંથી ઉત્પન્ન થયેલાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાળ વિસ્તારીને તે પ્રૌઢ શરીરવાળા ગ્રાહ જંતુને કાંઠે ખેંચી કાઢયો અને કાપવાના હથિયાર, પથ્થર, કુહાડા અને લાકડી વિગેરેથી પ્રહાર કરી અનેક પ્રકારની કદર્થના કરી તેને મારી નાંખ્યો.

હું તો તે નદીના કાંઠા ઉપર લીલના જથ્થામાં મગ્ન થયો, અને જાણે પલંગ ઉપર બેઠો હોઉં એમ નિર્ભયપણે રહેવા લાગ્યો. કેટલોક કાળ ગયા પછી કોઈ પાપી માછીઓએ જળમાં જાળ નાંખીને મને જીવતો પકડયો. 'આ મહામત્સ્ય છે' એમ જાણી તેઓએ સંતુષ્ટ થઇ કોઈ કાર્ય પ્રસંગે ગુણધર રાજા પાસે મને ભેટ કર્યો. તે રાજા માતાની આજ્ઞા પાળનાર, વિવેકી અને વિનયી હોવાથી તેણે નયનાવળી દેવીને કહ્યું 'હે માતા! તાત[1] અને વૃદ્ધ માતા[2]ને ઉદ્દેશીને આ રાતામત્સ્યનાં પૂછડાંનો ભાગ બ્રાહ્મણને દેજો, બાકીનો આપણે માટે રંધાવજો.' તેણે પણ 'એમજ કરીશ' એમ કહી દાસી વર્ગને હૂકમ આપ્યો.

દાસીઓએ કુહાડાવડે મારૂં પ્રબળ પુચ્છ કાપી નાંખ્યું. પછી મારા શરીરને હીંગ, સૈંધવ વિગેરે લગાડીને હળદરનું પાણી સીંચ્યું, અને જીરક ચૂર્ણથી[3] ચર્ચીને સુંદર ઘીથી ભરપૂર તપેલીમાં રસોઇઆએ મને રાંધ્યો. તે વખતે મારા આત્માએ નરકપ્રાય દારૂણ દુઃખ અનુભવ્યું, તોપણ દુષ્ટકર્મથી બંધાએલ હોય તેમ તેણે એકાએક કાયા

૧ યશોધર. ૨ યશોધરા-યશોધરની મા. ૩ જીરૂં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તજી ન દીધી ( મરી ન ગયો. ) તે વખતે મેં વિચાર્યું કે અહો મહા કષ્ટ છે! કર્મની કૃતિ મહા વિષમ છે! દૈવથી હણાયેલાં અને અગ્નિમાં પકવાયલાં મારૂં પાકું પાકું માંસ કાપી કાપીને પુત્ર હર્ષિત થઇને ખાય છે. વળી જેના શ્રેયને માટે મારૂં પુંછડું (બ્રાહ્મણને) આપ્યું તે હું જ તેનો પિતા છું. આવી રીતે આર્તધ્યાનમાં લીન થઇ, ધર્મપરાઙ મુખપણે તે તીવ્ર વેદનાથી મહા દુઃખી થઇ કાળ ધર્મ પામ્યો. તેવી રીતે હે રાજન્! હિંસાના વિપાક ભોગવતાં મારો ત્રીજો ભવાંતર થયો.

इति श्री यशोधर चरित्रे नृपजनन्योश्चतुर्थौभवः

---

હે રાજન્! ત્યાંથી મરીને હું જ્યાં ઉત્પન્ન થયો તે સાંભળ. મારા પૂર્વ ભવની માતા જે ગ્રાહપણું પામી હતી તે જ્યારે ક્રુરકર્મ કરતાં અને અન્યોન્ય વઢતાં મચ્છીઓથી વિનાશ પામી ત્યારે તે ઉજ્જયિનીની સમીપે આવેલાં ગામમાં બકરી થઇ. હું પણ કર્મ વશથી તેના ગર્ભમાં ઉત્પન્ન થયો. અનુક્રમે પ્રસવ પામ્યો એટલે હું બે શીંગડાં, રાતી આંખો, સપ્તપર્ણ વૃક્ષની જેવા કાનવાળો, તૃણ ખાનારો, દાઢી મુછવાળો અને ગદગદ સ્વર બોલનારો બકરો થયો.

એક દિવસ યૌવનમાં વિષયાકાંક્ષી થઇને તેજ મારી માત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તા સાથે ભોગ ભોગવવા લાગ્યો. યુથાધિપે મને જોયો એટલે અભિમાની અને પાપી યુથાધિપે [1] રતિશ્રાંત [2] એવા મને મર્મ સ્થાનમાં પ્રહાર કર્યો, જેથી તેજ વખતે હું મૃત્યુ પામ્યો અને કર્મ વશથી તેજ મારી માતા (બકરી) ની કુક્ષીમાં મારા પોતાનાજ વીર્યમાં પુત્રપણે ઉત્પન્ન થયો !

અહા! કર્મની વિચિત્રતા કેવી છે! જે મારી માતા હતી તેજ મારી સ્ત્રી થઇ! અને તે સ્ત્રીજ પાછી મારી માતા થઇ ! મારે પિતા કોઇ ન થયો, હું પોતેજ મારો પિતા થયો ! એવી રીતે મારી એળે ઉત્પન્ન થયેલો હું તેણીના ગર્ભમાં રહ્યો. ગર્ભના ભારથી મારી માતા મંદ ગતિવાળી થઇ. એક દિવસ ધનુષને પણછપર ચઢાવી ગુણધર રાજા મૃગયા માટે બહાર ગયો હતો, પણ કોઇ જીવની પ્રાપ્તિ નહિ થવાથી વન વિહાર નિષ્ફળ થવાને લીધે ખિન્ન થઇ પાછો આવતો હતો તેવામાં રસ્તામાં મારી માતાને મંદમંદ ચાલતી જોઇને તેણે પોતાના બાણવડે તેને વીંધી; તેના ગાઢ પ્રહારથી તે પૃથ્વીપર પડી. કાર્ય સિદ્ધિ થયેલ જાણી તે નૃપતિ જલદી ત્યાં આવ્યો અને તે અજાને સગર્ભા જોઇને પોતાના સેવકોને તેનું પેટ ચીરવા આદેશ આપ્યો. એવી રીતે તેના ઉદરથી બહાર નીકળેલા મને રમણીય જોઇને રાજાએ પોતાની સાથે લીધો અને મને ઉછેરવા સેવકોને સોંપ્યો. તે પ્રમાણે વધતાં

---

૧ ભરવાડ. ૨ વિષય ભોગથી થાકેલા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વૃધતાં હું પુષ્ટ શરીરવાળો થયો અને રાજાના ગૃહમાં રહેવા લાગ્યો.

એક દીવસ તે ગુણધર રાજાએ મૃગયાજયદને માટે પંદર પાડાને મારી નાખીને તેઓનાં માંસ પિંડથી કુળ દેવતાનું પૂજન કર્યું. તેના કંઠનું માંસ પૂજન કરાવનારા બ્રાહ્મણોને માટે રંધાવ્યું. મારા ઉચ્છિષ્ટથી[2] ધાન્યની વિશુદ્ધિ માટે રાજાની આજ્ઞાથી રસોઇઓ અને રસવતીગૃહ[3] માં લઇ ગયો. ત્યાં મેં પૂર્વે નહિ સુંઘેલું અને નહિ ખાધેલું એવું માંસનું ભોજન કર્યું. બકરાનું મુખ મેધ્ય[4] છે એમ વેદોક્તિ હોવાથી બ્રાહ્મણોએ મને આચમન દઇને મે સુંઘેલું સર્વ ખાધું.

ભોજન લીધા પછી તે સર્વે બ્રાહ્મણો પંક્તિ કરી બેઠા અને રાજા આશિર્વાદ લેવાને ઉત્સુક થઇ તેઓને નમસ્કાર કરવાને ત્યાં આવ્યો. જેમણે ધણા પ્રકારની શરીરની શોભા કરી છે એવી અંતઃપુરીથી તેને યુક્ત જોઇને હું ઘણોજ મોહાકુળ થઈ ગયો. તે વખતે એકાગ્રતાથી તેઓને જોતાં મને મારો પૂવ જન્મ સાંભર્યો ( જાતિ સ્મરણ જ્ઞાન[5] થયું ) એટલે મે સર્વે જાણ્યું, અને વિસ્મયથી સ્તબ્ધ થઈ મેં મારા સર્વ રાજકુળને જોયું

---

૧ શીકાર કરવામાં સફળ થવું તે. ૨ એઠું.
૩ રસોડું. ૪ પવિત્ર. ૫ જુઓ પૃષ્ઠ ૪૭.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ બ્રાહ્મણોને નમીને કહ્યું કે ' આ બ્રાહ્મણોની પંક્તિ મારા પિતાના હિતને માટે થાઓ; આ પંક્તિ મારી કુળ દેવીની ભક્તિ માટે થાઓ; એવી રીતે રાજાએ કહ્યું ત્યારે બ્રાહ્મણો બોલ્યા ' હે રાજન્! તારો જય થાઓ, જય થાઓ! તારૂં હમેશાં કલ્યાણ થાઓ ! તારા પિતૃઓ દ્વિજ શરીરમાં સંક્રમીને સ્વેચ્છાથી પિંડ ગ્રહણ કરી ચંદ્ર લોકને પામો. '

તેઓનું આવું વચન સાંભળીને મેં મનમાં વિચાર કર્યો કે ' અહો ! હું મંદ ભાગ્યવાળોછું. મારી આશા બધી ભંગ થયેલી છે, કારણ કે મારો પુત્ર ગુણધર મારે માટે આપે છે પણ દુર્ભાગ્યના દોષથી હું તો દુઃખીજછું. હે પુત્ર ! તારૂં દીધેલું કાંઈ મને પહોંચતું નથી, આ સર્વ દ્વિજ લોકો સ્વેચ્છાથી ભલે મને પિતૃ લોક પામવાનું કહે પણ હું તો કર્મના ઉદયથી બકરો થયોછું અને આ સર્વ મોટી કુક્ષીવાળાને ખવરાવવાથી હું કાંઈ સ્વર્ગ પામું એમ નથી. એવી રીતે હું વિચાર કરૂંછું એટલામાં તો રાજાએ ત્રણવાર પ્રદક્ષણા કરી, સુવર્ણ દક્ષણા આપી, નમસ્કાર કરીને તેઓને વિસર્જન કર્યા. તે વખતે આ રાજ્ય મારૂં છે, આ રાજ્ય વર્ગ મારો છે, આ હાથી ઘોડાઓ મારાં છે, આ ઘરો મારાં છે, એમ વારંવાર ' મારૂં મારૂં ' એમ હું બોલતો હતો પણ મારી ભાષા ન સમજવાથી કોઇ તે સાંભળતું નહોતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભોજન વખતે સર્વે અંતઃપુરની રાણીઓ ત્યાં આવી હતી. મારા વિયોગથી તેઓનું શરીર કૃશ થઇ ગયું હતું અને તેઓએ પરપુરૂષનો સ્પર્શ તજ્યો હતો. મારી પૂર્વ ભવની સ્ત્રીઓને જોઇને મેં પરોણાની પેઠે વિચાર્યું કે આ બધી રાણીઓમાં આ રાજાની માતા અને મારા પ્રા, લેનારી નયનાવળી અહીં કેમ દેખાતી નથી? તેને આવા પ્રકારનાં કાર્યમાં અને પુત્રના મહોત્સવમાં તો ભારે ઉદ્યમ છે, માત્ર ધર્મ કાર્યમાંજ પ્રમાદ છે. પણ અત્યારે અહીં ન દેખાવાથી એમ જણાય છે કે તે માંદી હશે અથવા મરી ગઇ હશે; બેમાંથી એક જરૂર બન્યું હોવું જોઈએ, કારણ કે નહિતો પ્રિયપુત્રના કામમાં શા માટે ન આવે? અથવા તો ન આવવાનું કારણ સમજાયું! પ્રાણવલ્લભ કુબ્જને પૂછતાં તેને આટલો વિલંબ થયો હશે, માટે ક્ષણવારમાં તે અહીં આવવી જોઇએ. આવી રીતે હું વિચારતો હતો તેવામાં ત્યાં આવતી બે દાસીઓ વચ્ચે આ પ્રમાણે વાતચીત થતી મેં સાંભળી:—

પહેલી—હે સખી! આજે રાજાની આજ્ઞાથી કાંઈ ધ્રાત કર્યો છે?

બીજી—આજે પાડાંઓને મારી, દેવીને બળિદાન આપ્યું છે.

પહેલી—એ પ્રમાણે છે ત્યારે રાજગૃહમાંથી ઘણી તીવ્ર દુર્ગંધ શેની આવે છે? મરેલ જંતુની આવી દુર્ગંધ હોય નહિ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બીજી—પ્રેમમંજુષા! આ દુર્ગંધ મરેલ પાડાઓની અથવા બીજા કોઇની નથી, આતો માત્ર નયનાવળી દેવીના શરીરનીજ દુર્ગંધ છે કારણ કે તેને રોહિત મત્સ્યના પુચ્છોદરનાં માંસનો વારંવાર આહાર કરવાથી અને તેનું અજીર્ણ થવાથી આખે શરીરે કુષ્ટ રોગ થયો છે તેના ઝરેલાં પરૂની ગંધનો પ્રવાહમય દુર્ગંધ સિંધુ આ મનોજ્ઞ રાજગૃહમાં અવગાહન કરે છે.

પહેલી—પ્રબલ આહાર કરવાથી અજીર્ણ અને કુષ્ટ રોગની ઉત્પત્તિ થઇ એમ બોલ નહિ, કારણ કે તે પાપિણીને કઠોર પાષાણના ભક્ષણથી પણ કાંઇ વિકાર થાય તેમ નથી; પણ તે દુષ્ટ આચારવાળીએ ઉત્તમ ગુણોથી યુક્ત યશોધર રાજાને જે વિષ દીધું તેનું આ પ્રત્યક્ષ ફળ જાણવું! કારણ કે 'અતી ઉગ્ર પુણ્ય પાપનું શુભાશુભ ફળ આ ભવમાંજ પ્રાપ્ત થાય છે.' વળી હે સખિ! બળવાન, ધર્મવાન, તે (રાણી) ના ઉપર રક્ત, બહુ લોકેશ્વર અને સરલ સ્વભાવવાળા સ્વામી ઉપર તે સ્ત્રીએ ન દેખી શકાય તેવું કુકર્મ આચર્યું. આવું કુકર્મ તો કોઇ તિર્યંચ પણ આચરે નહિ. કહ્યું છે—

एणं हरिण्यपिहिपाति बकं बलाका,
कोकं विना नहि पिबत्युदकं रथांगी ।
नारी नरं तु विनिहंति ततस्तुदस्मा,
देवांविधान्न भवतः पशवो वरं ते ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'હરિણી હરણનું રક્ષણ કરે છે, બગલી બગલાનું રક્ષણ કરે છે, અને ચક્રવાકી ચક્રવાકને વિરહે પાણી પણ પીતી નથી; પણ નારીતો નરને મારી નાંખે છે; માટે એવા માણસો કરતાં તો તે પશુઓ પણ સારાં છે.'

વળી હે સખિ! આતો તે પાપિણીનાં દુષ્કર્મનું સ્વરૂપ ફળ ઉત્પન્ન થયું છે પણ મહા ફળતો અહિંથી મરણ પામીને નર્ક પ્રાપ્તિ રૂપ થશે; પણ આપણે શા માટે પરનિંદા કરવી જોઇએ? કેમકે 'પાપી જીવની વાર્તા કરવાથી પણ પ્રાયશ્ચિત લાગે છે.' માટે હે સખિ! ચાલ, ચાલ! એ કુષ્ઠિનીનાં કુદ્રિષ્ટિપથમાંથી આપણે બહાર જઇએ. કદાચ આપણને તેનાં અંગે ઔષધ ચોળવાની આજ્ઞા કરશે તો ગલિત શરીરવાળી એ કુષ્ટિનીનાં સંસગ દોષથી આ સંચરણ[૧] રોગ આપણને પણ વળગશે.

તે સાંભળી બીજી દાસી બોલી—"હે સખિ! ભય પામ નહિ. એ કલંકિનીને મોંઢે ધૂળ પડો. 'જે પાપ કરે છે તેજ લેપાય છે' તેટલા માટે ધીમી ધીમી ચાલ, તે દૂર રહીને જુએ છે" એ પ્રમાણે બોલતી તે બન્ને દાસીઓ ત્યાંથી નીકળી ગઈ.

તે વખતે હે રાજન્! નયનાવળીનો એવો વૃત્તાંત સાંભળીને હું તેને જોવાને આતુર થયો, અને રાજ મંદિરમાં આમ તેમ ભમતાં ભમતાં એક ખુણામાં મેં તેને

૧. ચેપી ( contagious ).

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાક્ષાત્ જોઈ: તેને જોઈને મને લજ્જા તથા ઉદાસી થઇ અને વિચારવા લાગ્યો કે ' મૂળ રૂપથી વિપરીત રૂપનેપા મેલી મારી આ નયનાવળી સ્ત્રી જન્માંતર પામી હોય તેવી દેખાય છે. ભ્રિષ્ટ પદાર્થની જેમ તે અતિ દુર્ગં-ધી હોવાથી માખીઓના સમૂહથી વિંટાએલી છે જેથી અત્યારે સોગન ખાવાથી પણ તે પૂર્વની નયનાવળીજ છે એમ કોઇ માને તેમ નથી. એનાં ચક્ષુ યુગલ જાણે ક્રોધ પામેલા હોય તેમ રાતાં થઇ ગયાં છે અને મળવા-ળાં છે; કર અને ચરણની આંગળીઓ ગળી ગયેલી છે; નાક જાણે શ્રમથી સુખે લાગેલું—બેસી ગયેલું—હો ય એમ દેખાય છે; તેના શરીરની દુર્ગંધ દશ દિશાઓમાં પ્રસરે છે; દરેક રોમરાયમાંથી નિરંતર પુષ્કળ પરૂ વહે છે; પહેલા આ સ્ત્રીની વાણી કોકિલના સ્વરને જીતનારી હતી તેજ વાણી હવે સાંભળનારા મનુષ્યો-ને પરિહાસનો હેતુ થઇ પડી છે; અહો કર્મની પરિણ-તિ ઘણીજ વિષમ છે; કારણ કે જે સ્ત્રી અગાઉ સહજ મા-ત્ર જોવાયાથી પણ મહા પુરૂષોનાં હૃદયને હરી લેતી હતી તેજ સ્ત્રીને હમણા જોઈ વિષયી માણસો સંભારે તો તેઓ-નાં હૃદયને સુગ ચડાવે છે. જે મુખ, નયન અને નિતંબ-ની શોભા અગાઉ હતી તે હવે લેશ પણ દેખાતી નથી. આવા આ (નયનાવળી) ના અતિ ઉગ્ર અને દુ:ખી જીવીત-ને ધિક્કાર છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પ્રમાણે વિચાર કરતો અને થુથુકાર કરતો હું મુખ વાંકુ કરીને ત્યાંજ ઉભો રહ્યા.

તે વખતે રાજાએ પાડા વિગેરેનાં માંસને ખાતાં ખાતાં રસોઈ કરનારને કહ્યું કે 'અરે! આતો એકલુ ખાવું ગમતું નથી, માટે કોઇ બીજી જાતનું માંસ જલદી લાવ.' તે વખતે તેણે (રસોઇ કરનારે) વિચાર કર્યો કે 'આ રાજા ચંડ પ્રતિજ્ઞાવાળો છે, અને તેને જોઇએ તેવું અહિ કાંઈ પણ નથી, માટે વિલંબ કરવાથી સર્યું. આ ક્ષુધાંધ રાજાનો જમવાનો અવસર થઈ ગયો છે તેથી આ બકરા વડેજ કાર્ય સાધુ' એ પ્રમાણે વિચાર કરીને તે રસોઇઆએ મારી ડાબી બાજુનો ભાગ છેદ્યો અને ક્ષણવારમાં જવળતાં અંગારાં ઉપર મૂકી પકવી દીધો. પછી તે માંસ ભુંજીને રાજાને પીરસ્યું; રાજાએ તેમાંથી થોડું નયનાવળીને આપ્યું, કેટલુંક પાસેના આસન પર બેઠેલા સ્વસંબંધીને આપ્યું અને કેટલુંક પોતે ખાધું.

હું સ્રવતાં રૂધિરથી આર્દ્ર, દુર્ધર શરીરને ધારણ કરતો રસોઇઆએ કોઈ પ્રયોજન પડયે ફરીને વધ કરવા માટે રાખેલો, નિરાશ, નિરહંકારી, નિર્વિનોદી, ઉદ્યમહીન, જેમનો તેમ પડી રહેલો. જે મળી આવે તેનુ ભોજન કરતો પ્રહારના વિસ્તારથી ઉત્પન્ન થયેલા સ્વસંવેદ્ય મહાદુઃખને અનુભવતો ત્યાં ભૂતળ ઉપરજ પડી રહ્યો. તે વખતે એક બીજો બનાવ બન્યો તે હે મારિદત્ત રાજા સાંભળ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારી માતા જે યુથાધિપને ત્યાં બકરી થઇ હતી, અને જ્યારે હું તેનાં ગર્ભમાં હતો ત્યારે જે મારા ભારથી મંદ ગમનવાળી થઈ હતી, અને જેને મૃગયાથી પાછા વળેલા ગુણધર રાજાએ હણી હતી, તે બકરી તે વખતે મરણ પામીને કલીંગ દેશમાં રાતી આંખવાળો, તીક્ષ્ણ શ્રંગાગ્રવાળો[1] દુર્દાંત,[2] વશ ન કરીશકાય એવો અને સ્થૂળ શરીરવાળો મોટો પાડો થયો. ઘણો ભાર વહન કરાવાથી લોકોને તે અત્યંત ઉપભોગનું કારણ થયો હતો, પણ તેવા પ્રકારની પુષ્ટતા દુઃખના અનુભવ માટે થાય છે.

दुःखसंवेदनायैव, प्राकृतानांहि पुष्टता ।
हावीसैकानां विपुला, विडंबायविदग्धता ॥

જેમ નટની પુષ્કળ હુંશીઆરી વિડંબના માટે થાય છે તેમ સાધારણ જનોની પૌષ્ટતા દુઃખનાં વેદવા માટેજ થાય છે.

એક દીવસ તે પાડો વેપારીઓનો બહુ ભારે માલ ઉપાડીને નશીબ યોગે ઉજ્જયિનીમાં આવ્યો. ઘણો પંથ કર્યાથી અને ગ્રીષ્મ ઋતુના મહા તાપથી ભ્રમીત થઈને તેણે નગરની બહાર આવેલી ક્ષિપ્રા નદીમાં પ્રવેશ કર્યો. ખળ પુરૂષ જેમ મહા કવિના કાવ્યને ડોળી નાંખે તેમ

---

૧ શીંગડાની અણીવાળો. ૨ તોફાની, દુઃખે કરીને વશ કરી શકાય તેવો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નદીના સરસ સ્વાદિષ્ટ અને નિર્મળ જળને ડાળીને તેણે મલીન કરી નાંખ્યું; જેમ દુર્જન મનુષ્યો મૌન રહેનારા સત્પુરૂષોની પ્રતિષ્ઠાને દુર્વાક્ય વડે નાશ પમાડે તેમ શૃંગના પ્રહારથી તેની મોટી ભેખડો પાડી નાંખી અને જેમ કૃપણ પુરૂષ વિલાસી સ્ત્રીઓના કટાક્ષ ક્ષેપને નિષ્ફળ કરે તેમ તેણે નદીના હીમ જેવા શીતળ અને નિર્મળ તરંગોને નિષ્ફળ કર્યા. આવી રીતે તે પાડો કીનારાપર ઉગેલી ઘો ને ચાવતો ચાવતો અને યંત્રમાં નાખેલ પથરની જેમ આ મ તેમ ફરતો ક્રિડા કરતો હતો. ટુંકામાં તે પશુ આસન્ન મૃત્યુની જેમ નિર્ભય થઇને પ્રવર્તતો હતો. કેમકે ઓલ-વાઇ જનારો દીવો છેવટના સમયમાં વધારે ચળકે છે.

તે અવસરે ક્ષિપ્રા નદીમાં નવરાવવા માટે આણેલો અશ્વશાળાના ભૂષણ જેવો, સર્વ લક્ષણથી સંપૂર્ણ, સર્વ અવયવથી સુંદર અને રાજાને પરમવલ્લભ અશ્વ કિશોર તેણે જોયો. તેને જોઇને પાડાના જાતિ સ્વભાવથી; તેને વૈરજ્વર પ્રાપ્ત થયો અને પોતાનાં અંગને કંપાવવા લાગ્યો.

सहजं कृत्रिमंचेति द्विधावैरं प्रचक्षते ।
सहजं निर्विशेषेण कृत्रिमं कारणांतरात् ॥

વૈર બે પ્રકારનાં છે—કુદરતી અને કૃત્રિમ—કુદરતી વૈર વગર કારણે ઉત્પન્ન થાય છે અને કૃત્રિમ વૈર કારણ પામીને ઉત્પન્ન થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S.        Jun Gun Aaradhak Trust

हयकासरयो रजवानरयो र्नकुळोरगयोः करिकेसरिणो-
र्वृषदंशविनायकवाहनयोः सहजं भुवि वैरमिहप्रथितम् ॥

અશ્વ અને મહિષને, બકરી અને વાનરને, નોળ અને સર્પને, હાથી અને સિંહને, તથા બિલાડી અને ઉંદરને આ જગતમાં સ્વભાવિક વૈર પ્રસિદ્ધ છે; બ્રાહ્મણ અને મુનિને, પાડોશી પાડોશીને, પિતરાઇ ભાઇઓને અને બે શોકોને સ્વભાવિક વૈર હોય છે.

કૃત્રિમ વૈર ઘણું કરીને ઘણા દોષથી અને કારણાંતરથી ઉત્પન્ન થાય છે; જે વૈર રામ અને રાવણને, સુભૂમ અને ભાર્ગવને, કૃષ્ણ અને કંસને અને કૈરવ અને પાંડવોને થયું હતું.

ઉપર જણાવેલા સ્વભાવિક વૈરથી ઉત્પન્ન થયેલા કોપથી લાંબા બરાડા પાડતો, વિકરાળ આકૃતિવાળો તે પાડો પ્રચંડ ખરીથી જાણે ભુમંડળને ખંડતો હોય તેમ તે રાજાના અશ્વને હણવા માટે તેના તરફ દોડયો અને તીક્ષ્ણ તરવાર જેવાં શીંગડાંથી એકાએક તેના હૃદયમાં પ્રહાર કર્યો. તે દુઃસહ પ્રહારથી તરતજ તે અશ્વનું હૃદય ફાટી ગયું અને તેમાંથી પલાશ કુસુમ જેવું રાતું રૂધિર વહેવા માંડયું.

તે વખતે તે અશ્વે પણ પ્રહારથી પીડિત થઇ ક્રોધથી મહિષને દાંતે કરી વ્યથા કરી. તેથી પાડાને અત્યંત ક્રોધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થયો અને અશ્વને પાડી દઇને પોતાની ખરીવડે ચીરી નાંખ્યો. અશ્વને મરેલો જાણીને અશ્વારો વિષાદ પામ્યા અને દરેક પગલે સ્ખલના પામતાં તેઓએ તરતજ રાજા પાસે જઇને તે વૃત્તાંત નિવેદન કર્યો.

ગુણધર રાજા તે સાંભળીને ઘણાજ ગુસ્સે થયો, કોપથી તેના હોઠ ધ્રુજવા લાગ્યા અને તરતજ તે પાડાને બાંધી લાવવાની સેવકોને આજ્ઞા કરી; સિદ્ધકર્મ નામના પાપી રસોઇઆને આજ્ઞા કરી કે તારે તે પાડાને જીવતોજ રાંધવો, જેથી તે દુર્બુદ્ધિ પોતાના અપરાધનું ફળ પ્રત્યક્ષ પામે.

ઘણા રાજ સેવકોએ મહા શ્રમવડે તે મહિષને ગાઢ બંધને બાંધ્યો અને રાજ મંદિરમાં લાવ્યા. રસોઇઆએ રાજાની આજ્ઞાથી જમીનપર ચારે દિશામાં ખીલીઓ નાંખી અને તેમાં સાંકળ બાંધી તે પાડાને તંબુની પેઠે ચારે પગવડે પકડીને એવી રીતે બાંધ્યો કે છેદેલા વૃક્ષની જેમ તે ચાલવાને, મારવાને, કુદવાને અથવા કાંઇ પણ કરવાને શક્તિવાન્ થાય નહિ, તેની આસપાસ તત્કાળ એટલો બધો અગ્નિ સળગાવ્યો કે જેથી લોકો દૂર ખસી ગયા તે પાડાનું શરીર તીવ્ર અગ્નિદાહથી શોષિત થઇ ગયું અને મુખ ઉઘાડીને બે ગાઉ સુધી સંભળાય તેવી પ્રચંડ ચીસો પાડવા લાગ્યો, પાસે ઉભેલા નિર્દય મનુષ્યો ‘ મર ! મર ! ’ વિગેરે શબ્દો વારં વાર ઊંચે સ્વરે બોલતા હતા અને અશ્વ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસ્ત્રનો અપરાધ વારંવાર સંભારી આપીને પરમાધાર્મિકો[૧] ની પેઠે તેને વારંવાર લાકડીથી મારતા હતા. અગ્નિના સખત તાપથી તે મહિષનાં કંઠ, તાળવું, જીભ અને હોઠ સુકાઈ ગયાં અને પાણી પીવાની ઇચ્છા થઇ ત્યારે તેને રસોઇએ સુંઠ, મરચાં, પીપર અને સીંધવ વગેરેનું તપાવેલું પાણી પાયું, તેથી થયેલા અતિસાર વડે તેના અધોદ્વારથી-આંતરડાં રૂપ યંત્ર જાળમાંથી-સર્વ મળ નીકળી ગયો. આવી રીતે તે રસોઇએ મહિષને શુદ્ધ કર્યો, (પવિત્ર કર્યો) અને સસ્કારીત કર્યો, તેથી તે નિર્મળ થઇ ગયો અને દાવાનળ જેવી દુઃસહ અગ્નિ સહૂન કરીને છેવટે મૃત્યુને આણનારી મૂર્છા પામ્યો. તેને ભુંજીને તે માંસ સિદ્ધકર્માએ રાજાની પાસે ધર્યું.

રાજા માંસ છેદી છેદીને ખાતાં મારા[૨] દુષ્કર્મથી પ્રેરિત થઇ બોલ્યો ' આ માંસ મને રૂચતું નથી, બીજું માંસ લાવો. ' કુર રાજાનાં આવાં વચન સાંભળી તે રસોઇઆએ તરતજ પોતાની ઉલ્કાપાત[૩] જેવી કુર અભિપ્રાય સૂચવનારી દ્રષ્ટિ મારા ઉપર નાંખી. મારાપર દ્રષ્ટિ પડતાંજ મને ખાતરી થઇ કે, મૃત્યુ નજીક આવ્યું છે. તેથી ' હા !

---

૧. નારકીમાં 'પરમાધાર્મિક' જાતિના દેવતા છે, જેઓ નારકીના જીવોને દુઃખ આપવામાંજ આનંદ માને છે.

૨. મુનિ કહે છે–આ વખતે તે બકરાના ભવમાં હતો.

૩. અગ્નિ–વીજળી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હું શું કરૂં ? મારી શી ગતિ થશે ! હે પુત્ર ! મને 'બચાવ બચાવ.' એવા વચનો ધૈર્યથી પણ અવ્યકતપણે બોલવા લાગ્યો. આખરે મારૂં ધૈર્ય ગયું, સર્વ નાડી સંકોચાઇ ગઇ, અસ્થિબંધન શિથિલ થઈ ગયાં, ત્રણ ભુવન મને શૂન્ય લાગવા માંડયાં, સર્વ ઇંદ્રિય પરાક્રમ નષ્ટ થઈ ગયું અને પ્રાણ કંઠે આવી રહ્યા. આવી સ્થિતિએ પહોંચેલા મને તે રસોઇઆએ ગળેથી પકડીને, તે બળતા પાડા સન્મુખ લાવી ચીરી નાંખ્યો અને મારૂં માંસ રાંધીને મજઘેશ્વર સન્મુખ મૂકયું. આવી રીતે સુદેંદ્રદત્ત અથવા યશોધરનો જીવ બકરો અને ચંદ્રમતીનો જીવ પાડો એક ચિતામાં હોમાયાં ! રસોઇઆવડે રંધાયાં ! ભવાંતરના પુત્રવડે અનેક પ્રકારની વિડંબના પામ્યા અને મહા ભાગ્યહીન થઇ ક્રોધથી પ્રાણ મૂકયો. એ પ્રમાણે સરખા કાર્ય કરતાં, દહન, તાડન, તર્જન, ખંડન વિગેરે બહુ પ્રકારનાં દુઃખ સહન કરતાં આગલા ભવના માતા અને પૂત્રનુ સમકાળે મૃત્યુ થયું. આ અમારે હિંસાનો વિપાક ભોગવતાં પાંચમો ભવાંતર થયો.

હે રાજન ! આવી રીતે કર્મ વશથી અમારી પેઠે ચાર ગતિરૂપ ચાર રસ્તાવાળા આ સંસાર નગરમાં ભમતાં, કર્મને વશ પડેલા પાણીઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની વ્યવસ્થાથી કદી પણ વિશ્રાંતિ પામતા નથી, પરંતુ રત્નત્રય ( જ્ઞાન, દર્શન અને ચારિત્ર–આત્મિક ગુણ ) નહિ પામીને, નિરંતર દુઃખ પામી, પરાધીન થઈને ચો-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાશી લાખ જીવાયોનિમાં વારંવાર જન્મ મરણના ક્લેશને અનુભવે છે. જે લઘુ કર્મી જીવો છે તે તો સિદ્ધ, બુદ્ધ, શાંત, કલ્યાણકારી, અનાદિ, અનંત, અજરામર (જેને વૃદ્ધાવસ્થા તથા મરણનું મહા દુઃખ નથી તે), અનેક, એક, અવ્યકત, ઇશ્વર, નિત્ય અને સર્વજ્ઞ પરમાત્માને જાણીને તેની શુદ્ધ મનથી સેવા કરે છે; તેવા ઉત્તમ પ્રાણીઓને જન્માદિક કલેશ રહેતો નથી.

આવા પ્રકારના બનાવોથી હું મહા દુઃખથી વ્યાપ્ત તિર્યગ્ યોનિમાં વારંવાર ભમ્યો, હું હાથમાં દીવો લેઇને કુવામાં પડયો ! કલ્પવૃક્ષ નીચે બેઠાં છતાં ક્ષુધાથી પીડિત રહ્યો અને મલયાચળ[1] પર બેસીને દુર્ગંધી અને દુર્ભગ રહ્યો; વળી આ પાપીને દરેક ભવમાં પૂર્વ ભવનું સ્મરણ થયું પણ જાણે તેનો અભ્યાસ મૂકી દીધો હોય તેમ ધર્મ ધ્યાન કંદી કર્યુંજ નહિ; વળી કષાયવિષવલ્લી[2] તુલ્ય ચિંતાઓ કરી પણ રાગદ્વેષથી વ્યાપ્ત હોવાથી વૈરાગ્ય ચિંતવ્યો નહિ; મનુષ્ય ભવમાં જે નિર્મળ ચારિત્ર પામી શકાય છે તે મને હતભાગ્યને પ્રાપ્ત થયું નહિ. પશુપણામાં પણ જો ધર્મધ્યાન જાગૃત થયું હોત તો વિડંબના રૂપી નિશાચરો[3] કેમ મને પેસત ? પણ કર્મ ઇંધનને બાળવામાં વન્હિ

---

૧ મલયાચળ પર ચંદનનાં વૃક્ષો ઉગે છે તેથી તે હમેશા સુગંધી રહે છે.

૨ કષાય રૂપ ઝેરની વેલડી.

૩ ચોરો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તુલ્ય ધર્મધ્યાનના અભાવથી શત્રુભૂત કર્મે જેમ જેમ આદેશ કર્યો તેમ તેમ મેં કર્યું. કર્મની વિચિત્રતા કહી શકાય તેવી નથી. તું જો કે હે રાજેંદ્ર ! કર્મો વડે લાઘવ[૧] પામેલા મારૂં (અવંતીના સ્વામીનું) કોડી તૂલ્ય મૂલ્ય થયું, કર્માંકુર વડે કપાસની જેમ આકાશમાં ફેંકાયો, પક્ષિરૂપે ભમ્યો અને અનેક મરણો પ્રાપ્ત થયાં. તેજ કર્મોએ દીન, હીન, ભુખ્યા અને વનવાસી એવા મને મારવા માટે કાલકૂટ ઝેરનો કવલ આપ્યો (પ્રથમ ભવમાં), શ્વાપદપણામાં સુકોમલ (મયુરનું) શરીર આપ્યું, અને વળી તેજ કર્મોવડે જોવી ન ગમે એવી લીલમાં ઉત્પન્ન થયો(રોહીત), તેજ કર્મોથી ધીવરવડે બંધનમાં નંખાણો અને ધીવરોએ રાજાને અર્પણ કર્યો, જયાં મેં નરક જેવું તીવ્ર દુઃખ સહન કર્યું. વળી નટાચાર્યે (સુત્રધાર) જેવા તે કર્મોએ મારા મ્હોં પાસે દ્વિતીય પુચ્છ જેવી દાઢી બનાવી પુરૂષાર્થનો વિસ્તાર કર્યો (બકરો).[૨] બહુ શું કહેવું? તે દુષ્ટ કર્મોએ પુરૂષાર્થનો નાશ કરવા જે જે ન કહી શકાય અને ન સાંભળી શકાય એવું કર્યું. તેવું કોઇને પણ ન થાઓ! ક્રોધ પામીને લોકો જેમ શત્રુપર અવાચ્ય વચન બોલે છે તેમ તે દુષ્ટોએ મને ખરાબ લગાડયું, પણ હું તે વરીના ગુણ ગ્રહણ કરવાથી કૃતજ્ઞ થાઉં છું એટલે હું તો જો કે તેઓએ મને ખરાબ લગાડયું પણ, તે ભુલી તેઓના

૧ હલકાઇ. ૨ અલંકારીક ભાષામાં યશોધરના સર્વ ભવોનું દિગ્દર્શન કરાવ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુણું ગ્રહણ કરૂં છું. મેં તે કર્મોના પ્રસાદથી બ્રહ્માના વાહનનું[1] પદ લીધું, અને તેનાજ પ્રસાદથી મેં વારંવાર મારા પુત્રાદિકનું ઉદર પૂર્ણ કર્યું, તથા વિવિધ પ્રકારનાં અપૂર્વ દુઃખો સહન કર્યાં. અહો! પિષ્ટમય કુકડાને હણવાથી આવાં અઘોર દુઃખો સહન કરવાં પડયાં.

इति श्री यशोधर चरित्रे नृपजनन्योः पंचमषष्ठौ भवौ.

હે રાજન્! આવા પ્રકારનાં દુઃખ દેતાં છતાં પણ તે કર્મોના મનોરથ પૂર્ણ થયાં નહિ. ત્યાર પછી તેઓએ અમારૂં જે વિગોપન[2] કર્યું તે સાંભળો. પૂર્વે અમે એક લોટનો કુકડો હણ્યો હતો તેથી અમે કુકડાપણું પામ્યા અને મયૂરશ્વાનાદિકના ભવતો વધારામાં ગયા. આ કુકડાના ભવનું સ્વરૂપ સાંભળો. મારી પ્રથમ ભવની રાજધાની (ઉજ્જયિની) ની સમીપે એક ચંડાળોનો પાડો છે, તે પાડો ખોપરી અને ધડથી વિકીર્ણ છે, દુર્ગંધથી ભરેલો છે, અપવિત્ર છે, અને રંધાતા ગોમાંસના ધુમાડાએ કરી આકાશને ત્યાં ધુમ્રરૂં કરી નાખ્યું છે. તેમાં ચામડાંનો ધંધો કરનાર માતંગ[3] લોકો વસે છે, વસ્ત્રને માટે લાવેલા પણ બહુ વિશ્વાસુ થઈ ગયેલા બહુ અનેક પ્રકારના પશુ પક્ષીઓ

---

૧. મોર—રાજા ગુણું ગણાવે છે.

૨. વિગોવવું—હેરાન કરવું તે.

૩. ચમાર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેમાં ફર્યા કરે છે, અર્કના ફૂલથી દરેક વ્યગ્ર છે, બાળકો હસ્તમાં શીંગડાં લઇને ફરે છે, તથા રૂદન કરતાં બકરાઓનો છેદ કરવામાં દયા વગરના પારાધીઓ તેમાં આંટા મારે છે; સર્વ સાધુ જનોને તે અસેવ્યજ છે, અને સર્વ દેહીને પણ તજવાયોગ્ય છે. ધુમ્રપ્રભા નામની નરક પૃથ્વીનો જાણે પડછંદો હોય તેવો તે લાગે છે. તે પાડામાં મારેલા હરણના રૂધીરથી રક્ત ઉમરામાં ચાંડાળ સ્ત્રીઓ વાઘણની માફક ચેષ્ટા કરે છે.

આવા દુષ્ટ અને પ્રચંડ ચંડાળલતામાં અમે બન્ને (મા અને દિકરો) એકજ કુકડીની કુક્ષીમાં ગર્ભપણે ઉત્પન્ન થયાં. તે કુકડી પોતાના શરીરની પુષ્ટિ માટે કરોડો કીડા ખાય છે, અને પોતાના પ્રાણની જેમ અમારૂં રક્ષણ કરે છે. બહાર આવવાના સમય પહેલાં કોઈ તરૂણ રાંજારે તેને પંજાવડે પ્રહાર કર્યો. તેથી તે ભય ભ્રાંત થઇને કંપતા શરીરે રડવા લાગી અને તે વખતે તેણે બે ઇંડાં મૂકી દીધાં.

આવી રીતે નીકળેલાં ઇંડાં ઉકરડામાં પડયાં. તે ઇંડાં ઉપર કોઇ માતંગીએ (ચાંડાળણી) ઘરમાંથી સમાર્જન કરીને[1] ધુળ નાંખી. તે ધુળથી આચ્છાદિત થઇ, રજના ઢગલા રૂપી દરમાં રહેલાં અને સૂર્યના તાપથી તપતાં તે ઇંડાં જાણે ગર્ભમાં હોય તેમ ત્યાં રહ્યાં; પછી પૂર્ણ કાળે સ્વયમેવ ફુટી ગયાં અને અમે બંન્ને તેમાંથી બહાર નીક-

૧ ઝાડુ કાઢીને.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થયાં. અમે બાળક હતા તોપણ ફીણના સમૂહ જેવા ઉજવળ, આકાશચારી, ચરણરુપી આયુધવાળા, સ્વજાતિનું પોષણ કરવામાં તત્પર, યુદ્ધ કરવાની બુદ્ધિમાં સ્થિર ચિત્તવાળા અને કાળને જાણનારા જેમ દરેક પ્રહરે બોલતાં હતાં.

આ દશા પામેલા અમે હમેશાં કીડાનું ભક્ષણ કરતાં હતાં. અહો! માંસ ભક્ષણથી અમે તિર્યંચપણું પામ્યા અને તિર્યંચપણામાં જે જે કર્યું તે ભોગવવાને માટે પણ તિર્યંચ થયાં ! તિર્યંચ અવસ્થા પામીને દુર્ગતિમાં પડનારા જીવ તે ભવમાં પાપકર્મ આચરે છે અને તેથી પાછા પશુજ થાય છે. એવી રીતે કર્મના દુર્જયપણાથી અને જીવોના પ્રમાદીપણાથી આ શૃંખલાવત્ સંબંધનો પાર આવતો નથી. અમે બંન્ને કુર્કટ ( કુકડા ) પણામાં દુરસ્ત કષ્ટ સમુદ્રમાં પડેલાં હતાં અને પાપ વ્યાપાર કરતાં હતાં; આવી રીતે અમારો કેટલોક કાળ વ્યતિક્રમ્યો.

એક દિવસ મૃગયા ( શીકાર ) માં પ્રવીણ, ચર્મ વસ્ત્ર ધારણ કરનાર અને વિરૂપ [૧] નેત્રોવાળા અણુહલ નામના મહોન્મત્ત માતંગપુત્રે સદ્ભાગ્યના યોગથી અમારી ઉપર દ્રષ્ટિ કરી અમને ઉછેર્યાં. અનુક્રમે યૌવન પામ્યાં તેણે ધનાદમનાં દ્રવ્યની ઇચ્છાથી કાળદંડ નામના કોટવાળને અર્પણ કર્યા. તે કોટવાળે અમને રાજાને દેખાડયાં, અમને બન્નેને જોઈને તે ગુણધર રાજાએ સ્મિત હાસ્ય યુક્ત કહ્યું કે ' મેં કદી

૧ કદરૂપા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ કર્પૂરપુંજ અને ચંદ્રકિરણ સદૃશ ઉજ્વળ પક્ષી યુગળ જોયું નથી. આ પક્ષી યુગળ મારા નેત્રકુમુદકળી પર અમૃત ધારાનું સીંચન કરે છે. તેથી હું જ્યાં જ્યાં જાઉં ત્યાં ત્યાં તારે આ પક્ષી યુગળને સાથે લેતાં આવવું.' રાજાની આવી આજ્ઞાથી તે કાળદંડ અંત:પુરમાં, ગૃહમાં, ઉદ્યાનમાં અને મૃગયા વખતે પણ જ્યાં જ્યાં રાજા જતો ત્યાં ત્યાં અમને સાથે લઈ જતો હતો.

એવામાં પ્રવાસી મનુષ્યોની ઉત્સુક સ્ત્રીઓના મનોરથ સાધવામાં તત્પર, કોકિલાના વચન માધુર્યનો શિક્ષાગુરૂ અને શૃંગાર રસમય વસંત સમય નજીક આવ્યો. રાજા અંત:પુર પરિવાર યુક્ત વનરાજીના રમ્ય કુસુમની સંપદા જોવાને નગરની બહાર નીકળ્યો. વિચિત્ર પુષ્પની ગંધવાળા તે વનોમાં રાજા વારાંગનાઓ સાથે સ્વેચ્છાથી વિહાર કરવા લાગ્યો. તાલ, તમાલ, હિંતાલ, શાળ, બિલી, કદંબ, જાંબુ, નીંબ, કરીર,[1] કણવીર,[2] વાનીર,[3] પુન્નાગ,[4] નાગ,[5] નારંગી, નાગકેસર, પ્રિયાલુ,[6] પીલુ, પનસ, ખાખરો, પાટલ,[7] કેતકી, કંદ, મોગરો વિગેરે વૃક્ષોથી અને વાસંતી, કમળ, મલ્લિકા અને સહકાર વિગેરે પુષ્પ અને મંજરીઓની સમૃદ્ધિવાળા વિવિધ વૃક્ષોથી વિરાજીત તે વનરાજીએ ગુણધર રાજાના ચિત્તને અત્યંત રંજન કર્યું.

૧. કેરડો ૨. કણેર ૩. નેતર ૪. જાયફળ ૫. સોપારી
૬. પીપળો ૭. કેસર.

P.P. Ac. Gunratnasuri M.S.Jun Gun Aaradhak Trust

કૌતુક પ્રિય ભૂપતિ સુગંધી પુષ્પનું એકત્ર કરવું, પુષ્પ માળાનું ગુંથવું, હીંડોળાપર હીંચકવું વિગેરે વિવિધ પ્રકારની ક્રીડા કરતો. સ્વેચ્છાથી ચિરકાળ ત્યાં વિચર્યો, શ્રાંત થયો ત્યારે આનંદથી નંદિ વૃક્ષની વેદિકાપર બેઠો. સેવકોએ મધુર, મનોહર, સુગંધી, રસયુક્ત, ઉજવળ ફળો તથા પુષ્પો અહમહમિકા [૧] યુક્ત રાજા પાસે ધર્યાં રાજાએ અનેક મિત્રોની સાથે અશન, [૨] પાન, [૩] ખાદ્ય, [૪] અને સ્વાદ્ય [૫]. વિગેરેનો આહાર કર્યો. પછી મૈથુનાભિલાષી થવાથી તેણે ઉદ્યાનમાં બંધાવેલ પ્રસાદમાં સ્ત્રી સહીત પ્રવેશ કર્યો અને જયવાળી દેવી સાથે કામ ક્રીડા કરવા લાગ્યો. દાસીઓ તાંબુલ, તાલવૃંત, (પંખા) ચંદન અને કુસુમથી રાજાને કામમાં વિશેષ સજજ કરવા લાગી, અને રાજા મદનોદય વડે અતિ ઉન્મત થયો.

કામાસકત રાજા ક્રીડા કરે છે તે દરમ્યાન અમને લઇને કાળદંડ ત્યાં આવ્યો. રાજાને મૈથુન વ્યાપારમાં પ્રવર્તેલ જાણી, સેવાયોગ્ય અવસર ન જણાવાથી તે વનમાં ભમવા લાગ્યો. વનમાં સ્વેચ્છાથી આમ તેમ ફરતાં ફરતાં તેણે શશિપ્રભ નામના આચાર્યને જોયા, મુનિને એકાંતે

---

૧. હું પહેલો, હું પહેલો—એમ બતાવવું તે.

૨. ખાવાનું ( રસોઇ ). ૪. પીવાનું ( પાણી વિગેરે ).

૩. ખાવા યોગ્ય વસ્તુ ( પકવાન્નાદિ ).

૫ મુખવાસ ( સોપારી, એલચી વિગેરે ).

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શાલ વૃક્ષ નીચે કાયોત્સર્ગે ઉભેલા, સ્થિર, મહૈશ્વર્યવાન, સંતુષ્ટ અને તપસ્વી જોઇને તે કોટવાળે વિચાર કર્યો કે આ કોઈ જીતેંદ્રિય, શ્વેતાંબર યોગી, વૈરાગ્યનું પ્રધાનપણું બતાવનારી મુદ્રા ધારણ કરતા અને તપસ્યા કરતા અહીં આવેલા જણાય છે; તેટલા માટે તેની પાસે પણ થોડીવાર બેસીને સાંભળું કે આના ધર્મનું શાસન કેવું છે? આ પ્રમાણે વિચાર કરી તેણે મુનિને મસ્તક વડે દ્રવ્યથી નમસ્કાર કર્યો, કારણ કે રાજ સેવકો ઘણું કરીને બાહ્યવૃત્તિથી ઘણાજ વિનિત હોય છે.

અવસરના જાણ મુનિએ પણ મૌન મૂકી દીધું અને તેને આશીષ આપવા વડે ખુશી કરીને તેની સાથે ધર્મગોષ્ટિ કરવા લાગ્યા. થોડાં વખત વ્યતીત થયા પછી કાળદંડે મુનિને પૂછ્યું કે 'હે ભગવન્! મને સ્વધર્મ કહો.' તેની આવી બહિર્મુખ વાણીથી તેને મિથ્યાત્વી જેવો જાણીને મુનિ તેને અનુસરતી ભાષામાં બોલ્યા કે "હે રાજપુત્ર! તું મને સ્વધર્મ કહો એમ કહે છે, તેથી શું તું એમ સમજે છે કે દુનિઆમાં અનેક ધર્મ છે? રાજ સભામાં બેસનાર! તને શું એવો મતિભ્રમ છે જેથી તું એમ પુછે છે? સાંભળ! પરમાર્થથી તો આ જગત્માં એકજ ધર્મ છે. ભિન્ન ધર્મ કાંઇપણ નથી. આ ધર્મ આવો, આ ધર્મ તારો, આ ધર્મ મારો, એમ વિભાગ કરીને લોકોએ ધર્મના સેંકડો કટકા કરી નાંખ્યા છે; આ સર્વ અજ્ઞાને થયેલું છે એમ સમજવું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કારણ કે સર્વ આગમો [1] ઘણુંકરીને તત્વનેજ અનુસરે છે. જેમ સરલ અથવા કુટિલ ગમે તેવા માર્ગથી ગંગાનું પાણી છેવટે સમુદ્રમાંજ જાય છે, તેમ વેષ અને ભાષામાં ફેર હોવા છતાં સર્વ લીંગીઓનો તત્વ તો એકજ છે. જેમ કાળી, ગોરી, રાતી વગેરે ગાયોનું દૂધ તો ધોળું અને સ્વાદિષ્ટજ હોય છે તેમ પરિણામે સર્વ સદ્દશ્ય છે. તેટલા માટે હે રાજ વંશી! પરમાર્થ દ્રષ્ટિથી જોઇએ તો વિદ્યા, વેષ, ભાષા જન્મ કુળ કે પરાક્રમથી કાંઈ સિદ્ધ થતું નથી પણ શુભ અશુભ કૃત્યથીજ જીવ ધાર્મીક કે પાતકી થાય છે. જે પ્રાણી સમ્યક્ત્વને અંગીકાર કરીને અહિંસા, સત્ય, અસ્તેય [2] સુશીલ અને પરિગ્રહાદિ વ્રતો સમયક્ પ્રકારે પાળે છે, તેનેજ ધાર્મીક જાણવા.

“ જેમ ચક્ષુવાળો પુરૂષજ સારૂં નઠારૂં જોઇ શકે છે તેમ સમ્યગ્દ્રષ્ટિ જીવજ તત્વથી ધર્મ અને અધર્મને જાણેછે. અને તેનાથી વિપરિત મિથ્યાદ્રષ્ટિ તો અધર્મને ધર્મ માનતાં સંસારાટવીમાં અનંતકાળ સુધી ભમ્યાં કરે છે, કારણ કે સુબુદ્ધિએ કરેલ દુષ્કૃત્ય પણ દુઃખદાયક થાય છે.

दुष्कृतं सुकृतं मीत्या कृतमप्यसुखं दिशेत् ।
पुष्पदामधिया स्पृष्टो न किं दशति पन्नगः ॥
धर्मस्य दुरितस्यापि पर्यंते महदंतरं ।
अन्यदेव फलं यस्मा न्माकंद पिचुमंदयोः ॥

---

૧. શાસ્ત્રો. ૨. ચોરી ન કરવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાવાર્થ—ખરાબ કૃત્ય જો કે સુકૃત્યની બુદ્ધિથી કર્યું હોય તોપણ દુઃખનેજ ઉત્પન્ન કરે છે. શું પુષ્પમાળની બુદ્ધિએ સ્પર્શ કરેલો સર્પ પણ નથી કરડતો? ધર્મનું અને પાપનું પર્યંતે (ફલ પ્રાપ્તિ સમયે) મોહોટું અંતર છે, જેમ લીંબડાના અને આંબાના ફળ સ્વાદમાં બહુજ અંતરવાળા છે.

"આગમના અભિપ્રાયને નહિ જાણનારા મિથ્યાદ્રષ્ટિઓ પુણ્યને અર્થે પાપજ કરે છે તે આવી રીતે-કૌળો મંદ બુદ્ધિથી અભક્ષ્ય ભક્ષણ ધર્મબુદ્ધિએ કરે છે; બ્રાહ્મણો વિવિધ જીવોની હિંસાપૂર્વક યજ્ઞો કરે છે; ભીલો જંગલમાં દાવાનળ દે છે; કેટલાક માટી વિગેરેથી સ્નાન, ગોદાન, સંધ્યા, પંચાગ્નિસાધન, ઝાડની સેવા, બળદનો વિવાહ (લીલ પરણાવવી) વિગેરે તત્વથી અધર્મને પણ ધર્મમાની કરેછે. મદ્યમાંસના ભક્ષણમાં અને માતંગીમાં આશક્ત કૌળ લોકોનું તો મ્લેચ્છોની પેઠે નામ લેવું તે પણ સારા માણસોને ઉચિત નથી. આવી રીતે દુર્મતિઓ પોતપોતાના શાસ્ત્રનો આશ્રય લઇને કુકર્મ આચરે છે. પણ અંતરંગ દ્રષ્ટિથી રહિત અને બહારનો રંગ જોવાવાળા લોકો શાસ્ત્રનો અભિપ્રાય જાણતા નથી; પરમાર્થનો સન્માર્ગ એક જુદોજ છે જે મુઢ પ્રાણીઓને અગમ્ય છે.

"સંસારમાં આશક્ત એવા કૌળ લોકોને એકાકાર, સિદ્ધપણારૂપ[1] અને અગમ્ય પરમપદની શી રીતે ખબર

૧. સંસારી મનુષ્યોને અને ખસુસ કરીને તત્વ દ્રષ્ટિનો વિચાર નહિ કરનાર મનુષ્યોને મોક્ષના અનંત સુખની કલ્પના થઇ શકે નહિ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પડે! કારણ કે તેઓ કાળથી ભક્ષ્ય છે અને કળાથી પેય છે. મૂર્ખ મનુષ્યોએ પંચાગ્નિ, યજ્ઞ અને સ્નાન વિગેરે લાક્ષણિક[1] શબ્દોને વાચકત્વમાં[2] જોડી દીધા છે. હે દેવાનુપ્રીય![3] તત્વદૃષ્ટિથી વિચાર કરતાં સંસારનો અંધકાર કયાં! અને જ્ઞાનરૂપી દીવો કયાં? તે બન્ને વચ્ચે વિષ અને અમૃતની જેમ મહોટો અંતર છે. વળી આ આખું જગત્ જ્ઞાનરૂપી નૌકા ન પામવાથી દ્વીપને તજી દઇને અવિદ્યારૂપી કાદવમાં મગ્ન થઈ હમેશાં વિષાદ પામે છે. હે કોટવાળ! આખા જગત્માં પથરાયલા મિથ્યાત્વરૂપી અંધકારના સૂર્ય, ચંદ્ર, વિદ્યુત, દીવો, અગ્નિ અને ચંદ્રમણિ વિગેરે કોઇ પણ પ્રકાશ વાળી વસ્તુથી નાશ કરી શકાય તેમ નથી; માત્ર જ્ઞાનજ તેનો પરાભવ કરવાને શક્તિમાન છે, કાળદંડ! તેં તો માત્ર સ્વધર્મનું સ્વરૂપ પૂછયું હતું, પણ મેં તો તારી પાસે સર્વ ધર્મનું સ્વરૂપ કહ્યું છે. તે લક્ષ્યમાં રાખજે. વળી જે મનુષ્ય તત્વનો જાણ, કરૂણાયુક્ત, પ્રિયંવદ,[4] નિસ્પૃહી, પવિત્ર અને અકિંચન[5] હોય છે

---

૧. સાંકેતીક શબ્દો.

૨. મૂળ અર્થમાં-આ શબ્દો સંકેતના છે અને મૂળ નથી તેથી તેનો અર્થ ખોટો કર્યો છે.

૩. સંબોધન-કોઇને નામથી ન બોલાવવો હોય તો આ રૂપ વપરાય છે.

૪. મધુર બોલનાર.

૫. દ્રવ્ય વિનાનો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેજ લોકોમાં ધાર્મીક કહેવાય છે. આ તમારા સર્વને પ્રાચિન કાળથી ચાલ્યો આવતો ધર્મ છે. ૧ ”

આ ઉપદેશ સાંભળીને કાળદંડ આશ્ચર્ય પામ્યો. જરા હસીને તેણે મુનિને કહ્યું કે “ હે ભગવન્! તત્વથી હું તમને ગાય જેવા મુખવાળા વાઘ જાણું છું. તમારી વાણી અત્યંત ગંભીર છે કારણ કે તમે અને ધર્મ માર્ગને કહેવા ઇચ્છતાં ‘ સર્વે મતો એકમતવાળાજ છે ’ એમ બતાવ્યું ! સ્વજન પેઠે ખરી હકીકત બહાર પાડી; અને મને નિરૂત્તર કર્યો. પરધર્મ દુર કરવા સાથે વિરોધ ન બતાવ્યો તેટલા માટે હે મુનિપુંગવ ! સર્વને હિતકારક અને સ્વસંબંધ યુક્ત વચન બોલવાને વાગીશ્વર (વાચસ્પતિ) પણ તમે પોતેજ છો. હે ભગવન્ ! ઘણા અંધકારથી આચ્છાદિત કમળના સમૂહને વિકસ્વર કરવામાં સૂર્ય સદૃશ તમારો મુગ્ધ બુદ્ધિવાળા લોકોને ઉપદેશ આપવામાં અત્યંત શ્રેષ્ટ ઉદ્યમ છે. હે ઉત્તમ ! મેં પણ નિશ્ચય કર્યો છે કે જે આપ કહો છો તેમજ હોવું જોઇએ—અન્યથા હોયજ નહિં. પુરાતનકાળથી ધર્મ અને અધર્મ એકજ જાતના કહેવાતા આવે છે તેમાં કાંઈ બહુ ભેદ નથી. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

૧. મુનિએ સુક્ષ્મ દ્રષ્ટિથી અને નિષ્પક્ષપાતપણે ધર્મનું સ્વરૂપ કહ્યું છે અને તેમાં કોઇ રીતે તેણે નિંદા કરી નથી. આ સ્વરૂપ તદ્દન જૈનને મળતું છે, પણ બીજા મનુષ્યના મગજમાં વાત કેમ ઉતારવી તેનો આ ઘણોજ ઉપયોગી દાખલો છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अहिंसामचलोवीरः सत्यं राजा युधिष्ठिरः ।
अस्तेयं मुनिं वाल्मीकि ब्रह्मचर्यं च नारदः ॥ १ ॥
त्यागं विदेहभूपालः पालयामास इवानिति ।
ते स्वर्गमपवर्गंच लेभिरे पुरुषोत्तमा ॥ २ ॥
अहिंसा सत्यमस्तेयं सुशिलमपरिग्रहं ।
पंचांगं एष लोकाना माधारो धर्म पादपः ॥ ३ ॥
ते येपि च महासत्वा निःसंगा मौनिनः स्थिराः ।
शीर्णपर्ण फलाहारा समाधौ मग्नचेतसः ॥ ४ ॥
समानाः शत्रुमित्रेषु पद्मात्र महीस्पृशः ।
परोपकारप्रवणा निरग्निशरणा सदा ॥ ५ ॥
अनेनैव हि धर्मेण शाश्वतेन महौजसा ।
आसेविरे ध्रुवं सिद्धं कोटि संख्या महर्षयः ॥ ६ ॥
जीवघातो मृषादत्तं पारदार्यं परिग्रहः ।
पंचेंद्रियाणि पापस्य मिथ्यात्वं प्राणपंचकं ॥ ७ ॥
हिंसया नहुषो राजा असत्येन वसुनृपः ।
चौर्येण कुंडलो नागः पारदार्येण रावणः ॥ ८ ॥
राजा परिग्रहेणैव कष्टं लेभे महत्तरं ।
निःशोषिता गुणा सर्वे एभिरेवापरेपिहि ॥ ९ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાવાર્થ—અચળવીરે[1] અહિંસા ધર્મ, યુધિષ્ઠિરે સત્ય ધર્મ, વાલ્મીક મુનિએ અચૌર્ય ધર્મ, નારદે બ્રહ્મચર્ય ધર્મ, અને જનક વિદેહીએ ત્યાગ ધર્મ સમ્યગ્ પ્રકારે પાળ્યો અને તેથી તે પુરૂષો સ્વર્ગ અને મોક્ષ પામ્યા. અહિંસા, સત્ય, અચૌર્ય, સુશીળ અને અપરિગ્રહ—આ પાંચ અંગ ધર્મ વૃક્ષના આધારભૂત છે. મહાસત્વ વાળા (મહર્ષિઓ), નિઃસંગ, મૌન ધારણ કરનાર, સ્થિર મન વાળા, સુકાયેલાં અને ખરી પડેલાં પાંદડાં અને ફળનો આહાર કરનાર, જેઓનું ચિત્ત સમાધિમાં મગ્ન છે એવા, શત્રુ અને મિત્ર ઉપર સમાન દ્રષ્ટિવાળા, પગ માત્રથીજ પૃથ્વીનો સ્પર્શ કરનારા, પરોપકાર કરવામાં તત્પર, અગ્નિનું શરણ નહિ ઇચ્છનારા એવા કરોડો મહર્ષિઓએ આ ( ઉપર કહેલા—અહિંસા વગેરે ) શાશ્વતા અને મહાતેજસ્વી ધર્મનેજઆદરીને ધ્રુવ (નિશ્ચલ) મોક્ષ સુખ મેળવ્યું છે. જીવઘાત, મૃષાવાદ, અદત્તાદાન (ચોરી), પરદારાનું સેવન અને પરિગ્રહ એ પાપરૂપ શરીરની પાંચ ઇંદ્રિયો છે અને મિથ્યાત્વ રૂપ દેહના એ પાંચ પ્રાણ છે. હિંસાથી નહુષરાજા, અસત્યથી વસુરાજા, ચોરીથી કુંડળ નાગ, પરદારા સેવનની ઇચ્છાથી રાવણ, અને પરિગ્રહથી અન્ય રાજાઓ મોટા કષ્ટને પામ્યાં અને તે રાજાઓના બાકીના ગુણો પણ તેથી નિઃશેષ થઈ ગયા.

---

૧. આ શબ્દના બે અર્થ છે. (૧) મહાવીર સ્વામી—ચોવીશમાં તીર્થંકર અથવા (૨) વિશ્વ. પહેલા નામનો વધારે સંભવ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"તેટલા માટે હે મુનિશ્વર ! આજે મારો સારો દિવસ ઉગ્યો, જેથી કરીને આપ મહાત્માનું મને દર્શન થયું. આપની સાથે ધર્મ ગોષ્ટિથી મારૂં મન પાપ કર્મથી અત્યંત વિરક્ત થઈ ગયું છે, તેથી આજથી હવે હું કુળ ક્રમાગત હિંસા શિવાય બીજા સર્વ પાપ આચરીશ નહિ. અમારા કુળમાં દેવી પૂજન પ્રાણઘાતથીજ થાય છે, અને તે મારાથી તજી શકાય તેમ નથી, કારણ કે હું ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થયેલો છું, ગૃહસ્થ છું, અને રાજાને આધીન છું. આપની જેમ હું સ્વતંત્ર નથી, તેથી માત્ર એક જીવહિંસા વિના હું બીજું પાપ નહિ કરૂં."

કાળદંડ આ પ્રમાણે કહીને જ્યારે મૌન રહ્યો ત્યારે શશિપ્રભ મુનિ બોલ્યા કે 'કાળદંડ ! હું તને પૂછું છું કે તેં શું પાપ તજ્યું ? જળમાં ડૂબેલો માણસ શું નાહ્યો ન કહેવાય ? જમેલ માણસ શું ઉપવાસ ( તે દીવસેજ ) કરી શકે ? તેમ શું હિંસક પ્રાણી અપાપી હોઈ શકે ? વળી હે દેવાનુપ્રિય ! જો તું હિંસા મૂકતો નથી તો તારે બીજા પાપનો ત્યાગ કરવાથી શું ? હિંસક પ્રાણીને ધર્મનો સંભવજ નથી યદુક્તં.

हिंसकस्य कुतो धर्म, कामुकस्य कुतःश्रुतं
दांभिकस्य कुतःसत्यं, तृष्णार्त्तस्य कुतो रतिः ।
विना जीवदयामेकां, संपूर्णावयवोऽपि सन्
विकलःसकलोधर्म, शरीरश्चेतनामिव ।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાવાર્થ—હિંસકને ધર્મ કયાંથી, વિષયી પુરૂષને ધર્મનું સાંભળવું કયાંથી, દાંભિકને સત્ય કયાંથી અને લોભે પીડતને સુખકયાંથી ? એક જીવદયા શિવાય સર્વ અવયવ વાળો ધર્મ ચેતના શિવાયના શરીર જેવો છે.

" જેમ શાક વિગેરે સર્વે પદાર્થ દુધપાકની શોભા માટે છે તેમ બાકીના બીજા તત્ત્વો ( વ્રતો ) દયાના પરિકર ( કુટુંબ ) ભૂત છે. જેમ કે મૃષા ભાષણથી પ્રાણીઓ પીડાય છે તેટલા માટે તત્ત્વત:અસત્ય ન બોલવું તે અહિંસાજ છે; જે પ્રાણીના દ્રવ્યની ચોરી થાય છે તે પ્રાણી દુ:ખી થઇ રૂવે છે, આક્રંદ કરે છે અને કદાચ મરી પણ જાય છે, તેટલા માટે અદત્તાદાનનું વર્જન [૧] તે પણત-ત્વથી અહિંસાજ છે; મૈથુન સેવવાથી યોનિમાં ઉત્પન્ન થયેલા બહુ ત્રસજીવોનો વિનાશ થાય છે તેથી બ્રહ્મચર્ય પાળવું તે પણ અહિંસાજ છે; આ શિવાય પરિગ્રહવિરમણ, [૨] રાત્રિભોજન નિવૃત્તિ વિગેરે વ્રતો પાળવા વડે અહિંસાજ પળાય છે; તે અહિંસા અંગીકાર ન કરવાથી ( હિંસા કરવાથી ) તને કયો ધર્મ થશે ? સર્વ ગુણો દયામાંજ લીન થઇ રહ્યા છે.—

तरंगा एव पाथोधौ, निश्वासा एव मारुते
तारका इव मार्तंडे, दयायां लिपरे गुणाः।

---

૧. ત્યાગ. ૨. પૈસા–મિલકતનું પ્રમાણ કરવું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેમ તરંગો સમુદ્રમાં, શ્વાસોશ્વાસ પવનમાં અને તારાઓ સૂર્યમાં લીન થઇ જાય છે તેમ સર્વે ગુણો દયામાં લીન થઇ જાય છે.

" વળી હે કાળદંડ ! જો તું પરંપરાથી ઉતરેલી હિંસાને મૂકતો નથી, સ્વીકારે છે, ત્યારે પિતૃના રોગને તું કેમ સ્વીકારતો નથી ? પરંપરાથી ઉતરી આવેલ દારિદ્રને જો તજી દેવાય છે તો હિંસાને તજતાં તે શુ ગળે વળગે છે ? વળી ગાધિપુત્ર વિશ્વામિત્ર [1] ઋષિ થયા તો તેનો ક્ષત્રીઓએ શું નિષેધ કર્યો ? તેવીજ રીતે આત્મહિત કરતાં કોઇ પણ માણસને કોઇ વારી શકતું નથી. શું હિંસકના કુળમાં ઉત્પન્ન થયેલો હિંસકજ થાય ? અ હિંસક થાયજ નહિ ? આંધળાનો પુત્ર આંધળોજ થાય ? તેનો તું વિચાર કર. વળી નિરપરાધી જીવોના ઘાતથી દેવીનું પૂજન થાય એવો ઉપદેશ કોણે આપ્યો ? આવો ઉપદેશ આપનાર મોટો વૈરી સમજવો. જીવઘાતથી દેવી તેમજ મનુષ્ય કોઈ પણ તુષ્ટમાન થતુંજ નથી. સર્વ દેવો અને દેવીઓ અહિંસાથીજ ખુશી થાય છે. વળી તારી કુળદેવી તો મહેશ્વર [2] ની પત્ની છે. જો ! રૂદ્ર ( શંકર ) ના પ્રાસા-

---

૧ કાન્યકુબ્જના રાજા ગાધીના પુત્ર વિશ્વામિત્ર પંડે ક્ષત્રિય પુત્ર હતા તો પણ તપસ્યા કરીને રાજર્ષિ,ઋષિ, મહર્ષિ અને છેવટે બ્રહ્મર્ષિની પદવી મેળવી. આ દાખલાથી મુનિ દર્શાવે છે કે ક્ષત્રિય પણ કુળક્રમાગત ધર્મ તજી આત્મહિત આચરી શકે. ૨. શંકર,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દમાં તો જીવઘાતની વાર્તા પણ થતી નથી, અને તેની સ્રીનું મદ્યમાંસથી તર્પણ થાય છે એવી ધર્મ વિરોધી દેવીઓ તો બહુ સારી પતિવ્રતા જણાય છે! તથા सर्वं विष्णुमयं जगत् ( આખું જગત વિષ્ણુથી વ્યાપ્ત છે) ઇત્યાદિ વાકયોથી શીવ ભક્ત અને વિષ્ણુ ભકતોએ અહંસાનોજ વિસ્તાર કર્યો છે; તેટલા માટે અહિંસાજ સર્વ માન્ય છે.

"વરદાન દેનારી સરસ્વતી અને લક્ષ્મી વગેરે લોક પ્રસિદ્ધ દેવીઓ તો સૌમ્ય[1] છે, અને વધપ્રિય ડાકિની, શાકિની અને રાક્ષસીઓ તો પ્રાયે કુત્સિત[2] દેવીઓ છે. કાળદંડ! તારે દેવી પૂજનનું શું કામ છે? ભાગ્ય વગર દેવી પણ ફળ આપતી નથી.

फलन्ति भागधेयानि, निमित्तं देवतादयः

निःपुण्याः कति न त्यक्ता, देवीभिः साधकाःकिल

નશીબજ ફળે છે—દેવતા વિગેરેતો નિમિત્તમાત્ર છે. પુણ્ય વગરના ઘણા સાધકોને શું દેવીએ નથી તજ્યા? તેટલા માટે બુદ્ધિમાન્ પુરૂષોએ અન્ય દેવોને તજી દઇને મનમાં ચિંતવેલા સર્વ અર્થને આપનાર, સર્વ દેવતાથી અધિક, પરમાત્મા, ભિન્ન અને શુદ્ધ સ્વરૂપ વાળા એવા

૧ શાંતમૂર્ત્તિ. ૨. સાધારણ, હલકી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આત્માનેજ સાધવો, જેથી અનુક્રમે પરમાનંદ સંપદા[૧] પ્રગટ થાય.

"સ્વાધીન, શાશ્વત, વ્યાપક, સર્વજ્ઞ અને સર્વ કામદ[૨] એવો આરાધિત આત્મા, જે કરી શકે તે કરોડો દેવતા પણ કરી શકે નહિ. દુષ્ટ અને સ્વભાવથી મૂર્ખ પ્રાણીઓ છળ ગ્રહણ કરનારા ક્રૂર દેવતાઓને સાધે છે, પણ શુદ્ધ આત્માને સાધતા નથી; વળી લોકો પુત્ર કલત્રની વાંછાથી પણ દેવતાનું આરાધન કરે છે, પરંતુ તેઓ જાણતા નથી કે કેટલા પુત્રોએ અને કેટલી સ્ત્રીઓએ પિતા અને પતિ વિગેરેનો નાશ કર્યો નથી? જેઓએ મહેશ્વરદત્ત વિગેરેની કથા સાંભળી નથી તે અજ્ઞાનીઓનો પુત્ર કલત્રાદિ ઉપર મોહ ગાઢ રહે છે. તે મહેશ્વરદત્તની કથા આ પ્રમાણે:—

'તામ્રલીપ્તી નગરીમાં 'મહેશ્વરદત્ત' નામનો લક્ષ્મી વાળો સાર્થવાહ હતો; તેનો પિતા 'સમુદ્ર' નામનો હતો જે લક્ષ્મી સંચય કરવામાં અતિ આસક્ત હતો અને તેની માતા 'બહુલા' નામની હતી. દ્રવ્ય સંચય કરવામાં વ્યસની તે પિતા મરીને તેજ દેશમાં પાડો થયો. પતિના મરણથી આર્ત ધ્યાનમાં દગ્ધ એવી તેની માતા પણ મરીનેજ તેજ નગરમાં કૂતરી થઇ. મહેશ્વરને અદ્‌ભૂત રૂપ સૌભાગ્યને ધરનારી 'ગાંગીલા' નામની પત્ની હુ-

---

૧. મોક્ષ લક્ષ્મી. ૨. ઇચ્છાને પૂરનાર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તી. જેમ મહેશ્વરને ગૌરી (શંકરને પાર્વતી) તેમ તેને તે હતી. કેટલાક દીવસ પછી સ્વભાવથી ચંચળ અને સાસુ સસરા વગરની તે ગાંગીલા ઘરમાં એકલી હોવાથી સ્વેચ્છાચારી થઇ, અને પોતાના પતિને છેતરીને પર પુરૂષ સાથે રમવા લાગી. 'એકલી સ્ત્રીનું સતીત્વ કેટલા વખત સુધી રહે ?'

એક દિવસ પર પુરૂષ સાથે તે રમતી હતી તેવામાં મહેશ્વરદત્ત અકસ્માત્ ઘેર આવ્યો. તેને આવેલ જોઇને તે કુલટા અને જાર, વીખરાયલા કેશવાળા, સુરત પ્રયાસથી અને મહેશ્વરદત્તના ભયથી કંપતી જંઘાવાળા, ભયયુકત નેત્રવાળા, ઉત્તરીય વસ્ત્ર ( ઓઢવાનું વસ્ત્ર ) વગરના, લગભગ નગ્ન અને પગલે પગલે સ્ખલના પામતા, ભયવડે ઉપદ્રવીત થઈ ગયા. મહેશ્વરદત્ત આ બનાવ જોઇને ક્રોધાયમાન થઈ ગયો. તેણે જાદુગરની પેઠે તે જારને પકડયો અને ચોટલીથી પકડીને માંત્રિક જેમ પકડેલા ભૂતને મારે તેમ તેને હાથ વડે ખૂબ માર્યો, જેમ કુંભાર માટીને ખુંદે તેમ પાદપ્રહારથી તેને ખુંદ્યો, ઘરમાં પેઠેલા કૂતરાની જેમ તેને લાકડી વડે માર્યો; ટુંકામાં તેને ઘણા પ્રહારથી ક્ષણવારમાં મૃતપ્રાય કરી નાંખ્યો. કારણ કે મનસ્વી પુરૂષને જેટલો જાર ઉપર કોપ થાય છે તેટલો ચોર ઉપર થતો નથી. યમના બંધુની જેવા રૂષ્ટમાન થયેલા મહેશ્વરદત્તે અધમુવો કરી નાંખેલો તે જાર મહામુશ્કેલીથી છુટયો અને થોડે છેટે જઈ વિચારવા લાગ્યો કે અહો મને ધિક્કાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે, કે મેં આવું મહા નિંદ્ય કર્મ આચર્યું ! મારૂં અકાર્ય ઈચ્છિત આપનાર તીર્થની પેઠે મને સદ્ય ફળ્યું-એટલે કે મારા મરણને માટે તે થયું - આમ વિચારતો તે જાર તુરત ત્યાં મરણ પામીને પ્રથમ પોતે ભોગવેલી ગાંગીલાની કુખમાં પોતાનાજ વીર્યમાં પુત્રપણે ઉત્પન્ન થયો ગાંગિલાએ સંપુર્ણ કાળે પુત્રને જન્મ આપ્યો; મહેશ્વરદત્ત જારથી ઉત્પન્ન થયેલા પુત્રને પણ પોતાના પુત્રની જેમ માનતો વિવિધ પ્રકારનીક્રિડા કરાવવા લાગ્યો, પોતે પ્રત્યક્ષ દેખેલો પોતાની સ્ત્રીનો કુલટાપણાનો દોષ પુત્ર પ્રીતિથી ભૂલી ગયો અને પુત્રનું ધાત્રીની જેમ પાલન કરવા લાગ્યો. દિન પ્રતિદિન વૃદ્ધિ પામતા અને દાઢી મૂછ ખેંચતા તે બાળકને, જેમ કૃપણ મનુષ્ય ધનને હંમેશા છાતી આગળ ધરી રાખે તેમ, હૃદય આગળ ધરી રાખવા લાગ્યો.

એક દિવસ પિતાનો મરણ દીવસ ( સંવત્સરી) આવ્યો, ત્યારે માંસની ઇચ્છાથી પોતાના પિતાના જીવ પાડાનેજ તેણે ખરીદ કર્યો અને શ્રાદ્ધમાં પોતાના હાથેજ તેનો વધ કર્યો. પછી હર્ષથી તેનું માંસ ખાતો ખાતો ખોળામાં રહેલ પુત્રને પણ તે ખવરાવવા લાગ્યો. તે અવસરે તેની મા ( જે કૂતરી થઈ હતી તે,) પણ માંસ ખાવાની ઇચ્છાથી ત્યાં આવી. મહેશ્વરદત્તે તેના તરફ માંસ તથા હાડકાં ફેંકયાં. કુતરી ભર્ત્તારના હાડકા ચાવતી ચાવતી જેમ પવનથી પ્રેરિત ધુમાડાની શીખા નાચે તેમ પૂંછડું નચાવવા લાગી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ અવસરે મહેશ્વરદત્તને ઘેર માસક્ષપણને [1] પારણે કોઇ મુનિ આવ્યા. મુનિ જ્ઞાનવાન હોવાથી મહેશ્વરદત્તનો સર્વ વૃત્તાંત જાણી વિચાર કરવા લાગ્યા 'અહો! ધિક્કાર છે આ અજ્ઞાનને! આ પુરૂષ પિતાનું માંસ ખાય છે! અને ખોળામાં પોતાના શત્રુન ધારણ કરી રાખ્યો છે! વળી આ પાસે ઉભેલી કૂતરી ખુશી થઇને પોતાના (ગત ભવના) પતિના માંસ યુકત હાડકાં ચાવે છે! અહો! આ સંસાર આવા પ્રકારનો છે!—આ પ્રમાણે વિચાર કરીને મુનિ તેના ગૃહથી તત્કાળ બહાર નીકળ્યા; તેને જોઈને મહેશ્વરદત્ત દોડયો અને પાસે જઈ વંદન કરી બોલ્યો 'હે ભગવન્! ભિક્ષા લીધા વિના આપ મારા ગૃહથી કેમ પાછા ફર્યા? હું તમારો અભકત નથી (ભકત છું), વળી મેં તમારી અવજ્ઞા પણ કરી નથી. આપના દર્શનથી હું અત્યંત હર્ષીત થયો છું, માટે ભિક્ષા લઇને પધારો'.

મુનિએ જવાબ આપ્યો 'માંસ ભક્ષણ કરનારને ઘેરથી હું આહાર લેતો નથી, તેથી હું અહીંથી ભીક્ષા નહિ લઉં. વળી મને તારા ઘરનું સ્વરૂપ જોવાથી ઘણોજ સંવેગ [2] ઉત્પન્ન થયો છે' મહેશ્વરદત્તે તેનું કારણ પૂછવાથી મુનિએ તેની પાસે પાડાની, કુતરીની અને પુત્રની કથા જેમ બની હુતી તેમ કહી સંભળાવી. મહેશ્વરદત્તે 'આ બાબતની ખાત્રી શી?' એમ પૂછવાથી મુનિએ

---

૧. એક માસના ઉપવાસ. ૨. વૈરાગ્ય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભોંયમાં દાટેલ ભંડાર સંબંધી હકીકત કૂતરીને પુછવાનું કહ્યું. એ વખતે કૂતરીને જાતિસ્મરણ જ્ઞાન થયું, તેથી દાટેલ નિધાનનું સ્થાન ખણવા લાગી. તે સ્થાનકે નિધાન નીકળેલું જોઈને મહેશ્વરદત્તને ખાત્રી થઈ એટલે તેણે સંસારથી ઉદ્વિગ્ન થઇ પોતાની સર્વે લક્ષ્મીનો સુપાત્રમાં વ્યય[૧] કરીને દિક્ષા ગ્રહણ કરી."

આ પ્રમાણે મહેશ્વરદત્તની કથા મુનિએ કાળદંડ પાસે કહી અને પછી કહ્યું કે ' જેઓએ આવો વૃત્તાંત સાંભળ્યો નથી તેઓ પુત્ર કલત્રમાં આસક્ત રહે છે, અને તેની પ્રાપ્તિ માટે અનેક કૃત્યો કરે છે, તથા દુષ્ટ દેવોની આરાધના કરે છે; તત્વજ્ઞાનીઓ કદાપિ પણ એમ કરતા નથી, જીવદયા માટે તો ઉલટા પુત્ર કલત્ર વિગેરેનો ત્યાગ કરે છે. જેમકે –

उग्रसेनस्य तनयां, देवो जीवदयापरः
अरिष्टनेमिस्तत्याज, प्रियां राजीमतीमपि।
गर्भर्णाघातसंजात, पातकाद्यांतशांतये
तत्याज राजराजेंद्रो, हरिश्चंद्रो महिमिति।

અરિષ્ટનેમિ ભગવાને ( આ ચોવીશના બાવીશમાં તીર્થંકર અને કૃષ્ણ વાસુદેવના ભાઈએ ) જીવદયા તત્પર થઇને ઉગ્રસેનની દીકરી ( અને પોતાની થવાની સ્ત્રી )

૧. ખરચ કરવો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજી મતીનો પણ ત્યાગ કર્યો. રાજરાજેંદ્ર હરિશ્ચંદ્ર રાજાએ ગર્ભિણી સ્ત્રીનો ઘાત કરવાથી બંધાયેલા પાપની શાંતિને માટે પૃથ્વીનો ત્યાગ કર્યો.

"હે મહાભાગ ! હું ક્ષત્રીય છું ' એમ જાણીનેજ તું હીંસાને મૂકીદે, કારણ કે નિરપરાધી પ્રાણીઓને તો ધીવર [૧] મારે છે, પણ ક્ષત્રીઓ તો મારે જ નહિ; વળી આ હીંસાતો કાળરાત્રીની જેમ વૈતરણી [૨] નદીની જેમ તથા કિંપાકની[૩] લતાની જેમ મહાદુઃખની દેનારી છે. હીંસા બિભત્સ અને ભયાનક રસ યુક્ત રૌદ્ર રસજ છે. હીંસાથી મલીન ચિત્તવાળા કંસ વિગેરે કેટલાક બળવાન પુરૂષો આપદાને પામ્યા છે તેનો તું વિચાર કર ! વળી જેમ વિષ પોતે તો મારી નાંખે છે એટલુંજ નહિ પણ તેની ગંધ પણ દુઃખ દે છે; તેમ હીંસા તો દુઃખ દેજ પણ તેનો લેશ પણ અત્યંત દુઃખ દે છે. ' વળી કળાવતી [૪] મિત્રાનંદ [૫] પ્રમુખ જીવો હીંસાથી પણ

---

૧. મછીમાર. ૨. નરકમાં રૂધીર તથા માંસની ભરેલી નદી છે. ૩. એક જાતના ફળ છે, જે દેખાવમાં બહુ સુંદરને સ્વાદીષ્ટ છે, પણ ખાધાથી મરણ નીપજાવે છે.

૪. શંખ રાજાની સ્ત્રી—તેનું વિસ્તારથી ચરિત્ર અમારી છપાવેલી ' ચરિતાવળી ભાગ ૧ લા ' માં આપેલું છે તે જુઓ.

૫. અમરદત્તનો મિત્ર—તેનું ચરિત્ર જૈનધર્મ પ્રકાશના પુસ્તક ૬ માં આપેલું છે તે જુઓ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુસ્તર દુઃખ સમુદ્ર પામ્યા અને દૃઢ પ્રહારી, ચિલાતી પુત્ર વિગેરે મહાપાપીઓ હતા પણ સદ્‌ગુરૂનો સંયોગ થયો ત્યારે હીંસા તજી દઇને પરમાનંદ પદને પામ્યા.

" કાળદંડ ! તું પણ મહામોહ રૂપી પાડાને હણીને નિજ ચિત્ત વૃત્તિ નામની અંતર્દેવીને હમેશાં પ્રસન્ન કર. નિરપરાધી પશુને હણવાથી તને શું લાભ છે ? તેમજ બીજા અનર્થના હેતુ દેવતાઓને સેવવાથી પણ શું લાભછે? વળી જો તું મહાઉપદ્રવમય જીવઘાત નહીં તજી દેતો પછી પરિણામે આ કુકડાના યુગળ જેવી તારી પણ ગતી થશે."

કાળદંડે આશ્ચર્ય પામી. મુનિને પૂછયું કે 'હે સ્વામી આ બંન્ને કોણ છે ? અને પહેલાં એમણે શું કર્યું હતું ? ત્યારે મુનિએ પિષ્ટમય કુકડાને હણ્યા વિગેરે અમારો વૃત્તાંત મૂળથી માંડીને તેની પાસે કહ્યો-હું રાજા હતો, અમે બન્ને મા અને પુત્ર હતા અને મારૂં કાળકુટના પ્રયોગથી મૃત્યુ થયું હતું; ત્યાર પછી અમે મયુરને શ્વાન, નોળને સર્પ, મત્સ્ય ને ગ્રાહ, બકરો ને મેંઢો, મેંઢો અને પાડો, અને છેવટે બન્ને કુકડા થયા એ પ્રમાણે સર્વ ભવનું સ્વરૂપ મુનિએ કહ્યું, તે સાંભળીને અમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. અમે બન્ને મુનિના પગમાં પડયા. તે વખતે કાળદંડે અમને આરડતા, ચકિત થયેલા, ભ્રાંત, કંપતા, મુનિના પગમાં લોટતા અને પૂર્વભવ સંભારતા જોયા, તેથી તે બોલ્યો " હે રાજન સુરેંદ્રદત્ત ! તું કેમ આવી દશા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામ્યો ? માલવભૂપાળ અને ઈંદ્રતુલ્ય સંપત્તિવાળો તું કયાં અને કુકડાનો જન્મ કયાં ? અહોભવિતવ્યતાની પ્રબળતા ! અહો સ્વામી! તમારી આવી દશા જોઈને મારૂં મન બહુજ દુભાય છે, પરંતુ હે મહારાજ ! તું વિષાદ પામીશ નહિ, તું રૂદન બંધકર. કારણ કે આ સંસાર સાર વગરનો છે, અને ખરેખર તારા પુત્ર, મિત્ર, કલત્ર અને સંબંધી બંધવ જેવા મુનિએ કહ્યા તેવાજ હજુ છે, ફકત તુંજ એક બદલાઇ ગયો છે. માટે હવે જે વસ્તુની તારે ઈચ્છા હોય તે વસ્તુની આજ્ઞા કર જેથી હું લાવી દઉં, હું તારી કૃપાને પાત્ર કાળદંડ નામે સેવક છું. હે દેવ! માથાની સંજ્ઞાથી તું મારી વાણીનો અંગીકાર કરે છે પણ હું તારી વાણી સમજી શકતો નથી."

આચાર્યે કાળદંડને કહ્યું " આયુષ્મન્ ! આ કુકડા અણશણની યાચના કરે છે. અંતર્મુહૂર્તમાં બન્નેનું મૃત્યુ થશે; પરલોકમાં જતાં બન્નેને ધર્મરૂપી ભાતું બંધાવવું યોગ્ય છે. ' આ પ્રમાણે કહી મુનિએ તેઓને અણશણ કરાવ્યું અને ચાર શરણ [1] કરાવ્યા. કાળદંડ આશ્ચર્ય પામતો હતો કે બન્ને નિરોગીનું મૃત્યુ કેમ થશે? તે વખતે મુનિએ કરાવેલી પાપસ્થાનકની નિવૃતિમાં ૐ એવો શબ્દ બોલવા માટે તેઓ ( કુકડા ) એ ખોંખારો માર્યો તે ગુણધર રાજાએ સાંભળ્યો.

---

૧. અરિહંતનું શરણ, સિદ્ધનું શરણ, સાધુ (મહાત્મા) નું શરણ અને શુદ્ધ ધર્મનું શરણ એ ચાર શરણ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે વખતે એકાંતમાં બેઠેલા રાજાએ જયાવળી દેવીને પ્રીતિપુર્વક કહ્યું કે 'દેવી! જો તારા મનમાં આશ્ચર્ય છે તો મારૂં શબ્દવેધિપણું જો' એમ કહી રાજાએ સર્પના શરીર જેવું ભયંકર, ક્રુર અવાજ કરતું, અને વજ્રદંડ જેવું કર્કશ ધનુષ્ય હાથમાં ગ્રહણ કરીને તેના ઉપર પોતાના નામથી અંકિત, લોહમય બાણ ચડાવ્યું.

આ વખતે ગુરૂ દિવ્ય દ્રષ્ટિથી બોલ્યા 'હે કાળદંડ બન્નેનું મૃત્યુ જલદી આવે છે, માટે આકુળવ્યાકુળ થયેલા કુકડાઓનું તું રક્ષણ કર.'

કોટપાળ તરવાર કાઢીને સર્વ દિશામાં જોવા લાગ્યો. તે વખતે રાજાએ બાણ મૂકયું, એટલે હુંકાર સ્વરથી ભયંકર, તીક્ષ્ણ અને અણીવાળું બાણ (અમારા) અજ્ઞાન પણે અમારી પાસે આવી, અમારૂં શરીર ભેદી, પ્રાણ હરી લઈને જરા આઘે જઈ પૃથ્વીમાં પેસી ગયું. હે રાજન્! પ્રથમ ભવમાં મેં જે સ્વપ્ન જોયું હતું જે હું મારી મા[1] વડે પાડી દેવાયો સતો ધવલગૃહથી છ ભૂમિ નીચે પડયો અને મારી મા પણ દોડતી સતી ત્યાં આવી તે સ્વપ્નનું, સાક્ષાત્ ફળ અનુભવ્યું! આવી રીતે અમારો તિર્યંચ્ ગતિમાં છઠ્ઠો ભવ થયો.

## इति श्री यशोधरचरित्रे नृपजनन्यो सप्तमो भवः

---

૧. આ ખરાબ કૃત્યમાં મારી માએ પ્રેરણા કરી, મેં કૃત્ય કર્યું, તેથી હું છ ભવ રખડયો અને સાથે મારી માતાને રખડવું પડયું—એ ઉપનય છે.

P.P. Ac. Gunratnasuri M.S.    Jun Gun Aaradhak Trust

આ અદ્ભુત, ભયાનક, રૌદ્ર, વીર, બીભત્સ, શાંત અને કરૂણા રસને અનુકુળ બનાવ જોઈને કાળદંડના લોચન ઉદ્ભ્રાન્ત થઈ ગયા, તેમજ ચંચળ, ભિન્ન, ખિન્ન અને પ્રછન્ન થવા સાથે તેમાંથી અશ્રુપ્રવાહ [૧] ચાલુ થયો. કાળદંડ મંદ થઇ ગયો, અશ્રુ રૂપજળ વરસાવ્યું અને રોમાંચિત થયો; શોક કરતાં કરતાં મસ્તક ધુણાવવા લાગ્યો અને વ્યાકુળ થઇ ગયો.

આ વખતે તે આ પ્રમાણે બોલ્યો ' મેં આ શું ઇંદ્ર જાળ જોયું? કે મેં આ સ્વપ્નનું સ્વરૂપ અનુભવ્યું ? આ શું થઇ ગયું ? મહા માઠું તો એ થયું કે આ જાતિ સ્મરણ પામેલા બન્ને કુકડાઓ અકસ્માત મરણ પામ્યા ! વળી આવા સુક્ષ્મ પાપનો આ કુકડાઓને મહા ભયંકર વિપાક થયો તો જન્મથી પાપ રૂપી કાદવમાં મગ્ન મારી શી ગતિ થશે ? નિરપરાધી જીવોનો ઘાત કરવાથી મેં મારા આત્માને કર્મથી ભારે કર્યો છે. ભુજબળથી ગર્વીત રાજાએ મૂકેલાં બાણના પ્રયોગથી મરણ પામીને આગળ પડેલાં રૂધીર માંસ વસા [૨] થી યુક્ત બંને પક્ષિઓનાં આંતરડાં મહા દુર્ગચ્છા ઉત્પન્ન કરે છે; તેજ પ્રમાણે સર્વ જીવોનાં શરીરનો બાંધો બહારથી દેખાવમાં સુંદર લાગે છે પરંતુ અંદરથી આવો અશુચિથી ભરેલો છે ! અહો ! અજ્ઞાની પુરૂષો

૧ આંસુની ધાર.

૨. ચરબી.

P.P. Ac. Gunrathasuri M.S. Jun Gun Aaradhak Trust

આવા મળ મુત્રના ઘર, રોગના નિવાસસ્થાન અને નાશ વંત શરીરને નિમિ-તે કરોડો ભવના કારણરૂપ-કરોડો ભ-વમાં ભ્રમણ કરાવનાર પાપો આચરે છે. ”

આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતાં કાળદંડ નૃપ અને નૃપ જનનીના દુઃખ માટે અને તેઓના વિયોગ માટે શોક કરી મુનિને કહ્યું કે “ હે મુનીશ્વર ! હે શરણ્ય ! તમેજ હવે મારા શરણ ભૂત થાઓ, સંસારથી ભય પામી જીવ વધથી હું નિવર્ત્યો છું ! હું આપને વારંવાર નમ-સ્કાર કરૂં છું. પૂર્વ ભવના કોઇ મહા સુકૃત્યના ઉદયથી આપ જેવા પરમ મુનીશ્વરનો મને મેળાપ થયો છે. આપના જેવા અકિંચન [૧] અને તત્વના જાણ મહાત્માઓ મારી જેવા પરિચય વિનાના અને ધર્મથી પરાઙ્મુખ જડ મનુષ્યોને ધર્મ પમાડે છે, તેમાં કરૂણાજ કારણભૂત છે. માટે કરૂણા લાવી આ સેવકને દુસ્તર ભવસમુદ્રથી તારો. ”

મુનિ બોલ્યા “ હે દેવાનુપ્રિય ! શુદ્ધ આત્મધર્મ અંગીકાર કર જેથી શિઘ્રપણે તારી ઇષ્ટ સિદ્ધિ થાય. આવાં વચન સાંભળી કાળદંડ સમકિત મૂળ બારવ્રત [૨] ગુરૂ

૧. કંચન—સોનાના (પરિગ્રહણમાત્રના) ત્યાગી.

૨. શ્રાવકના બારવ્રત નીચે પ્રમાણે છે. ૧ સ્થુળપ્રાણાતિપાત વિરમણવ્રત. ( સ્થુળ હિંસાનો ત્યાગ. ) ૨ સ્થુળમૃષાવાદ વિરમણવ્રત ( સ્થુળ અસત્યનો ત્યાગ ) ૩ સ્થુળ અદત્તાદાન વિ-રમણવ્રત (સ્થુળ ચોરીનો ત્યાગ) ૪ સ્વદારાસંતોષ (પરસ્ત્રીનો ત્યાગ) ૫ પરિગ્રહનું પ્રમાણ ૬ દિગ્પરિમાણવ્રત ( દશ દિશામાં જવા

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજ સમીપે લીધાં અને તેજ દીવસથી પરમ શ્રમણોપાસક[૧] થયો.

હે મારિદત્ત રાજા! અમને પૂર્વ ભવના પિતા તથા માતામહીને (મોટી માને) મારીને તે ગુણધર રાજા આનંદથી જયાવળી દેવી સાથે ભોગ ભોગવવા લાગ્યો. અને તે અભિલાષા યુક્ત દેવીના ઉદરમાં પોતાના વિર્યનું સ્થાપન કર્યું. સંભોગ સમાપ્ત થયા પછી પણ તે દેવીનું લાલિત્ય[૨] જોઇને કામેચ્છા જાગૃત થવાથી શય્યામાંથી ઉઠતી દેવીને તેણે ફરી ફરીવાર આલિંગન દીધું. ગાઢ સંભોગથી તે દેવી શિથિળ થઈ ગઇ અને લોચન ભમવા માંડયા. તેજ વખતે અમે બંને જીવો સ્ત્રી અને પુરૂષ પણું ધારણ કરી પુત્ર વધૂની કુક્ષિમાં ઉત્પન્ન થયાં. દેવી બંને ગર્ભનું પાલન કરવા લાગી. માલવેશ્વરે સીમંતાદિક માંગલિક સંસ્કારો સ્નેહ પૂર્વક કર્યા.

તે દેવીને શુભ ગર્ભના પ્રભાવથી ઉત્તમ દોહદ થવા લાગ્યાં; જેવાકે અભયદાન દેવું, સર્વ જીવોને પોતાની સદૃશ

---

આવવાનું પ્રમાણ) ૭ ભોગોપભોગનું પ્રમાણ અને રાત્રીભોજન વિગેરે અભક્ષ તથા કર્માદાનોનો ત્યાગ. ૮ અનર્થ દંડ વિરમણ, ૯ સામાયિકવ્રત ૧૦ દેશાવગાસિકવ્રત ૧૧ પૈષધ વ્રત ૧૨ અતિથિ સંવીભાગ (સાધુને વહોરાવવું તથા સ્વામી ભાઇનું વાત્સલ્ય કરવું) આ બાર વ્રત જેને હોય તેને 'બારવ્રત ધારી શ્રાવક' કહેછે.

૧. સાધુની ભક્તિ કરનાર શ્રાવક. ૨. સૌંદર્ય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માનવા વિગેરે. તે દેવીએ કારાગૃહમાંથી કેદીઓને, બંધન માંથી મૃગોને અને પાંજરામાંથી પક્ષીઓને છોડી મૂકાવ્યાં. તથા પોતાના દેશમાં સર્વ જળાશયોમાં તથા વનોમાં શૌનિકકર્મ[૧], મત્સ્ય બંધનની જાળ અને પાસલા નાંખવાનો નિષેધ કર્યો, તે રાણી જીવ દયા પાળવામાં ઉત્સુક થઇને વૃક્ષભંગ, વિષનું વેચવું વિગેરેમાં બને તેટલો નિષેધ કરવા લાગી.

તે દેવીએ દ્યુતમાં[૨] પણ 'મારી' એ શબ્દ બંધ કરાવ્યો અને કસ્તુરી, ગોરોચના, હંસતુલિકા અને મોર પિચ્છનું છત્ર વિગેરે જીવના અંગથી ઉત્પન્ન થયેલી વસ્તુઓ પણ તેણે વાપરવી બંધ કરી.

રાજા તેને વારંવાર દોહદ પૂછતો હતો તેથી એક દીવસ રાણીએ મૃગયામાંથી નિવર્તવા કહ્યું. રાજાએ તે અભિપ્રાય જાણીને રાણીનું વચન અંગીકાર કર્યું. કારણ કે રાજા તેનું વચન ઉલંઘી શકતો નહતો; અને રાણીની સ્તુતિ કરતો હતો.

ગર્ભ ધારણ પછી તે રાણી નિરંતર દાન દે છે, દેવ પૂજન કરે છે, ગુરૂ સેવા કરે છે, રાજાને સંતોષે છે; અતિ

---

૧. પારાધીનું કામ.

૨. સોગઠાબાજીમાં સોગઠીને ઉડાડવી તેને "મારી" કહેવામાં આવે છે. આ શબ્દ બંધ કરાવ્યો કારણ કે તે મૃત્યુ સૂચક છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નિદ્રા, અતિ શીત, અતિ ઉષ્ણ અને અતિ મૃદુ[1]વસ્તુનો ત્યાગ કરે છે. અતિ કડવી અને તીખી વસ્તુઓ કૌમાર વિદ્યામાં નિપુણ વૈદ્યોએ ના પાડવાથી રાણી ખાતી નથી.

આવી રીતે ગર્ભનું પાલન કરતાં અનુક્રમે શુભ વેળાએ સંપૂર્ણ લક્ષણથી યુક્ત પુત્ર અને પુત્રીને તેણે જન્મ આપ્યો. આખા નગરમાં ફૂલ પાથરી દીધાં, પતાકાઓ ચડાવી દીધી, અને બંદિજનો માંગલિક શબ્દ બોલવા લાગ્યા. રાજ ભુવન ઘણા મનુષ્યોથી ભરપૂર થઇ ગયું અને સધવા સ્ત્રીઓ ગીત ગાવા લાગી. જે દાસીએ રાજા પાસે પુત્ર પુત્રીના જન્મની વધામણી દીધી, તેને રાજાએ વાંછા કરતાં પણ અધિક દ્રવ્ય આપ્યું.

ધાવ્યોવડે અમે ઉછેરાયાં. અમે કોઈ દીવસ જુદાં પડતાં નહિ, દડા વિગેરેની રમત સાથે રમતા હતા. અમારી મા જયાવળી દેવી અમને મિષ્ટ વચનથી નિરંતર બોલાવતી હતી. ગુણધર રાજા અમને ખોળામાં બેસાડી પોતાના મુખમાંથી તંબોળ દેતો હતો, અને પ્રિય આલાપથી બોલાવતો હતો.

અમે અમારા પુત્રને 'તાત તાત' અને પુત્ર વધૂને 'મા મા' એમ કહી બોલાવતા હતા. યોગ્ય ઉમરે અમને વિનોદી, અપ્રમાદી અને પ્રસિદ્ધ ઉપાધ્યાય પાસે ભ-

૧ પોચી.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ણવા મૂકયાં; અને તેની પાસેથી અમે સર્વ કળાનો અભ્યાસ કર્યો; અનુક્રમે ક્રિડા નદીના પૂર જેવું બાળત્વ ઉલ્લંઘીને ક્રિડા વન જેવું યૌવન પામ્યાં.

સર્વે લોકો મને શરીરના સદૃશાપણાથી સુરેંદ્રદત્ત જેવો અને મારી બહેનને ચંદ્રમતી જેવી જોઇને અત્યંત આનંદ પામ્યાં. રાજા મારા યૌવરાજ્યાભિષેક માટે અને મારી બહેનના સ્વયંવર મંડપ માટે મનમાં ત્વરા કરતો હતો. બીજી વખત પણ મનુષ્યપણું પામીને તે રાજા ( મારા અગાઉના પુત્ર ) ના પુત્રત્વ પામેલા એવા અમારા બન્નેનાં પરમ આનંદ રસમય દીવસો ક્ષણની જેમ જવા લાગ્યા.

આવી રીતે બહુ વર્ષ જવા પછી એકદા તે માલવેંદ્ર ગુણધર રાજાને ફરીવાર મૃગયા કરવાની દુર્મતિ થઇ; મૃગયા કરવા જતાં આ પ્રમાણે દુર્ધ્યાન કરવા લાગ્યો. ' હવે રાજ્યભાર તજીને સર્વ પરિગ્રહ પ્રસંગથી મુક્ત થઈ હર્ષ પૂર્વક અને શીઘ્રપણે સર્વે શ્વાપદોને હણી નાખીશ; વળી રાત્રે અને દીવસે વિચરીને ટાઢ, તડકો અને પવનની વેદનાને નહિ ગણકારતાં સુવાની ઈચ્છા થશે ત્યારે વૃક્ષના મૂળ પાસે નિદ્રા લઇશ અને જાગૃત થઇને ફરીથી ધનુષ બાણ ધારણ કરી અપ્રમાદ પણે પૂર્વે પોષિત વિષયોનું અનેક વાર પરિવર્તન કરીશ. ' આવા દુષ્ટ વિચારો કરતો મૃગયાશીળ રાજા મૃગને શોધતો શોધતો, કંઠમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધનુષ રાખીને, વેગવાન અશ્વપર આરૂઢ થઇ માલવગંગા (સિપ્રા) નદીને કાંઠે આમ તેમ ભમવા લાગ્યો.

જેમ પિશાચો ભૈરવની પછવાડે જાય છે તેમ શ્વાન-સહીત શીકારીઓ અને પારાધીઓ તેની પછવાડે ચાલ્યા. અત્યંત ત્વરાથી દોડતો તેનો અશ્વ જાણે આકાશમાં ચાલતો હોય નહિ તેમ દેખાતો હતો; તે અશ્વ અને રાજા એક મહાવનમાં પેઠા. આ વનમાં એક વૃક્ષનાં મૂળ પાસે બેઠેલા, મોહરૂપ અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન મુનિને જોયા; પરંતુ જેમ જવાસાને વર્ષાઋતુ અને ઘુવડને સૂર્ય ગમતો નથી તેમ તે રાજાને આ મુનિદર્શન બીલકુલ રૂચ્યું નહિ, એટલુંજ નહિ પણ મૃગયા માટે જતાં શુકનમાંજ આ મુંડો, મળધારી અને પાપી મળવાથી અપશુકન થયું એમ ધારી તે પાપી રાજાએ આંખની ઇસારત કરીને તે મુનીશ્વર ઉપર ઘણા શિકારી કૂતરાં મૂકયાં.

તોફાની પવન જેમ વૃક્ષને ઉડાડી નાંખે છે તેમ હમણા આ કૂતરા મુનિને પાડી નાંખશે એમ વિચારતો અને ખુશી થતો તે રાજા પરિણામ જોવા માટે દૂર ઊભો રહ્યો. ધનુષમાંથી બાણ મૂકે તેમ હુંકાર સહીત મૂકેલા તે દુરાત્મા કૂતરાઓ મુનિ તરફ દોડયા પણ તેની નજીક પહોંચ્યાં એટલે તે રાજર્ષિએ જાણે આણ દીધી હોય તેમ તેની છાયાને પણ ઉલંઘી શકયાં નહિ, તો પછી બળતા અગ્નિ અને પ્રચંડ સૂર્યને જેમ ન અડી શકાય તેમ તે મુનિને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અડવાને તો તે કૂતરાઓ સમર્થ ક્યાંથી થાય ! પરંતુ તેની સામી દ્રષ્ટિ પણ કરી શક્યાં નહિ. ઉલટાં તે તિર્યંચ પ્રાણીઓ તે મુનિની ત્રણવાર પ્રદક્ષિણા કરીને કાન હલાવતાં, પૂછડી હલાવતાં, અને ભૂમિ પર લોટતા મુનિને પ્રણામ કરી પાસે જમીન પર બેઠા.[1]

આવું અદ્રષ્ટ[2] સ્વરૂપ જોઇને રાજાને અત્યંત આશ્ચર્ય થયું અને વિચારવા લાગ્યો કે આતો મહા આશ્ચર્ય દેખાય છે ! આ કૂતરાઓ મુનિને ક્યાંથી ઓળખી શકે ? જરૂર આ મુનિએ કૂતરાઓને સ્તંભન કરી દીધા – જડી દીધા – ખીલી લીધા જણાય છે, નહિતો તેમને મારવાનું મૂકીને મુનિ સમીપ દક્ષ[3] શિષ્યની પેઠે કેમ બેસે ! અથવા તો આ મુનિ પાસે વાચાથી અગોચર સિદ્ધિજણાય છે જેના પ્રતાપથી કૂતરાઓને પણ આવો બોધ ઉત્પન્ન થયો.

'વળી મુનિ જો કે ભિક્ષુક છે તો પણ ભુપાળ[4] જેવા છે; શાંત છે તો પણ મોટા સુભટ જેવા છે; ખરાબ વસ્ત્ર વાળા છે તો પણ સુભગ છે, તથા દર્શન કરવાને યોગ્ય છે; વળી સર્વે કૂતરાઓ પણ સુલક્ષણ અને પુણ્યવંત જણાય છે; તેઓ જો કે તિર્યંચ્છે તોપણ આ મુનિ તરફ આટલી પ્રીતિ બ-

---

૧ પોતાનું કુદરતી વૈર ભૂલી જઇ મહાત્મા પાસે આવા પ્રકારનું વર્તન થાય છે તે જો કે આશ્ચર્ય ઉપજાવે છે પણ યુક્તિથી સમજી શકાય તેવું છે.

૨ કદી નહી જોયેલું. ૩ ચતુર. ૪ રાજા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તાવે છે. કૃપા રહીત એવા મેં સુરેંદ્રદત્તનો પુત્ર હોવા છતાં આ મુનિ ઉપર વૈરવૃત્તિ બતાવી તેથી હું અત્યંત પાપીછું મારો રાજ્ય વૈભવ વૃથા છે. અહો! આવા દુષ્ટ ચેષ્ટિત વાળો હું આંખ છતાં પણ અંધ છું, પાંચ ઈંદ્રિય વાળો છુ તોપણ પાષાણ જેવો છું તથા મનુષ્ય છતાં શિયાળ છું.'

'વળી પારધી પણ મનુષ્યને હણતા નથી, મલેચ્છ પણ નિરપરાધી જીવને ઘણું કરીને હણતા નથી તો રે દુષ્ટ જીવ! તેં આ મનુષ્યનો શીકાર કેમ આરંભ્યો? વળી જેને અડકવાથી પણ સુતક લાગે તેવા કૂતરાઓને કોઈ પણ મનુષ્ય મનુષ્ય ઉપર મૂકે છે? નથી મૂકતા, છતાં તેં તો બે અકાર્યે પણ કર્યું! જો કે આ શ્વાનોએ મુનિને ઉપસર્ગ ન કર્યો પરંતુ તેં તો અભિપ્રાયના પ્રતિકુળપણાથી મુનિને માર્યાજ. જે કાર્ય સાધારણ મનુષ્ય ઉપર પણ કરવું અયોગ્ય છે તે તેં આ મહાઉત્તમ મુનિ ઉપર કર્યું. તેટલા માટે અરે જીવ! તારી શી ગતિ થશે? વળી જો આ મુનિ કોપે તો પોતાના તપ તેજ વડે ત્રણ લોકને બાળી નાંખે તો તેમની પાસે હું તે શી ગણત્રીમાં? પણ અહો ધન્ય છે મુનિની ક્ષમાને! જેઓ આવા શક્તિવાન છતાં પણ મૂર્ખ શિરોમણી અને અપરાધી એવા મારા ઉપર જરાપણ કોપ કરતા નથી, એવા મહાત્માઓ વડેજ આ લોકવ્યવસ્થાનો નિર્વાહ થતો જણાય છે; યદુક્તં—

यद्दहंति न मार्त्तंडो, न क्षुभ्यंति यदब्धयः ।
यच्च शक्तास्तितिक्षंते, तेनेदं वर्तते जगत् ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સૂર્ય બાળી નાંખતો નથી, સમુદ્ર ક્ષોભ પામતો નથી અને શક્તિમાન્ પ્રાણીઓ પણ ક્ષમા કરે છે તેથીજ આ જગત્ ચાલે છે.

અત્યારે જો કે હું સ્વલ્પ પરિવાર યુક્ત છું, છત્ર ચામર વિગેરે આડંબર રહિત છું તો પણ આ મુનિ મને જ્ઞાનથી રાજા તરીકે જાણે છે તથા મારો અવિનય પણ જાણે છે તેથી આજે મારો 'રાજા' શબ્દ નિરર્થક થયો છે, વળી હું એમની પાસે જઇને મારૂં મુખ પણ બતાવી શકું તેમ નથી. તેમજ મુનિને પ્રસન્ન કર્યા શિવાય આ સ્થાનેથી જવું પણ યોગ્ય નથી. મારે હવે શું કરવું તે સમજાતું નથી. મારૂં ચરિત્ર અતિ પાપ યુક્ત છે. પણ મારે આવી ચિંતા ક્યાં સુધી કરવી? મારે આ મુનિનુંજ શરણ કરવું જોઇએ. હે મુનીંદ્ર! તમે ત્રણ જગતના પૂજ્ય છો, હું આપનો દાસાનુદાસ છું. મારા પર પ્રસન્ન થાઓ; મારા પાપનું નિવારણ કરો. આવે પ્રસંગે મુનિ-ચરણ સેવનાર તાત અત્યંત યાદ આવેછે. આવા મહાત્મા-ઓની સેવા વિના દુસ્તર ભવ સમુદ્ર તરવો અતિ દુર્લભ છે, માટે મારે આ મુનીંદ્રનુંજ શરણ કરવું ઉચિતછે.'

આવા પશ્ચાતાપવડે આકુળ વ્યાકુળ રાજા વિચાર કરેછે તેવામાં અર્હદ્દત્ત નામે પુણ્યવાન્ શ્રાવક તે મુનિને વંદન કરવા માટે ત્યાં આવ્યો.

રાજા તેને આવતો જોઇને વધારે લજ્જા પાંમ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રાવક પણ રાજા પાસે ગયો અને રાજાને પ્રણામ કરી મધુર વાણી વડે આ સર્વનું કારણ પૂછ્યું. રાજાએ પશ્ચાતાપથી સર્વ સ્વરૂપ આત્મનિંદા સાથે કહ્યું. અર્હદ્દત્તે રાજાને ધર્મ પરાયણ કરવા અવસર જાણી મધુર વાણીથી કહ્યું કે 'રાજન્! તમે શા માટે ખેદ પામો છો? તમે નરેંદ્ર છો અને પાંચમા લોકપાળ છો. આપની જીભ આમ લાઘવયુક્ત કોઇ પ્રસંગે જોઇ નથી. તો આપ અત્યારે આવાં દીન વચન કેમ બોલોછો? રાજન્! ગુરૂને ઉપસર્ગ કરનાર અને પછી પશ્ચાતાપ કરનાર તમે સાધારણ મનુષ્ય માફક આત્મનિંદા કેમ કરો છો? કારણ કે કર્તવ્યનો વિનાશ થાય તો શોક કરવો ઉચિતછે પણ તમારે તો હજુ કાંઈ વિનાશ પામ્યું નથી. કારણ કે આપતો સાહસીક, વિનયી અને વિવેકી હોવાથી મુનિને પ્રસન્ન કરવાને સમર્થ છો અને આ મુનિ પણ શાંત, દાંત, કૃપાળુ અને જીવ પાળક છે તો તેના પ્રસન્ન થવાની બાબતમાં શંકા બિલકુલ આણશો નહિ; કારણ કે આ મુનિ પરબ્રહ્મમાં લીન મનવાળા છે, અને તેમાં તન્મયતા પામેલા હોવાથી તમારો કિંચિત્પણ પરાભવ કરનારા નથી. કહ્યું છે—

दत्तेषु दान शौण्डाना, मिभ्यानामर्जितेषु च ।
योगिनां चोपसर्गेषु, क्रियत्सु क्रियती स्मृतिः ॥

ભાવાર્થ—દાન દેવામાં ઉદાર માણસોને દાનની, વેપારીને કમાણીની, અને યોગીને ઉપસર્ગની કેટલા વખત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુધી સ્મૃતિ રહે ? અર્થાત્ તેઓ તેને યાદ રાખતા નથી.

તેટલા માટે તમે આસંકલ્પ રૂપી શલ્યને તજી દો. નળરાજાને [1] જેમ પૂર્વ ભવમાં મુનિ ઉપર પ્રતિકુળ ક્રિયા થઇ હતી તેમ તમારા જેવા પુરૂષને આવા ભાવ કદાચિત્ દૈવયોગથીજ થાયછે, માટે હવે હે પૃથ્વીપાળ! જલદી ચાલો, કાળ ક્ષેપ તજી, ભક્તિ યોગ્ય વેશ ધારણ કરી, વાંકીગ્રીવાવાળા [2] આ અશ્વને તજી, ભગવત ચરણ સમીપ આવી, નમસ્કાર કરીને આપનો ભવ સફળ કરો; ભગવાન્‌ના ચરણની રજથી તમારા શરીરને ધુલિધુસર [3] કરો અને શુભ ભાવથી પવિત્ર કરો; મન, વચન અને કાયાની શુદ્ધિ સહિત માત્ર આ ભગવાન્‌ના ચરણ કમળનેજ ભજો ; આવા મુનિની ભક્તિ પરમાર્થથી તો પોતાનો સ્વાર્થ સાધવા માટેજ છે-કહ્યું છે.—

या भक्तिःसर्वसाधूनां, वस्तुतःस्वार्थ एव सः ।
तैलक्षेपो हि दीपानां, गृहस्यैवप्रकाशकः ॥

'જેમ દીવામાં તેલ પૂરવું તે ગૃહના પ્રકાશ માટે છે, તેમ સાધુઓની ભક્તિ કરવી તે વસ્તુતઃ તો સ્વાર્થજ છે.'

'વળી હે ભૂપાળ ! પ્રયાસ વગર તમને આ મુનિનું દર્શન થયું તેથી આપ મહા ભાગ્યવાન્ છો, કારણ કે

---

૧. જુઓ અમારૂં છપાવેલ નળ દમયંતી ચરિત્ર

૨. વાંકી ડોકવાળા. ૩. ધુળવાળુ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહાનિધાન પેઠે સાધુની પ્રાપ્તિ જેમ તેમ થતી નથી, ભવે ભવે દુઃખ દેનારો આ મૃગયાનો આરંભ કયાં અને હમેશા પરમાનંદનું કારણ એવું આ મુનિનું દર્શન કયાં ? તમને તો ઉકરડો ખોદતાં મરકત મણિ પ્રાપ્ત થયું છે. માટીમય ગુરૂની મૂર્તિને પૂજ્ય બુદ્ધિવડે આરાધવાથી એકલવ્ય૧ જેવા પામરો પણ વાંછિતને પામ્યા છે તો તમે તો આ ત્રિકાળ જ્ઞાનીને સેવીને આ જન્મનાં ઉપાર્જન કરેલાં પાપનો નાશ કરો. '

' વળી આ મુનિ સંસારી પણામાં કલિંગ દેશના સ્વામી અમરદત્ત રાજાના પુત્ર સુદત્ત નામે રાજેંદ્ર હતા. શાસ્ત્રોકત નીતિથી પ્રજાનું પાલન કરતા હતા પણ દંડ નીતિ તેને અત્યંત અનિષ્ટ લાગતી હતી, તેથી તે રાજા રાજ્ય ધર્મનું કુરપણું વિચારીને તથા કૃતકર્મની ભોક્તવ્યતા ધારીને અને જગતનું અસ્થિરપણું જાણીને વિરકત પણે રહેવા લાગ્યા. પરિણામે આત્મ સાધન કરવામાં ઉદ્યમવંત થઇ રાજ્યથી પરાંગમુખ થઇને પોતાના પુત્ર આનંદ શક્તિને રાજ્ય આપ્યું, અને પોતે સુધર્મા નામના આચાર્ય પાસે દિક્ષા લીધી. અતિશય તપસ્યા કરતાં કરતાં તેમને

૧ એક લવ્ય ભીલ હતો. દ્રોણાચાર્યે તેને ભણાવવાની ના પાડવાથી તેણે માટીની દ્રોણાચાર્યની મૂર્તિ બનાવી ગુરૂ બુદ્ધિથી તેની પૂજા કરી, જેથી તેણે અર્જુન કરતાં પણ વિશેષ ધનુર્વિદ્યા સંપાદન કરી. ( જુઓ પાંડવ ચરિત્ર ).

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મોટા મોટા અતિશયો પ્રગટ થયાછે; તેના પ્રભાવથી આ મુનિને ક્ષુધા, તૃષા, ટાઢ, તડકો અને પવન વિગેરે દુ:સહ ઉપસર્ગો પણ આક્રમણ કરી શકતા નથી, એમના શરીરનો મળ કપૂર જેવો સુગંધી છે, કેશો વૃદ્ધિ ન પામે તેવાછે, (જેવડા છે તેવડાજ રહેવાના છે) મયૂરો પીંછાં વિસ્તારીને (કળા પૂરીને) આ મુનિના મસ્તક ઉપર છાયા કરે છે; હસ્તીઓ સુંઢમાં જળ ભરીને તેમની પાસેનો જમીનનો ભાગ સીંચેછે; વાયુ પુષ્પનો સમૂહ લાવીને પાથરે છે; સિંહ વિગેરે શ્વાપદો સેવકોની જેમ સેવેછે; કીન્નરીઓ ગીત ગાયછે; લોકો સ્થાને સ્થાને ભક્તિ કરવાને રૂચિવાળા થાય છે; આ મુનીંદ્ર જ્યાં જ્યાં વિચરેછે ત્યાં ઇતિ,[૧] ભય, દુકાળ, ડમર, નિરોધ, અગ્નિ અને દુર્વાયુ પ્રમુખના ઉપદ્રવ પ્રગટ થતા નથી અને વિવિધ રોગોથી પીડિત રોગીઓ આ મુનિનાં ચરણ ઉદકને પીને જલદી રોગોને દૂર કરી નાંખેછે; તેટલા માટે આ મુનિનું દર્શન મોટામાં મોટું શુકન અને મંગળ છે. વળી આ લબ્ધિના રત્નાકર (લબ્ધિથી ભરેલા) મુનિનો પ્રભાવ આ જગ્યાએજ જુઓ—જે વૃક્ષની છાયા નીચે મુનિ ઉભા રહ્યા છે તે વૃક્ષની છાયા હજી સુધી પણ આઘી જતી નથી, અને આ પાસે રહેલાં વૃક્ષો અકાળે પણ ફળેલાંછે, તેમજ જે પ્રદેશમાં એ મુનીશ્વર ઉભા રહેલા છે તે પ્રદેશ જોકે શૂન્યછે તો પણ સર્વ લોકોને સેવ્ય હોય તેવો લાગેછે. તમને પોતાને પણ અનુભવથી સિદ્ધ થયુંછેકે

---

૧ એક પ્રકારના ઉપદ્રવ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અહીં આવ્યાપછી આપને રોમોદ્ગમ[1] થયો છે, અને અંતઃકરણ માં બહુજ લજજા, પશ્ચાતાપ, ત્રાસ અને સુજનતા ઉત્પન્ન થઇ છે વળી સ્વકૃત ઉપસર્ગ માટે તમને પોતાનેજ શોચ થાય છે. આ પ્રભુ પરપીડાએ પીડિત થઇને મનમાં દુઃખી થાય છે માટે બીજા સંકલ્પ વિકલ્પ છોડીયો અને પોતાનુ કાર્ય સાધો. ”

આવા મહા વિનયયુક્ત અર્હદ્દત્તનાં વચન સાંભળીને ગુણધરરાજા લજજા પામતો હતો તોપણ ભય તજીને તે શ્રાવકની પાછળ પાછળ મુનિ સમીપે ચાલ્યો, અને મુનિનાં ચરણકમળને નમન કરીને ભક્તિથી આ પ્રમાણે બોલ્યો. “ હે સ્વામી ! મહાત્માપુરૂષોનો આવો સહજ સ્વભાવ છે કે પાપી પુરૂષો જે અપરાધ કરે છે તેને તેઓ સહન કરે છે. કદિપણ તેના પર દ્વેષ કરતા નથી, તેટલા માટે હે ભગવન્ ! મારા સર્વ અપરાધ ક્ષમા કરો, અને મારા પર પ્રસન્ન થાઓ. અથવા તો હે પ્રભુ ! તમે કોઈના પર પ્રસન્ન થતા નથી, તેમજ વિષાદ પણ પામતા નથી; તમારે સ્તુતિની કે નિંદાની ગણના નથી, પ્રાણીઓના વિનય કે અવિનય તમારા મનને સ્પર્શતા નથી, તેટલામાટે આપની પ્રત્યે જે કોઇ સારૂં અથવા નરસું કરે છે તે કરનારનેજ થાયછે ( તમને તો સર્વ સરખુંજ છે ); તમે તો એકત્ર અસ્થિર છો ( એક સ્થાને રહેતા નથી ), છતાં સંયમ યોગમાં સ્થિરતર છો; સર્વત્ર નિર્મમત્વ છો, છતાં પ્રાણી

૧. રોમાંચ ઉભાં થવા તે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપર કૃપા રાખો છો; સર્વથા નિર્ભય છો તોપણ ભવના ભીરૂ છો; ટુંકામાં તમારા સર્વ ભાવો અંતરંગ વિરચીજ છે; જે પાપરૂપી વૈરીવડે આ ચરાચર જગત્ પીડાય છે તે વૈરીઓને તો તમે લીલામાત્રમાં જીતી લીધા છે; વળી જે રસ્તે ચાલવાની પણ ત્રણ જગતના પ્રાણીઓની શક્તિ નથી તે રસ્તો તમે ઓળંગી ગયા છો; નિર્ભય અને સર્વ પ્રાણીઓને નિરંતર અભયદાન દેનારા તમારા નામની તુલ્યતા સુરતરૂ[1] સુરમણિ[2] અને કામકુંભ પણ પામી શકતા નથી. તેટલા માટે તમારો તો કાંઇક અચિંત્ય મહિમા છે ! વળી જેમ કાંચનગિરિ ભયંકર પવનનાં મોટાં પ્રહારો ખમે છે તેમ તમે મારા દુર્જનના સર્વ અપરાધોની ક્ષમા કરો; કેમકે જેમ ભોંય ઉપરથી ખસી પડનારની ભોંય ઉપરજ ગતિ થાય છે ( ભૂમિ ઉપરજ પડે છે ) તેમ તમે ગુસ્સે થાઓ ત્યારે તમે પોતેજ ગતિ છો અર્થાત્ તે વખતે તમારી પાસેજ ક્ષમા યાચવી ઘટિત છે. તેટલામાટે હે ધર્મવીર ! ધર્મ રહિત અને શરણે આવેલા એવા મારૂં અધમનું રક્ષણ કરો. હે ભગવન્ ! જો કે દરિદ્રી અને નૃપતિ ઉપર તમારી વૃત્તિ સરખી છે તોપણ હું રાજા છું તેમ જાણીને મને કાંઈક માન દેવું જોઇએ. ”

---

૧. કલ્પવૃક્ષ.
૨. ચિંતામણી } આ બંને વાંછિત આપે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે વારંવાર બોલતા રાજાને સર્વ પરિવારે અને અર્હદ્દત્તે વાર્યો તોપણ તે અટકયો નહિ, ત્યારે તે રાજર્ષિએ શરીરે કંપતા અને અશ્રુ વર્ષાવતા તે રાજાને કહ્યું "હે રાજન્ ! તને સ્વાગતછે! તું અહીં બેસ, અહીં બેસવાથી સદ્ધર્મની રૂચિવડે તું વિજયી થઈશ. હવે તું પ્રણામ, કષ્ટ અને પશ્ચાતાપ મિશ્રિત વચનનો વિસ્તાર બંધ કર; કારણકે મારા મનમાં લેશ માત્ર પણ રોષ નથી; તેથી તું મને શા માટે પ્રસન્ન કરેછે ? પુત્ર જન્મ વિના પુત્રનો નામોત્સવ કરવો કેમ ઘટે? વળી વારંવાર પ્રણામ કરીને તું મને પ્રસન્ન કરવા ધારે છે; પણ તેથી તું ઉલટું મારૂં સક્રોધીપણું પ્રગટ કરવા ઉદ્યમ કરે છે. તેથી હવે વારંવાર પ્રણમન બંધ કર, તું મારા દર્શન માત્રથી શાંત થયો અને તેથી તું મારો ધર્માધિકારી થયો જેથી તેં તો મારા ઉપર ઉપકાર કર્યોછે. વળી તું સુરેંદ્રદત્તનો પુત્ર હોવાથી તારામાં પૂજ્ય તરફ નમ્રપણું ઉચિત છે. 'મને રાજાને બહુ માન આપો' એમ તું કેમ બોલ્યો ? કેમકે તું સામાન્ય મનુષ્ય નથી પરંતુ ગિતાર્થ છો, અને તેટલા માટે તું અમારે માનનીય છો. મારે સર્વ જીવ ઉપર સમભાવછે, છતાં તારા પર વધારે પ્રસન્ન થયોછું. હે પુરૂષ શ્રેષ્ઠ! તારા વાંસા પર મેં હાથ મૂકયોછે; માટે તું ઉઠ અને તારી મરજી આવે તે સંશયો પૂછ, જરા પણ વિશાદ પામીશ નહિ. શ્રી જિનેશ્વર તારૂં ભવદુઃખથી રક્ષણ કરો !"

મુનિએ કૃપાપૂર્વક આ પ્રમાણે કહ્યું એટલે રાજા પ્રસન્ન થઈને બોલ્યો, "ભગવન્ ! પાપી જાણીને મારો આપે અ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નાદર ન કર્યો, માની જાણીને મારો તિરસ્કાર ન કર્યો, વિ-રાધક જાણીને મારાપર દ્વેષ ન કર્યો, મૂર્ખ એમ કહીને મારી નિંદા ન કરી; નિર્લજ કહીને મારી નિર્ભર્ત્સના ને કરી, પરંતુ ઉલટો મારાપર અનુગ્રહ કર્યો; તેથી તત્વ દ્રષ્ટિ વાળા આપ મહાત્માનો મારાપર ઘણો પક્ષપાત જણાયછે. વળી મારા પિતા સુરેંદ્રદત્ત જો કે પરલોક પામ્યાછે તોપણ હજુ તે જીવતા હોય એમ જણાય છે; કારણ કે આપ જેવા મહાત્માઓ તેમની આવી પ્રશંસા કરે છે. હે મુનીંદ્ર ! આજે સર્વે પાપને હરનારી, કલ્યાણ કરનારી અને અત્યંત પ્રશં-સનીય તમારી આશિષોએ મારા સર્વે સંતાપ દૂર કરી નાંખ્યા છે.

" વળી હે સ્વામી ! તમે મને સંશય છેદ કરવાનો આ-દેશ આપ્યો તે યુક્ત છે. પરંતુ થોડા પણ જ્ઞાન વાળો પુરૂષ હોય તે અજ્ઞાન સંશયને પૂછે, પણ મારા જેવા સર્વ અજ્ઞાન-મય પ્રાણી શો સંદેહ દૂર કરે ? તોપણ હમણા મને આપના દર્શનથી બોધ થયો છે, તેથી પૂછું છું કે હે ભગવન્ ! આ જ-ગત્ કોનાથી ઉત્પન્ન થાય છે ? કેમ ચાલેછે ? અને કેમ નાશ પામે છે ? વળી ધર્મજ્ઞ એવા મારા માતાપિતા કઇ ગતિમાં ગયાછે ? મારા આ સંશયનો છેદ કરો. જન્મથી પાપી હો-વાથી હું મારા આત્માની ગતિતો પૂછતોજ નથી.

ઉપયોગવાન્ રાજાએ આ પ્રમાણે પૂછ્યું ત્યારે તત્વજ્ઞ ધર્માચાર્ય બોલ્યા " રાજન્ ! ધર્મ દેશના આપતા ભગવાન્

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જૈનેંદ્રની પાસેથી જે પ્રમાણે મેં સાંભળ્યું છે, તે પ્રમાણે તારી પાસે હું આ જગતની પ્રવૃત્તિ કહું છું. વળી-દ્રષ્ટિ-વાદ અધ્યયન[*]ના જાણવાથી શ્રુત કેવળીપણાને લીધે સર્વ જીવોની ગતિ તથા આગતિને પણ હું જાણું છું. હવે હવે પ્રથમ તું જગતની ઉત્પત્તિ સાંભળઃ—

आद्यंतवर्जितःश्रीमान् व्यक्ताव्यक्त चिरंतनः।
एकोनेकःपुराणोस्ति पुरुषःपरमेश्वरः ॥ १ ॥
रागद्वेषोद्भवैस्तैस्तैः कर्मभिः सोयमावृतः।
अविद्यालिंगितः मूने जगंति त्रीणि चेतनः ॥ २ ॥
ततः प्रकृतयस्तास्ताः विचित्राः सर्वकर्मणाम्।
तिष्ठन्तिमनुवर्तन्ते चतुर्गतिस्तु सर्वथा ॥ ३ ॥
क्वचित्काले तु संहृत्य निःशेषं कर्मसंचयं।
कृत्वा योगं निरोधं च संसाराद्विनिवर्तते ॥ ४ ॥
ततो जन्मजरामृत्यु वर्जितो निर्मलोऽचलः।
लोकाग्रगो निराबाधः स्वस्वरूपेऽवतिष्ठति ॥ ५ ॥
सर्वोपाधेश्च संहारो 'मोक्ष' इत्यभिधीयते।
यतो न पुनरावृत्ति रानंदैकपदं च यत् ॥ ६ ॥

---

[*] જૈન આગમમાં મુખ્ય બાર અંગ છે, તેમાં બારમું અંગ દ્રષ્ટિવાદ નામે છે, પણ હાલ તે અંગ વિચ્છેદ ગયું છે; બાકીના અગિયાર અંગ હાલ પ્રવર્તે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

कायाच्चिद्घेतनादेहे सोहं सोहमिति स्मरन् ।
अखंडध्यानधीराणां परमात्मा व्यवस्थितः ॥ ७ ॥

ભાવાર્થ—આદિ અને અંતથી રહિત, શ્રીમાન (જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી લક્ષ્મીવાન) કાંઈક વ્યકત, કાંઈક અવ્યક્ત, ચિરકાળી, એક અને અનેક સ્વરૂપવાળા પુરાણ પુરૂષો જે છે તેજ પરમેશ્વર છે. ૧ રાગ દ્વેષથી ઉત્પન્ન થયેલાં કર્મો વડે તે ચેતન [૧] અવરાયલો હોય છે, ત્યાં સુધી અજ્ઞાનપણાથી ત્રણ જગતને ઉત્પન્ન કરે છે ( એટલે અજ્ઞાનવડે જીવો ત્રણ જગતમાં ભ્રમણ કરે છે ).૨. સર્વ કર્મની તેતે વિચિત્ર પ્રકૃતિઓ હમેશાં તેની સાથે રહેછે અને ચારે ગતિમાં તેની સાથે જાયછે. ૩. એવો આત્મા કવચિત્કાળે નિઃશેષ કર્મનાં સમૂહને સંહરીને અને યોગ [૨] નો રોધ કરીને સંસારથી નિવર્તે છે. ૪. ત્યાર પછી તે જન્મ, જરા અને મૃત્યુથી વર્જીત, નિર્મલ અને અચળ થાય છે, લોકને અગ્રે જાય છે; અને નિરાબાધ પણે સ્વસ્વરૂપમાં રમણ કરે છે. ૫. જ્યાં સર્વ ઉપાધિનો વિનાશ છે, જયાંથી પુનરાવૃત્તિ નથી અને જે પરમાનંદનું એકજ સ્થાન છે તેને 'મોક્ષ' કહે છે. ૬. અખંડ ધ્યાનમાં ધીર એવા યોગીઓ, આ કાયામાં રહીને પણ જ્ઞાનરૂપ દેહમાં ' સોહં સોહં ' એ ધ્યાન કરતા કરતા પરમાત્મવ્યવસ્થિત થાય છે, અર્થાત્ પરમાત્મપદને પામે છે. ૭.

૧. આત્મા  ૨. મનયોગ, વચનયોગ, કાયયોગ ( પ્રવૃતિ ).

P.P. Ac. Gunratnasuri M.S.  Jun Gun Aaradhak Trust

" આ આત્મા—યમ, નીયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિરૂપ અષ્ટાંગયોગના અત્યંત અભ્યાસથી પરમાત્માપણું પામે છે. આ સર્વ તત્વજ્ઞાનનો સાર તારી પાસે કહ્યો છે, બાકીતો બધો શાસ્ત્રાર્થનો વિસ્તાર છે;

" વળી તેં તારા માતા પિતાની ગતિ પૂછી તે પણ સાંભળ. દિક્ષા ગ્રહણ કરવાને ઉત્સુક થયેલા તારા પિતા નયનાવળીએ આપેલાં ઝેરથી મૃત્યુ પામ્યા; ત્યાર પછી તેની માતા ચંદ્રમતી પણ તેના મોહથી તરત મૃત્યુ પામી, અને આર્તધ્યાન વશ થઇને તેઓ બન્ને ભવાંતરમાં અનુક્રમે મયૂર અને શ્વાન પણું પામ્યાં. ત્યાં બહુ ખરાબરીતે મરણ પામીને સુવેલ પર્વતના વનમાં નોળ અને સર્પ થયાં. ત્યાં પરસ્પર પ્રહારથી મરીને સિપ્રા નદીમાં લોહીત મત્સ્ય અને હજાર દાઢાવાળાગ્રાહ થયાં. ત્યાં દાસીનું રક્ષણ કરવા માટે ધીવરો (માછીઓ)એ ગ્રાહને કદર્થના કરી મારી નાંખ્યો અને તારા પિતાના જીવ મત્સ્યને તો તેં તારા પિતાના કલ્યાણમાટે કલ્પ્યો, અર્થાત્ બ્રાહ્મણોને ભોજનમાં આપ્યો. પછી માતા અજા થઇ અને રાજા તેનો પુત્ર થયો, ત્યાં તે બકરાને પોતાની માતા સાથે વિષય સેવતો જોઇને યૂથાધિશે મારી નાંખ્યો, મરીને તેજ અજાની કુખમાં પોતાનાજ વિર્યમાં તે ઉપજ્યો. મૃગયામાંથી પાછા આવતાં તેં અજાને હણી અને તેની કુખમાંથી નીકળેલા અયોનીસંભવ નામના બકરાને લઇને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તું સ્વસ્થાને ચાલ્યો. તારી માતા જીવ મરીને મહીષ થયો જેણે તારા અશ્વનો વિનાશ કર્યો; ત્યાર પછી તેં તે મહીષનું અને મેષનું ભોજન કર્યું. બીજાભવમાં બન્ને કુકડા થયા, ત્યાં પણ કાળદંડના હાથમાં રહેલા તેઓને તેં શબ્દવેધી બાણવડે હણ્યા. આ પ્રમાણે આટલા ભવોમાં બહુ પ્રકારની વિટંબના અનુભવીને હાલ તે પિતા અને પિતામહીનો જીવ લઘુકર્મી થઇને તારા પુત્ર અને પુત્રીપણું પામ્યા છે."

આ પ્રમાણે તે ગુરૂ મહારાજનાં વચનો સાંભળીને તે ભૂપતિ કંપ્યો, તેનું શરીર પરસેવાથી ભીંજાઈ ગયું અને કુહાડાવડે છેદેલાં વૃક્ષની જેમ એકદમ પૃથ્વીપર પડયો; પોતાના અનુભવથી સિદ્ધ એવા ગુરૂમહારાજનાં વચન વ્યાકુળ મનથી ચિંતવતાં શોક સમાયો નહિ, તેથી તેનો મૌલિબંધ શિથિળ થઇ ગયો અને ભ્રાન્ત, ચંપળ અને મીંચાએલી આંખવાળો તે રાજા મૂર્છા પામવાથી અચેતનપ્રાય દેખાવા લાગ્યો; આ બનાવ જોઇને નજીક રહેલા સેવકો છાતી કુટીને રોવા અને પોકાર પાડવા મંડી ગયા,

'પાણી પાણી ! પવન પવન ! આસન આસન ! લાવો ! લાવો ! છત્ર છત્ર ! તડકો તડકો !' આવા શબ્દો સંભ્રાંતપણે આમ તેમ દોડતા સેવકોના મુખમાંથી નીકળવા લાગ્યા; મોટો કોળાહળ થયો; અર્હદ્દત્ત અને કાળદંડ પણ આ શું થયું તે વિચારવા લાગ્યા અને મુનીંદ્રની આંખો પણ જળબિંદુથી ભરાઇ ગઇ. પછી તે રાજાને શીતપાણીથી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આર્દ્ર વસ્ત્રે કરીને નાંખેલા પવનથી, અને શીતળ ઉપચારથી સેવકોએ સ્વસ્થ કર્યો; એટલે બાળવાનો રાજા ચેતના પામ્યો ( શુદ્ધિમાં આવ્યો ); પરંતુ પોતે કરેલાં અકૃત્યના સ્મરણથી તેને હૃદયમાં બહુજ દુઃખ થયું, તેથી પોતાના શરીરના સેંકડો કટકા કરી તેને અગ્નિમાં બાળી નાંખવાની ઇચ્છા કરી, પાસે ઉભેલા મુનિ, અર્હદ્દત્ત અને બીજા મનુષ્યોને ન જોતાં માત્ર રોષવાળી આંખોથી પૃથ્વીનેજ જોવા લાગ્યો. પોતે કરેલાં પાપોને ન ટાળી શકાય તેવાં ધારીને અને મરવાની ઈચ્છા કરીને તે રાજાએ પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત પણ ગુરૂને પૂછયું નહિ.

આવો બનાવ જોઇને જ્ઞાની સુદત્તાચાર્ય બોલ્યા 'હે વત્સ ! આત્મદ્રોહી ! તારા આવા સાહસને ધિક્કાર પડો ! આ પ્રદેશથી જુદે રસ્તે તારે એક પગ પણ મૂકવો યુક્ત નથી, કારણ કે જે માર્ગે તું જવા ઈચ્છે છે તે નારકીનો માર્ગ છે. યદુક્તં—

શોકલોભભયક્રોધૈ રન્યૈ ર્વા કારણાન્તરૈઃ ।
કુર્વતઃ સ્વવધં જંતોઃ પરલોકો ન શુધ્યતિ ॥

'શોક, લોભ, ભય, ક્રોધ, અથવા બીજા કોઇ પણ કારણથી જે પ્રાણી પોતાનો વધ ( આપઘાત ) કરે છે તેનો પરલોક શુદ્ધ થતો નથી.'

જિનેદ્રોએ પરજીવની હિંસાનું અને પોતાની હિંસા ( આપઘાત ) નું સરખુંજ પાપ કહ્યું છે, તેટલા માટે આત્મ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ख्यातिनी इच्छा तजी दईने सर्व क्लेशनो नाश करनारी पारमेश्वरी दिक्षाने तुं ग्रहण कर जेथी तुं सकळ आनंदने आपनारी सिद्धिने पामीश; वळी, जे तुं तारा आत्मापर करवा इच्छे छे ते तारा शत्रु वडे पण न थाओ. हुं अहीं तारी हत्या करावता नथी आव्यो; परंतु पाप कार्यथी मूकावी संयममां जोडवा आव्यो छुं; हुं पासे होवा छतां तारुं असुर [1] मृत्यु न थाओ."

आवां गुरु महाराजनां वचनो सांभळीने राजाए फरीथी पूछयुं 'गुरुराज! मारी जेवा अयोग्यनी दिक्षा लेवा वडे शुद्धि केम थशे?' मुनिए जवाब आप्यो के 'राजा! निशंःकपणे सकाम निर्जरा [2] करनार धर्मने आचरीने तारा अंतःकरणना शोक रूपी शल्यने दूर कर.' मुनिराजनां आवां वचनथी राजाने आशा बंधाणी; तेथी संतोष पामेला राजाए प्रवृज्या ग्रहण करवाने उत्सुक थईने पासे उभेला सेवकोने अमने बोलाववाने मोकल्या.

आ वृत्तांत सांभळीने बाळथी वृद्ध पर्यंत सर्व नगर वासीओ दुःखी थईने अमारी साथे उद्यानमां आव्यां. अंतःपुरनी स्त्रीओ, श्रेष्ठी, सार्थवाह, सामंत अने मंत्रीओ सर्वे वाहन वगर त्यां दोडता आवी पहोंच्या. ते

१. खराब.

२. मन पूर्वक पूर्व पापने खपाववा ते 'सकाम निर्जरा' कहेवाय छे.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વખત તે વન સર્વ લોકોથી વ્યાપ્ત થઈ ગયું. હે મારીદત્ત ! તે વખતે અમારા પિતા ગુણધરને મુનિના પગમાં પડેલા જોઈને ' આ રાજા હશે કે કોઇ બીજા હશે ? ' એમ અમને સર્વને સંશય થયો, અને સર્વ આશ્ચર્ય પામવા લાગ્યા. તે વખતે નગરના સર્વ લોકો સાથે રાજા પાસે જઇને અમે પૂછ્યું ' મહારાજ ! આપને શરીરે જરાપણ આધિ વ્યાધિ જણાતી નથી, તોપણ દાઢો વગરના સર્પની જેમ અને ભાંગેલા દંતુશળવાળા હાથીની જેમ તમે ઉત્સાહ તજીને કેમ દીનદશાને પામ્યા છો ? રાહુએ ઘેરેલા ચંદ્રબિંબની પેઠે તમારૂં મુખ છાયાવાળું કેમ દેખાય છે ? આ શોક સંતાપને બતાવનાર અશ્રુધારાનો પ્રવાહ કેમ દેખાય છે ? સ્વામી ! પિતાશ્રી ! આપ અમારી પાસે જલદી કહી દ્યો; કેમકે અમે સર્વે આપના પર જીવનાર છઇયે. અમે સર્વે અત્યંત વિહ્વળ થઇને પીડાઇએ છીએ. '

રાજાએ ઉત્તર આપ્યો કે " અહો પુત્રો ! મંત્રી પ્રમુખ પોર વાસીઓ ! તમે શામાટે પૂછો છો ? હું દુરાત્મા તરફ તમે શામાટે પક્ષપાત રાખો છો ? આપણા કુળમાં આવા આવા અઘોર[1] બનાવો બન્યા છે !! મારા માતા અને પિતાનું માંસ ખાનાર હું ગુણધર કુમાર છું. અથવા જેવી માતા તેવાજ પુત્રો થાય છે. પટોલીક[2]નો ખારો વેલો

---

૧. દેત્યને કરવા યોગ્ય કનિષ્ટ બનાવો

૨. એક જાતનો વેલો—પીડોળા-તે બહુજ ખારો હોય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કદાપિ પણ મધુર કેળા જેવું ફળ આપેજ નહિ. જેણે પોતાના પ્રાણાધાર પતિને હણ્યો તેનો પુત્ર પિતૃઘાતક[1] કેમ ન થાય ? મેં મહાવૈરીની જેમ વારંવાર પિતાને હણ્યા ! હે લોકો ! હું પિતૃઘાતક છું, પાપી છું, ચંડાળ છું, તેમ છતાં પૃથ્વી મને કેમ ન ગળી ગઇ ? કાળસર્પ મને કેમ ડસ્યો નહિ? વજ્રવડે મારા મસ્તકમાં પ્રહારો કેમ થયા નહિ? મારા સેંકડો કટકા કેમ ન થઇ ગયા ? વજ્રમય અને મહાકષ્ટ આપતાં પણ ન મરે તેવા ઝેરના કીડાની જેમ સેંકડો ઘોરપાપ કરતાં છતાં પણ મારું વિદારણ કેમ ન થયું ? હવે દિવ્ય[2] કરવાથી પણ મારી શુદ્ધિ થવાની નથી. આવા પાપીને તમે ' ચિરંજીવ ' એમ શામાટે કહો છો ? અહો વૃદ્ધ પુરૂષો ! તમે અહીં બેસો, તમારી પ્રત્યે આ ક્રમ મને યુક્ત નથી. હે સ્ત્રીઓ ! તમે અહીંથી દૂર જાઓ, તમે મને મોહ પમાડવા આવી છો ! પણ નરકમાં જતાં મારૂં તમે રક્ષણ કરી શકો તેમ નથી, હવે તો મને મૃત્યુના ભયથી દૂર કરીને શરણ આપનાર આ સુદત્તાચાર્ય સ્વામી મને મળ્યા છે તેથી મને ભોગતૃષ્ણાથી સર્યું. તમારૂં કલ્યાણ થાઓ ! હવે તમે અહીં ( નગરમાં ) રહેનાર છો અને હું અહીં ( મુનિ ચરણમાં ) રહેનાર છું; મારાથી મદના મોહવડે તમારો જે કાંઈ અપરાધ થયો હોય તે તમારે ક્ષમા કરવો. હે પૌરલોકો ! આ મારી પ્રણામાંજલિ

---

૧. બાપને મારનાર.

૨. દસ પ્રકારની ઉગ્ર પ્રતીજ્ઞાઓ પસાર થનાર નિરદ્રોહી ગણાતો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. વળી હે લોકો ! તમે મને દરિદ્ર ( ગરીબ ) કે દુઃખી જાણશો નહિ, હું તો સર્વથી સુખી છું, કારણ કે આવો પાપી છતાં પણ કૃપા કરવામાં તત્પર આ ભગવાન્ હજીપણ મારો સ્વીકાર કરે છે."

રાજાએ આ પ્રમાણે કહ્યું ત્યારે અમને બન્નેને અંતઃકરણમાં ચિંતા થઇ. તથા શું હું સુરેંદ્રદત્ત ? શું હું ચંદ્રમતી ? એમ અમારાં બન્નેનાં મન ધ્યાન ધારાવડે આક્રાંત થઇ ગયાં અને બન્ને મૂર્છા પામ્યા. તત્કાળ સ્વેચ્છાએ સ્વપ્નમાં જુવે તેમ અને આદર્શ[1]માં પ્રતિબિંબની જેમ અમે અમારૂં પૂર્વભવનું સર્વ સ્વરૂપ દીઠું; એ પ્રમાણે પ્રત્યક્ષ દેખવાથી અમે ત્રણે એક બીજા સામું જોવાને શક્તિવાન્ થયા નહિ, જેથી સુગુરૂના પાદગળને આલિંગન કરીને અમે ત્રણે હૃદયમાં આ સર્વ જગત્રૂપ ઈંદ્રજાળનો વિચાર કરવા લાગ્યા. તે વખતે અમારા ત્રણેના બદલાયલો મ્હોંનો રંગ, શરીર કંપન, હોઠનું ચાલન, ગાત્રનો ભંગ, અશ્રુપાત અને દીનવચન યુક્ત વિલાપ વિગેરે વિકારો જોઇને સર્વ લોકો બહુ દુઃખ પામ્યા અને મુંઝાઇ ગયા. તે વખતે પક્ષીઓની ચાંચ મુદ્રિત થઈ ગઇ[2], હરિણ વિગેરે પશુઓએ તૃણ ગ્રહણ કરવું બંધ કર્યું અને વાંદરા વિગેરેએ વૃક્ષની શાખાનું હલાવવું પણ મૂકી દીધું.

વિનયવાળા વિજયકર્મ નામના ભાણેજને રાજ્ય આપી

---

૧. કાચ. ૨. સ્થીર થઇ ગઇ; ચિત્રવત્.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચૈત્ય પરીપાટી[3] અને મહોત્સવ કરી, દીન તથા સુપાત્રોને યથોચિત દાન આપી, સર્વે પાપની શાંતિને માટે પાંચ હજાર રાજાઓ અને બીજા સ્વજનોની સાથે અમે ત્રણેએ સર્વ વિરતિ ચારિત્ર અંગીકાર કર્યું.

ધર્મોપદેશ કરવાની ઇચ્છાવાળા અમોએ અને બીજા માણસોએ નયનાવળીને ઉપદેશ દેવા તે મહાત્મામુનિને પ્રાર્થના કરી. ત્યારે તે મુનિએ કહ્યું કે 'એ દુરાચરણી સ્ત્રીએ ત્રીજા નરકનું આયુષ્ય બાંધ્યું છે; તેથી ઉપર[1] ભૂમિની જેમ તે ધર્મ બીજને પાત્ર નથી અને તેટલા માટેજ તે સર્વથા ત્યાજ્ય છે.'

( વાંચનારને સ્મરણ આપવું જરૂરનું છે કે આ પ્રમાણે મુનિ મારિદત્ત રાજા પાસે વાત કરે છે. )

અમે સર્વે મહાત્મા સુદત્તાચાર્યના ચરણની સેવા કરતાં વૈયાવચ્ચ કરવામાં તત્પર રહેતાં, પરિસહો સહન કરતાં, સિદ્ધાંતના અધ્યયનમાં આદર રાખતાં, આચાર્યના પ્રભાવથી ઉપસર્ગો દૂર કરતાં, તે દેશ તજીને પૃથ્વી ઉપર વિચરતા હતા. હે મારિદત્ત ! તે પ્રમાણે વિહાર કરતા રાજપુરનાસ્વામી અને સુધર્માસ્વામીના શિષ્ય સુદત્તાચાર્ય ચરણ કમળ વડે પૃથ્વીને પાવન કરતાં કરતાં, ગુણધર રાજર્ષિ તેના અમે બન્ને પુત્ર તથા પુત્રી અને બીજા બહુ

---

૩. એક ગામમાં આવેલા સર્વ દેરાસરોના પૂજક ભક્તિ દર્શન વિગેરે.

૧. ખાર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શિષ્યો સહીત હમણાજ આ નગરમાં આવ્યા છે. તે સુદત્તાચાર્ય મુનીંદ્રે ઉપશમથી અને સૌભાગ્યથી કંદર્પ (કામદેવ) ને જીત્યો છે. સર્વ ધર્માર્થી પ્રાણીઓ તેના દર્શન કરવા ઈચ્છે છે, રાગદ્વેષને તો તેમણે પ્રલય પમાડી દીધાં છે. દેવેંદ્રો પણ તે મુનિને ભક્તિભાવથી નમસ્કાર કરે છે, અભવ્ય[1] અને દુર્ભવ્ય[2] તો ઘણું કરીને તેમનાથી દૂરજ રહે છે. તે મહાત્માનું મન શત્રુ કે મિત્રપર, સંસાર કે મોક્ષપર, અને તૃણ કે મણિપર નિરંતર સરખુંજ છે. સર્વે ગુણો તે મુનિરાજમાં એકઠા મળેલા છે.

આવા ત્રણ જગતમાં વિખ્યાત અને જેમનું દર્શન દુર્લભ છે એવા તે મુનિએ તમારા નગરની સમીપે નિવાસ કર્યો છે. તેમણે અમને અઠ્ઠમતપના પારણા માટે નગરમાં જવા આદેશ આપ્યો, તેથી અમે મધુકરીવૃત્તિ[3]ને અર્થે નગરમાં પેસતાં હતાં તેવામાંજ બળાત્કારે તારા સેવકો અમને પકડીને તારી પાસે લાવ્યા છે. હે રાજા! તેં જે ધર્મનું સ્વરૂપ અને ભવની પરંપરા પૂછી તે મેં આઠ ભવ સુધીની તારી પાસે સર્વે કહી છે. હે રાજેંદ્ર! સંસારનું સર્વ સ્વરૂપ આવું જાણજે.”

આ પ્રમાણે અભયરૂચિ મુનિએ માલવનરેંદ્રની મૂ-

---

૧. મોક્ષ જવાની યોગ્યતા વગરના જીવો.

૨. ઘણે (અનંત) કાળે મોક્ષ જવાની યોગ્યતાવાળા જીવો.

૩. ભ્રમર પુષ્પ ઉપર બેસીને તેનો રસ ચાખે પણ તે પુષ્પને પીડા ન ઉપજાવે તેવી રીતે ભિક્ષાવૃત્તિ કરવી તે મધુકરીવૃત્તિ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ળથી ઉત્પત્તિ કહી, ત્યારે મારિદત્ત રાજા પોતાના અકાર્યના સ્મરણથી અકસ્માત મૂર્છા પામીને સુવર્ણમય સિંહાસનથી ભૂમિપર ઢળી પડયો. તે વખતે આખી સભા ચિંતામાં મગ્ન થઇ અને ચિત્રમાં આળેખેલી હોય તેમ સ્તબ્ધ બની ગઇ, મુનિએ તેને ' વ્યાકુળ થામાં ! વ્યાકુળથામાં ! ' એવાં વચનો કહ્યાં; તે સાંભળીને વિહ્વળ રાજા નિસાસા મૂકતો; શ્રમરૂપ જળને વરસાવતો અપૂર્વ કલંકી પણાના દુ:ખથી આકુળ વ્યાકુળ થઇને અંગભંગ યુક્ત હાહારવ કરતો અને ધીર છતાં પણ બીકણની દશાને અનુભવતો અશ્રુ યુક્ત નેત્રે બોલ્યો ' અહો ! આતો મને મોટું દુ:ખ ઉપજ્યું ! અથવા તો દૈવનો મનોરથ દુ:સહ જણાય છે; નહિ તો જેઓનું આગમન સેંકડો મનોરથ વડે અહીં થવું જોઇએ તેમનો આવી રીતે સમાગમ કેમ થાય ? આ બન્નેનો અવિનય કરતાં મેં કેવું અકાર્ય કર્યું ? જેની અધમ કાલલોકોએ મલીન બુદ્ધિ કરી નાંખી છે એવા મને ધિક્કાર છે ! આ સભામાં હું ઉંચુ માથું કેમ કરી શકીશ ? કારણકે તે ગુણધર મુનિતો મારી બેનના પતિ ( બનેવી ) થાય છે, અને જયાવળી દેવી તે મારી બેન થાય છે અને આ શ્રીમાન્ અભયરૂચિ અને અભયમતિ મારાં ભાણેજ થાય છે. '

' હે અભયરૂચિ ! અહિં આવ. અહિં આવ ! મને આલિંગન કર (ભેટ). અથવા આલિંગનની વાત બા જુએ રહો, હું તારા ચરણ મારા મસ્તકપ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શા; અને તારા મામાને સંસાર સમુદ્રમાં ડુબતાં આલંબન[1] આપ.

'હે પુણ્યવતિ અભયમતિ ! હે બાળ તપસ્વિનિ ! હું તને દૂરથીજ પ્રણામ કરૂં છું. હે કરૂણા સમુદ્ર ભગવાન્ ! આ મામા ઉપર કૃપા કરી એવા પ્રસન્ન થાઓ કે જેથી હું મારો સકળ પાપરૂપ કાદવને ધોઈને તમારા અંગનો સ્પર્શ કરવાને યોગ્ય થાઉં.'

'હે સેવકો ! પાપી કૌલ લોકો ક્યાં ગયા ? તેઓનાં મસ્તક વડે જલદી આ પૃથ્વીને ભરીદો. અથવા અભયરૂચિ મુની છતાં તે વાત ઉચિત નથી, પરંતુ સઘળા કૌલ લોકોને દેશ બહાર કાઢી મૂકો. તથા યોગિની વિગેરે દુરાચારી સ્ત્રીઓને ચારકશોધન[2]ની આજ્ઞા કરો એટલે હિંસક યોગિનીઓની મૂર્તિને આ મંદિરોમાંથી બહાર નાંખીદો; તથા મંદિરના વાસણોને લાકડાથી ભાંગી નાંખો. મારા દેશમાં આજ પછી કોઇ દિવસ પણ જીવઘાત ન થાય તેમ કરો. આ મૃગો ખુશીથી વનમાં ચરો, પક્ષિઓ પોતાની ઇચ્છા પ્રમાણે આકાશમાં ઉડો, જળચર જીવોને જે સ્થાનકેથી લાવ્યા હો તે સ્થાનકે નિરાબાધપણે મૂકી આવો."

રાજાની આ પ્રમાણે આજ્ઞાથી મંત્રી વિગેરેએ

૧. ટેકો.

૨. કેદખાનામાંથી કેદીઓને છોડી દેવાને.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્વાપદોને તત્કાળ બંધનથી મુક્ત કરી દીધાં, પક્ષિઓને પાં જરામાંથી બહાર કાઢયાં અને મત્સ્ય વિગેરે જળચરોને જળયુકત પ્રદેશમાં યત્નથી મૂકયાં. સર્વે જીવો બંધનથી મુકત થઇને નિર્ભયપણે પોતપોતાના સ્થાનકે જવામાટે ઉત્સુક થઈ સર્વે દિશામાં ચાલ્યા ગયા, અને પક્ષિઓ પણ મધુરધ્વનિથી ગાતાં ગાતાં આકાશમાં પાંખોને ફફડાવતાં જવાં લાગ્યાં. તે વખતે પૃથ્વીએ સુખેથી ઉચ્છ્વાસ લીધો, સર્વે દિશાઓ ઉજળી થઇ, જીવલોક નિર્ભય થઇને અત્યંત હર્ષથી ભરપૂર થયો, પવન શીતળ અને સુગંધી થઇ ધીમે ધીમે વાવા લાગ્યો, પ્રાણીના રક્ષણ મય કોળાહળનો કિલકિલ શબ્દ થવા લાગ્યો.

આ વખતે એકાએક આકાશમાંથી પૃથ્વીપર વિવિધ પ્રકારનાં કલ્પવૃક્ષના પુષ્પોની વૃષ્ટિ થઇ, અને સિદ્ધ દેવાંગનાઓ આકાશમાં 'જયજય' શબ્દ બોલતી અને દેવતાની ઋદ્ધિ બતાવતી વિવિધ વિમાન સાથે દેખાવા લાગી. તે સઘળી નિરૂપમ રૂપ, વેષ અને સૌભાગ્ય યુકત, કમળ જેવી સુકોમળ વ્યંતરીના મધ્ય ભાગમાં, અદ્ભૂતરૂપ અને વેશધરનારી તેમજ વિવિધ ભૂષણથી ભૂષિત શરીરવાળી ચંડમારી નામની દેવી પ્રગટ થઇ. અભય રૂચિમુનિને જોઈ જરા લજ્જા પામી; પ્રથમ મારીદત્ત રાજા સાથે બોલી 'મારિદત્ત! આટલા વખત સુધી તેં શું અકાર્ય કર્યું? મોક્ષ સુખાદિકની ઈચ્છાથી મહા ક્રુર નિશાચર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવીઓને આરાધવા માટે સ્થળચર વિગેરે બહુજીવોની તેં હિંસા કરી, પણ પ્રત્યક્ષ થઈને કદી પણ મેં જીવવધનો આદેશ આપ્યો નથી! વળી મોક્ષ દેવાને અમે તે કયાંથી સમર્થ હુઇએ? અમારા કરતાં તો સુશીળ ગૃહસ્થની સ્ત્રીઓ સારી! આતો ધૂર્તને ઉચિત એવો માઠો ઉપદેશ તને થયો હતો તેનું આ ભયંકર પરિણામ છે. આજતો કર્ણવિવરમાં અમૃતધારા તુલ્ય અને અતિ રમણિય અભયરૂચિ મુનિની વાણી સાંભળીને, મોક્ષ માર્ગને સમ્યગ્ પ્રકારે જાણી હું પરમાનંદને પામી છું. કયાં અમારો વિકારને ઉત્પન્ન કરનારો ઉપદેશ અને કયાં આ મદન વિગેરે સર્વ વિકારોને નિવારણ કરનારો આ મુનિનો ઉપદેશ? વિષ અને અમૃતની જેમ તેઓ વચ્ચે બહુજ અંતર છે."

આ પ્રમાણે રાજાને કહી પછી તે મુનિ પ્રત્યે બોલી 'હે ભગવાન્ યોગીશ્વર અભયરૂચિ! હું તમને દૂરથી પ્રણામ કરૂં છું; તમને નમસ્કાર હો, કારણ કે તમારા પ્રસાદથીજ પશુવધ માટે મળેલા આ સર્વ લોકો પ્રતિબોધ પામ્યા; અને દુર્બુદ્ધિવડે જેનું હૃદય રૂંધાયેલું છે એવી હું પણ પ્રતિબોધ પામી. હે મારિદત્ત રાજા! આ સર્વે લોકો ધર્મ તત્પર થયા, કૌલ વિગેરે દુર્મતિઓને તારા દેશમાંથી હાંકી મૂકયા અને ભગવાન્ સુદત્તમુનિ તારી ભૂમિમાં પધાર્યા તેથી હું તને વર દઉં છું કે "તું સર્વે લક્ષ્મીવાળાઓનો શિરોમણિ થઇને શત્રુ સાથે લડવામાં વિજય મેળવ,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રજાનો પ્રીતિપાત્ર થા, અને તું રાજ્ય કરે ત્યાં સુધી તારા દેશમાં અગ્નિ વિગેરેનો ઉપદ્રવ ન થાઓ.”

આ પ્રમાણે અભયરૂચિએ પ્રવર્તાવેલી જીવદયાના પ્રભાવથી સર્વે લોકપાળ પ્રસન્ન થયા, અને આનંદ કરવા લાગ્યા. વળી ‘યથાવસરે મેઘવરસો અને પાપનો નાશ થાઓ.’ એમ બોલતાં સર્વે દેવતાઓ હર્ષ સહિત પોતપોતાને સ્થાનકે ગયા. તે વખતે આશ્ચર્યયુક્ત, કુશાસ્ત્રપરાઙ્મુખ અને વગર વિલંબે શ્રાવક ધર્મ અંગિકાર કરવાને ઇચ્છનારા તે મારિદત્ત રાજાને અભયરૂચિ મુનિ સુદત્તાચાર્ય પાસે લઈ ગયા.

રાજાએ ત્યાં જઇને યુગપ્રધાન ગુરૂને નમસ્કાર કર્યો, અને તુષ્ટમાન થઇને ગુરૂના વચનથી શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. ગુણધર રાજર્ષિએ તેને હિત શિક્ષા સંભળાવી અને જયાવળી રાણી પોતાના વડીલ ભાઈના સ્નેહથી તેને ત્યાં ગઇ.

સુદત્તાચાર્ય રાજાના અત્યંત આગ્રહથી કેટલાક દીવસ ત્યાં રહી, પારણાના ઉત્સવને દીવસે ગ્રહસ્થોનાં ઘરો પવિત્ર કરી અને પોતાના સદુપદેશથી ઘણા ભવ્ય જીવોને પ્રતિબોધ આપી બીજી જગ્યાએ વિહાર કરી ગયા.

બહુકાળે પ્રબોધ પામેલું અને જ્ઞાન લહેરથી શુદ્ધ થયેલું મારિદત્ત રાજાનું મન નિરંતર જીવાજીવાદિક નવ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તત્વના વિચારમાં આસક્ત થયું; સાધુ સાથે મૈત્રી ભાવ વૃદ્ધિ પામ્યો; પોતાને જે પ્રિય હોય તે ગુરૂને આપવા તે ઇચ્છિતો હતો; પણ સાધુને તો જે વિશુદ્ધ અશનાદિ હોય તેજ રૂચતાં હતાં; તેમાં રાજપિંડ[1] નહિ ગ્રહણ કરનારા સાધુઓને વહોરાવવા માટે સાધર્મીકીની જેમ જયાવાળી રાણીને પ્રેરી; અને પોતે રત્નકંબળાદિક ઉત્તમ વસ્તુઓ પ્રતિલાભીને મુનિનું પૂજન કરવા લાગ્યો; રોગી સાધુની સારી રીતે વૈયાવચ્ચ કરવા લાગ્યો; જિનેંદ્રભક્તિયુક્ત ગાયનોના કરનારને તે કલ્પવૃક્ષની જેમ ઇષ્ટ ફળનો દેનારો થઇ પડયો; અને જૈન મતથી વિરૂદ્ધ વાદીઓને પોતાની બુદ્ધિના બળથીજ વિવિધ યુક્તિવડે જીતીને રાજ સભામાં ગુરૂના ઉપદેશનું માહાત્મ્ય વધારવા લાગ્યો; વળી ઉંચા મેરૂ પર્વતના શીખર જેવા ઉન્નત જૈનમંદીરોથી અને સુખડ, ડિંડીર[2] અને પુંડરીક કમળ જેવી ઉજવળ કીર્તિથી આખા મહીમંડળને ભરી દીધું. આ પ્રમાણે ધર્મ કાર્ય કરતો, શ્રીમદ્દર્હંતને હૃદયમાં ધારણ કરતો અને દાન યોગ્ય પુરૂષને ઇચ્છીત દાન આપતો તે રાજા સુખે સુખે રાજ્ય પાળવા લાગ્યો.

હવે તે ગુણધર રાજાર્ષિ, અભયરૂચિ સાધુ અને અભયમતિ સાધ્વી ક્ષમા, આર્જવ, માર્દવ વિગેરે યતિ ધર્મથી

---

૧. સાધુ રાજાના ઘરનું કાંઇ પણ લેતા નથી.

૨. દરિયાનાં ફીણ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યુકત, સંતોષથી શોભતા, કષાય અને આશ્રવથી રહિત, ત્રણ ગુપ્તિ [1] ને ધારણ કરતા, પાંચ ઈંદ્રિયોને જીતતા અને સર્વત્ર નિસ્પૃહપણે વર્તતા અત્યંત તપસ્યા કરતા હતા; અને મન, વચન અને કાયાને એકાગ્ર કરવા વડે શરીરમાં રહેલા પાન અપાન વિગેરે વાયુને રૂંધવાથી 'પ્રાણાયામ' ને સાધતા હતા. પ્રાણાયામ કરવાથી સેવક જેમ સ્વામીપણાને પામે તેમ ધ્યાનાર પુરૂષ ( ધ્યાતા ) ધ્યેયપણાને પામે છે. ( એટલે જેનું તે પુરૂષ ધ્યાન કરતો હોય તે 'ધ્યેય' કહેવાય છે અને તે પુરૂષ ધ્યાતા કહેવાય છે; તે ધ્યાતા ધ્યાનારૂઢ થઈ આત્મસંયમ કરવાથી ધ્યેય પદને પામે છે ). તે ત્રણે ( બે મુનિઓ અને એક સાધ્વી ) ગ્રામ, ખાણ, નગર, દ્રોણમુખ અને મંડપને વિષે વિચરતા, મન શુદ્ધિવડે મહીતળને પવિત્ર કરતા, સદ્દેશનારૂપી વહાણવડે અનેક ભવ્યજીવોને અપાર સંસાર સમુદ્રમાંથી તારતા, તેમજ જંગલ અને ઘર, સુખ અને દુઃખ, મિત્ર અને શત્રુ, સોનુ તથા પથ્થર સર્વે ઉપર સમભાવ રાખતા સુખેથી સંયમ પાળવા લાગ્યા. વળી તે ક્ષમાધની [2] અને કૃપાસમુદ્ર સાધુઓ ઉપસાદિક તપને અંતે નવાનવા અભિગ્રહથી જગત્‌ને પુણ્ય પ્રાપ્તિનું કારણ એવું પારણું કરવા લાગ્યા. એ પ્રમાણે કેટલોક કાળ ગયા પછી જેને વૈરાગ એજ ધન છે એવા તે મુનીંદ્રોએ પોતાના આયુષ્યનો અંત

---

૧. મન, વચન અને કાયાના યોગને વશ રાખવા તે ગુપ્તિ.
૨. ક્ષમા રુપી ધનવાળા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નજીક જાણીને, ચાર પ્રકારના આહારના પચ્ચખાણ કરીને પાદપોપગમન અનશન [1] અંગીકાર કર્યું અને આ પ્રમાણે આરાધના કરી; "શ્રી ઋષભાદિક સર્વે તીર્થંકરો, પુંડરિક વિગેરે ગણધરો અને કેવળજ્ઞાનીએ કહેલો ધર્મ અમારે ભવ ભવમાં શરણ ભૂત થાઓ; તીર્થંકરે કહેલાં છ પ્રકારના જીવો [2] ને અમે ખમાવીએ છીએ, તેઓ અમને ક્ષમા કરો; અમારા મન, વચન અને કાયાથી કરેલાં પાપો મિથ્યા થાઓ; આ સંસારમાં અમારૂં કોઇ નથી, અમે કોઇના નથી અને શ્રી જિનેશ્વરનાં ચરણનું શરણ કરનારા અમારે ક્યારે પણ દીનતા નથી. વળી અમે ભવે ભવમાં જે અઢાર પાપસ્થાનક સેવ્યાં હોય તે સર્વે ખમાવીએ છીએ અને તજી દઈએ છીએ; તથા બહુ યત્નથી પાળેલું, અનેક આહારથી પોષેલું અને દોષનું ઘર એવું આ શરીર પણ અમે તજી દઈએ છીએ."

આ પ્રમાણે આરાધના કરીને તે સર્વેએ અણસણ કર્યું, અને એક માસ પર્યંત અણસણ ( ઉપવાસ ) આરાધી, મહાધ્યાનમાં લીન થઈ, પરમેષ્ઠી નમસ્કારને ધ્યાતાં ( નવકાર મંત્રનું સ્મરણ કરતાં ), ઉત્તરોત્તર ગુણસ્થાનપર

---

૧, ઝાડ કે ઝાડની ડાળ છુટી પડેલ જેમ જમીનપર પડી રહે, હાલે ચાલે પણ નહિ, તેમ રહેવું તે.

૨. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ (બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય, મનુષ્ય, પંચેંદ્રિયતિર્યંચ, નારકી અને દેવતા ).

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આરોહણ કરતાં, શુકલધ્યાન રૂપી અગ્નિવડે ઘાતીકર્મ[1]ને બાળીને સકલ લોક અને અલોકને પ્રકાશનારૂં કેવળજ્ઞાન પામ્યાં, અને તરતજ અઘાતિ કર્મનો [2] પણ ક્ષય કરીને શાશ્વત આનંદથી પૂર્ણ અને જન્મજરાથી રહીત અવ્યાબાધ સુખ ( મોક્ષ ) ને પામ્યાં.

इति श्री यशोधर चरित्रे नृपजनन्योरष्टमो भवः

---

આ ચરિત્ર શ્રી માણિકયસુરીએ બનાવેલા પદ્યબંધ ચરિત્રને અનુસારે મેં લખ્યું છે, પણ પરમ પુજ્યશ્રી હરિભદ્રસુરીએ રચેલા શ્રીસમરાદિત્યના ચરિત્રની અંતર્ગત યશોધર રાજાનું ચરિત્ર પ્રાકૃત ભાષામાં છે, તેમાં તેઓ આઠમા ભવમાં યશોધરનો જીવ મોક્ષે ગયો એમ કહેતા નથી, પરંતુ બીજા બે ભવ વધારે કહે છે; તે ચરિત્રને અનુસારે તે છેલ્લા બે ભવ પણ અહીં લખીએ છીએ.

ત્યાર પછી અભયરૂચિ સાધુ અને અભયમતી સાધ્વી

---

૧. કર્મ આઠ છે. તેમાં ચાર ( જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય ) ઘાતિકર્મ છે અને તેનો ક્ષય થવાથી કેવળ જ્ઞાન થાય છે. ૨. ચાર કર્મ અઘાતિ છે. વેદની, નામ, ગોત્ર અને આયુષ્ય; તેનો ક્ષય થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. મોક્ષ એટલે સર્વ કર્મથી મૂકાવું તે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શુદ્ધ ચારિત્રને પાળી સિદ્ધાંતમાં બતાવેલી વિધિ પ્રમાણે ( અનશન–આરાધના પૂર્વક ) કાળ કરીને સહસ્રાર નામના આઠમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં. દેવતાનું આયુષ્ય ભોગવી દેવલોકથી ચ્યવીને અભયરૂચિનો જીવ કોશલદેશમાં અયોધ્યા નગરીમાં વિનયંધર રાજાની લક્ષ્મીમતી નામની પટ્ટરાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો અને અનુક્રમે જન્મ પામ્યો. પિતાએ તેનું યશોધર નામ રાખ્યું

અભયમતીનો જીવ દેવલોકથી ચ્યવીને પાટલીપુત્ર નગરમાં ઈશાનસેન રાજાની રાણી વિજયદેવીની કુક્ષિમાં પુત્રીપણે ઉત્પન્ન થયો. અનુક્રમે ગર્ભકાળ સંપૂર્ણ થયે તે જન્મ પામી. તેનું વિનયમતિ નામ પાડયું. બન્ને દેહના વધવા સાથે કલાકૌશલ્યમાં પણ વૃદ્ધિ પામ્યા. ઇચ્છિત વર વરવા ઇચ્છનારી વિનયમતીને તેના પિતાએ યશોધર તરફ મોકલાવી. આ ખબર સાંભળીને યશોધર હૃદયમાં બહુજ ખુશી થયો.

ઘણા પરિવારથી પરવરેલી વિનયમતી અયોધ્યામાં આવી. રાજાએ બહુ માનપૂર્વક રહેવા આવાસ આપ્યો. નગરની બહાર લગ્નમહોત્સવ કરવાનો નિર્ધાર કર્યો અને વિવાહનો દીવસ પણ મુકરર કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિવાહનો દિવસ આવ્યો. યશોધર અને વિનયમતીના મન અત્યંત આનંદમાં હતા. તે દિવસે યશોધર મોટી વિભુતિથી વિનયમતીને પરણવા તૈયારી કરવા લાગ્યો; મંગળ વાજિત્રો વાગવા લાગ્યા; ગણિકાઓ નાચવા લાગી; મંગળ પાઠકો માંગળીક ઉચ્ચારવા લાગ્યા; અને સધવા સ્ત્રીઓ મંગળ ગીતો ગાવા લાગી. યશોધર રાજા ધવળ હસ્તી ઉપર બેસીને નગરની સ્ત્રીઓથી વારંવાર જોવાતો રાજ્ય રસ્તે ચાલ્યો જાય છે, તેવામાં તેનું દક્ષિણ નયન ફરક્યું, તેથી તેને હર્ષ ઉપ્તન્ન થયો અને વિચાર્યું કે આ કામ ઘણા હર્ષ પૂર્વક ઉતાવળે કરવું યોગ્ય છે.

તેજ વખતે કલ્યાણ શ્રેષ્ટીના આંગણામાં ગોચરી લેવા આવેલા એક સાધુને તેણે જોયા. તે સાધુને જોઈને તેને એકાએક સંભ્રમ ઉત્પન્ન થયો, અને સાધુપણાના પૂર્વ અભ્યાસથી, કર્મપરિણતિની વિચિત્રતાથી અને તે મુનિના અમોઘ [1] દર્શનથી તરતજ તેને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું; તે વખતે ગજેંદ્રના સ્કંધ ઉપરથી તે ઢળી પડયો. એને પડતાં પડતાં રાજભદ્ર નામના વિચક્ષણ મહાવતે પકડી રાખ્યો.

'આ શું થયું' એમ વિચાર કરતાં રાજભદ્રે સર્વે વાજીત્રો વાગતાં બંધ પાડયાં. તે વખતે અવિષાદિ [2] છતાં પણ ખેદ યુક્ત ચિત્તવાળા યશોધરના પિતા ત્યાં આવ્યા. અને સો-

---

૧. સફળ. ૨. શોક ન પામે તેવા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પારી, તાંબુળની નિશાથી મૂર્છીત થયો હશે એમ વિચારી ચંદનના પાણીથી તેને સિંચ્યો એટલે કુમારને ચેતના પ્રાપ્ત થઇ, નેત્રા ઉઘડયાં, આસન ઉપર સ્થિત થયો, પણ ચિત્ત સંસાર સાગરથી વિરક્ત થઈ ગયું. પિતાએ પૂછયું 'પુત્ર! તને શું થયું છે ?' યશોધરે કહ્યું 'સંસારનો વિલાસ અતિ દારૂણ છે,' પિતાએ કહ્યું 'પુત્ર ! શું આ સંસાર-ચિંતાનો અવસર છે? ' પુત્રે જવાબ આપ્યો 'પિતાજી! તે મોટી કથા છે, સંક્ષેપમાં કહી શકાય તેમ નથી, તેટલા માટે આપ એક જગ્યાએ બેસો, માતૃ વર્ગ, પ્રધાન અને મુખ્ય નગર વાસીયોને બોલાવો એટલે હું સંસારચિંતાનું કારણ આપને કહું.'

પછી રાજાએ રાજયમાર્ગમાં આવેલી સભામાં બેસીને માતૃવર્ગ, પ્રધાન અને નગરવાસીઓને બોલાવ્યાં. તેઓ સર્વ આવીને ઉચિત સ્થાનકે બેઠાં; અને પિતાએ આ સર્વ શું છે એમ પૂછવાથી યશોધરે કહેવા માંડયું કે 'મોહથી અજ્ઞાની પ્રાણીઓ આ સંસાર નિર્ગુણ છે એમ જાણતા નથી, તેના સ્વરૂપ વિષે વિચાર કરતા નથી, અહિત કાર્યમાં પ્રવર્તે, અને આગામી કાળને જોતા નથી તેમજ વિચારતા પણ નથી; જન્મ, જરા, મરણ, રોગ, શોક, પ્રિય વિયોગ વિગેરે વિકારો આ સંસારમાં સુર અને અસુર સર્વેને સાધારણ છે. થોડા પ્રમાદનો પણ વિપાક બહુ દારૂણ છે. જુઓ ! લોટના કુકડાનો વધ પણ કેવા દુઃખમય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પરિણમ્યો.' આ પ્રમાણે કહ્યા પછી યશોમિત્રે સુરેંદ્રદત્તના ભવથી માંડીને જાતિ સ્મરણ થયા પર્યંત પોતાના સર્વે ભવ કહી બતાવ્યા. તે વૃતાંત સાંભળીને 'ન કરવા યોગ્ય આચરણનો આ દારૂણ વિપાક છે' એમ બોલતો રાજા, તેની માતા અને બીજા ઘણા લોકો સંવેગ પામ્યા. કુમાર બોલ્યો કે 'હે તાત! અકાર્ય આચરણનું આવું દારૂણ પરિણામ જોઇને સંસારરૂપી બંદીખાનામાંથી મારૂં ચિત્ત વિરકત થયું છે, અને જીવવચનનો પ્રતિબોધ પ્રગટ થયો છે; માટે મને વિરકત થવાને રજા આપો, આપના પસાયથી મારૂં મનુષ્યપણું હું સફળ કરીશ.'

તે વખતે અનાદિ ભવથી બાંધેલા મોહદોષથી તે રાજાએ ઉત્તર કાળનો વિચાર કર્યા વગર કહ્યું "હે પુત્ર! તારી પ્રાર્થનાનો ભંગજ તારી મનુષ્યપણાની સફળતા કરે છે, તેટલા માટે પ્રથમ તો ઇશાનસેન રાજાની પુત્રી પરણો, પછી મારી પેઠે પ્રજાનું પરિપાલન કરીને મોટા પુણ્યનો સંચય કરજો "

તે વખતે કુમારે જવાબ આપ્યો કે 'હે પિતાશ્રી! મેં આપને પ્રથમથીજ કહ્યું છે કે મારૂં ચિત્ત સંસાર કારાગૃહથી વિરકત થઇ ગયું છે. તેથી સ્ત્રી પરણવાથી મારે સર્યું.

રાજા—સ્ત્રીને પરણવાથી કાંઈ દોષ છે?

કુમાર—સ્ત્રીને ગ્રહણ કરવી તેજ એવા પ્રકારનો વ્યાધિ છે કે જેનું ઔષધજ નથી. કારણ કે તે (સ્ત્રી) મોહનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘર, ધતિનો નાશ કરનાર, ચિત્ત વ્યાક્ષેપની સભા, શાંતિની શત્રુ, મદનનું (કામદેવનું) ભુવન, શુદ્ધ ધ્યાનની વૈરી, દુઃખની ઉત્પત્તિ ભૂમિ, સુખની વિનાશક અને મહાપાપની આવાસ ભૂત હોવાથી તેને અંગીકાર કરીને પાંજરામાં રહેલા સિંહની પેઠે સમર્થ છતાં પણ, પ્રાણીઓ મનુષ્યભવ પામ્યા છતાં પરલોકના સાધનમાં સીદાય છે ( કરી શકતાં નથી ). હે પિતાજી ! રત્ન જડેલા સોનાના થાળ વડે વિષ્ટાને શોધવા જેવા વિષયો છે; માટે તેનું સેવન કરવું યોગ્ય નથી. જીન વચનના બોધની સંગતિ, મનુષ્યપણું અને કર્મ ભૂમિ તે અચિંત્ય ચિંતામણી રત્ન જેવા છે અને ચરણ અનુષ્ઠાન [૧] પરમપદ [૨] નું સાધન છે; તેટલા માટે બીજા ફોકટના વિકલ્પો છોડી દો, અને સકળ દુઃખનો છેદ કરનારી પ્રવૃજ્યા [૩] લેવાની મને રજા આપો.'

પુત્રનાં આવાં યોગ્ય વચનો સાંભળીને અશ્રુભરી આંખે પિતાએ કહ્યું કે ' કુમાર ! સર્વ તે પ્રમાણેજ છે; પરંતુ પરમાર્થ કહેતાં છતાં પણ સ્નેહથી કાયર મારા હૃદયને તું પીડા ઉત્પન્ન કરે છે. કુમારે કહ્યું ' પરમાર્થ નહિ જોનારા સ્નેહથી સર્યું, કારણ કે એવો અપરમાર્થીક સ્નેહજ સંસારનું કારણ છે.

રાજાએ કહ્યું ' ઇશાનસેન રાજાની પુત્રી ખેદ પામશે ' કુમારે કહ્યું ' એ કાંઇ મોટું કારણ નથી, વળી આપ આ

૧. ચારિત્ર. ૨. મોક્ષ. ૩. દિક્ષા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વૃત્તાંત તેની પાસે પણ નિવેદન કરો, જેથી કદાચ તે પણ આ વૃત્તાંત સાંભળીને પ્રતિબોધ પામશે.' રાજાએ વિચાર કરી શંખવર્દ્ધન નામે પુરોહિતને બોલાવી કહ્યું 'આ સર્વ વૃત્તાંત રાજપુત્રીને જણાવો અને પછી તેને પૂછો કે અમે આવી સ્થિતિમાં આવી પડયા છીએ તેથી હવે અમારે શું કરવું ?'

શંખવર્ધન તરતજ ત્યાં ગયો, અને થોડા વખતમાં પાછો આવી કહેવા લાગ્યો, "હે મહારાજ! કુમારના મનોરથ સિદ્ધિ પામ્યા; હું અહીંથી રાજપુત્રી પાસે ગયો; મહારાજાનો પુરોહિત જાણીને પ્રતિહારે મને બહુ માનથી પ્રવેશ કરાવ્યો; રાજ પુત્રીએ સત્કાર કર્યો અને બેસવા આસન આપ્યું.

મેં કહ્યું—રાજપુત્રી! મારે તમને કાંઇક કહેવું છે.

રાજપુત્રી—આર્ય! ખુશીથી બોલો.

પુરોહિત—હું જે કહું તે તમારે સાવધાન થઇને સાંભળવું, એવી તમારા ભર્તાની આજ્ઞા છે. તે વખતે તરત જ તે આસન પરથી ઉતરી અને 'જેમ ગુરૂ ( ભર્તાર ) ની આજ્ઞા હોય તેમ' એ પ્રમાણે બોલી, હાથ જોડી સામે બેઠી. તે વખતે મેં કહ્યું 'કુંવરી! અહીં આવતાં કુમારને સાધુદર્શનથી જાતિસ્મરણ જ્ઞાન થયું, તેથી તેને પોતાના નવ ભવનું સ્મરણ થયું અને તે જેમ તેણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહ્યા તેમ તમે સાંભળો. ' આજ ક્ષેત્રમાં વિશાળા નામની નગરી છે, ત્યાં અમરદત્ત નામનો રાજા હતો, આ ભવથી નવમેભવે હું સુરેંદ્રદત્ત નામનો તેનો પુત્ર હતો. મારી માતા યશોધરા હતી અને નયનાવળી નામની મારે સ્ત્રી હતી.'

આટલું બોલ્યો તેવામાં તો રાજપુત્રી મુંઝાઇ ગઇ અને તેથી સર્વ પરિવાર આકુળ વ્યાકુળ થઈ ગયો.

આ બનાવ જોઈને હું ખેદ પામ્યો અને તેનાપર ચંદનનું પાણી સીંચ્યું. કેટલીક વારે તે ચેતના પામી ત્યારે મેં પૂછયું ' રાજપુત્રી ! આ શું થયું ' ?

રાજપુત્રી—સંસારની વિચિત્રતા !

પુરોહિત—કેવી રીતે વિચિત્રતા ?

રાજપુત્રી—તે ભવમાં કુમારની માતા યશોધરા હતી તે હુંજ હતી.

આ પ્રમાણે કહી રાજપુત્રીએ મને યશોધરના કહેવા પ્રમાણે સર્વ પૂર્વ ભવનો વૃત્તાંત કહી સંભળાવ્યો. પછી મેં કહ્યું કે ' આ બનાવથી કુમારનું ચિત્ત ભવરૂપ કારાઃગૃહથી વિરક્ત થઇ ગયું છે અને તે દિક્ષા લેવા ઇચ્છેછે. તેટલા માટે મહારાજે કહેવરાવ્યું છે કે હવે અમારે શું કરવું ? '

રાજપુત્રીએ કહ્યું ' મહારાજને આ પ્રમાણે કહો કે— ' હે તાત ! સંસારનો સ્વભાવ આવો છે ! તેને જાણવાથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કોણ બુદ્ધિમાન્‌ને વૈરાગ્ય થતો નથી? તેટલા માટે સ્વપ્ન માત્ર વિભ્રમ જેવા પ્રતિબંધથી સર્યું. કુમારને ઇચ્છિત કરવા દો અને મને પણ દિક્ષા લેવાની રજા આપો, કારણ કે મારૂં ચિત્ત પણ ભવચારકથી[૧] વિરક્ત થયું છે.'

આ પ્રમાણે હકીકત પુરોહિતે રાજા પાસે કહી સંભળાવી. તે સાંભળીને રાજા પણ સંસારની માયા અને ઈંદ્રજાળપણું જાણી સંવેગ પામ્યો. પછી કહેવા લાગ્યો 'હે પુત્ર! તું મારો પુત્ર નથી પણ મને ધર્મમાં નિયોજવાથી તું મારો ગુરૂ છે, તો હવે અમારે પણ આ સંસારના કલેશથી સર્યું. હું પણ તારી સાથેજ દિક્ષા લઇશ.'

રાજાનાં આવાં વચન સાંભળી રાણી બોલી 'આર્યપુત્ર! તમારી વાત યોગ્ય છે. આ નટના પેડા જેવા અશાશ્વતા જીવ લોકના પ્રતિબંધથી શું ?'

કુમાર યશોધરે કહ્યું- 'દેવાનુપ્રિય! જેમ સુખ ઉપજે તેમ કરો, પણ ધર્મકાર્યમાં વિલંબ કરશો નહિ.'

પછી રાજાએ મહાદાન દીધું, સર્વ અર્હતના ચૈત્યોમાં પૂજા રચાવી, સ્વજન સંબંધીને માન સન્માન આપ્યા અને યશોવર્ધન નામના પોતાના નાના પુત્રને ગાદીએ બેસાડયો. પછી રાજાએ, યશોધર કુમારે, રાજાની રાણીએ, ઇશાનસેન રાજાની પુત્રી વિનયમતીએ, પ્રધાને અને કેટલાક નગરવાસીઓએ ઈંદ્રભુતિ ગુરૂની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી અને સર્વેએ લાંબા વખત સુધી સાધુ ધર્મની પ્રતિપાલના

૧ સંસાર ભ્રમણરૂપ બંદીખાનું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરી. કેટલોક કાળ વિત્યા પછી અનેક સાધુઓથી પરવરેલા યશોધર મુનીશ્વર ગામેગામ વિહાર કરતાં સુસુમપુર પાસેના સિદ્ધાર્થ નામના ઉદ્યાનમાં અશોક વૃક્ષ નિચે નિરવદ્ય ભૂમિએ સમોસર્યા. સમરાદિત્યનો જીવ મૂળ ભવથી ચોથે ભવે તેજ ગામમાં વૈશ્રવણ શેઠને ઘરે પુત્રપણે ઉત્પન્ન થયો હતો. તેનું નામ ધનદેવ હતું, તે પોતાના પ્રિયમિત્રો સહિત ફરતો ફરતો ત્યાં આવ્યો, મુનિદર્શનથી તેને અત્યંત પ્રમોદ થયો; સર્વે મુનિને તેણે વંદન કર્યું. મુનિએ તેને ધર્મ લાભ આપ્યો, તે વખતે લાવણ્યથી યુક્ત. તારૂણ્યથી સંયુક્ત અને સંપૂર્ણ સાધુગુણથી અલંકૃત એવા તે યશોધર મુનીંદ્રને જોઇને ધનદેવ બોલ્યો ‘હે સ્વામિન્ ! તમારે સંસાર પર ખેદ થવાનું શું કારણછે કે જેથી તમે આ ભોગ ભોગવવા યોગ્ય અવસ્થામાં યોગ ગ્રહણ કર્યો છે. ?’ ત્યારે યશોધર મુનિએ પોતાના પૂર્વ ભવનું સર્વ સ્વરૂપ કહી સંભળાવ્યું; તે સાંભળીને ધનદેવ સંસારથી વિરક્ત થયો અને યશોધર મુનિ પાસે દિક્ષા લીધી.

પછી સર્વ સાધુઓએ અન્યત્ર વિહાર કર્યો. આ પ્રમાણે યશોધર મુનિ ભૂતળપર વિહાર કરી, ઘણા ભવ્ય જીવોને પ્રતિબોધ આપી, અનુક્રમે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરીને મુક્તિપદને પામ્યા. બીજા પણ કેટલાક સાધુ અને સાધ્વીઓ મોક્ષે ગયા અને કેટલાક સુર લોકે ગયા.

इति श्री यशोधरचरित्रे नृपजनन्यो र्नवम भव युतो दशमो भवः

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાંચનાર ગૃહસ્થો ! ભવ્ય પ્રાણીઓ ! આ પ્રમાણે અલ્પમાત્ર હિંસાના અતિ તિવ્ર ફળને સૂચવનાર યશોધર નરેંદ્રનો દશ ભવનો સંબંધ સાવધાન મનથી સાંભળીને તેના અર્થનો વિચાર કરવો, અને તે અર્થને હૃદયમાં ધારણ કરીને પ્રમાદ અને કષાયને તજી દઇ સ્વલ્પ પણ હિંસા ન કરવી. શ્રી જિનેંદ્રોએ અહિંસાજ મુખ્ય ધર્મ છે એમ કહ્યુંછે. અસત્ય, ચોરી, મૈથુન, અને પરિગ્રહનો પણ હિંસામાં અંતર્ભાવ હોવાથી અસત્ય વિગેરેની નિવૃત્તિ કરવી તે પણ તત્વથી તો અહિંસાજ જાણવી. યદુકતં—

इक्कं चिय इथ्थ वयं, निद्दिठं जिणवरेहिं सव्वेहिं
पाणाइवाय विरमण मवसेसातस्स ररकठा ॥

" સર્વ જિનેશ્વરોએ પ્રાણાતિપાત ( જીવહિંસા ) નો ત્યાગ તે એકજ વ્રત કહ્યું છે — બીજા બધા વ્રતો તેના રક્ષણને અર્થે કહ્યા છે. "

તેટલા માટે સર્વ પ્રકારે હિંસાને તજીને શ્રીમાન, અર્હત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વસાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ. એ નવ પદનું એકાગ્ર મનથી અને શુદ્ધ વિધિથી ધ્યાન કરવું, જેથી કરીને ભવરૂપ તાપની જલદીથી શાંતિ થઇ જશે અને પરમાનંદ પદની પ્રાપ્તિ થશે. એ પ્રમાણે શ્રી સદ્ગુરૂનો ઉપદેશ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# प्रशस्ति

श्रीमत्तीर्थपति जगत्त्रयमतः श्री वर्धमान प्रभु,
जीयात्तत्पदपंकजैक मधुकृत् श्रीमत्सुधर्मा गुरुः ।
तत्संतान समुद्भवा युगवरा देवर्द्धि मुख्यास्ततः
पूज्य श्री हरिभद्रसूरि गणभृद्वर्या गणाऽधीश्वराः ॥१॥
सज्ज्ञाना द्भुत वर्धमान सुगुरुश्चारित्रिणामग्रणी,
श्रीमत्सूरि जिनेश्वरः सुविदितः श्रीजैनचंद्रस्ततः ।
संविज्ञोभयदेवसूरि मुनिराट् श्रीमज्जिनाद्वल्लभः
पूज्य श्री जिनदत्तसूरि गणभृत्सुमुख्या मुनींद्रास्ततः॥२॥
सूरींद्राः सुतरां जिनादिकुशल श्रीजिनभद्रादय–
स्ते सर्वेपि जयंत्वमी ध्रुवयुग प्राधान्यमाबिभ्रतः
येषां सर्वहितैषिणां सुमनसां सद्वाक्सुधा स्वादतो,
मादृग्मोहविमूर्छितोपि झटिति प्राप्तःप्रबोधांकुरम् ॥३॥

" ત્રણ જગતને માનનીક શ્રીમાન્ વર્ધમાન પ્રભુ જયવંતા વર્તેછે, તેમના પદ કમળમાં મધુકર જેવા સુધર્મા સ્વામી, તેમની પછી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ વિગેરે યુગપ્રધાનો થયા, અને પૂજ્ય હરિભદ્રસુરિ વિગેરે ગણને ચલાવનારા અને ગણના અધીશ્વરો થયા, આગામી કાળે ચારિત્રીઆઓમાં અગ્રણી અને અદ્‌ભુત જ્ઞાન ધરનારા વર્ધમાનનામના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગુરુ થયા, તેમના પછી જિનેશ્વર સુરી અને તેમના પછી જૈનચંદ્ર, સંવિજ્ઞ અભય દેવસૂરિ, જિનવલ્લભસુરિ, જિનદત્તસુરી, જિનકુશળસુરિ, જિનભદ્રસુરિ, એમ અનુક્રમે થયા. આ સર્વે યુગપ્રધાનો જયવંતા વર્તો; સર્વ લોકોના હિતને કરનારા અને શુદ્ધમનવાળા તેઓની વાણી રૂપી અમૃતના સ્વાદથી મારા જેવા મોહથી મૂર્છા પામેલા પ્રાણી પણ તરતજ પ્રબોધ રૂપી અંકુરને પામે છે."

अपि च यन्मादृशोऽपि मूढो महतां गुणवर्णनोद्यतो भवति,
तत्र ज्ञानदयानिधि गुरु प्रसादो हि सद्हेतुः ॥ ४ ॥

' મારા જેવો મૂઢ, મહાત્મા પુરૂષોના ગુણનું વર્ણન કરવાને ઉદ્યમવંત થાય છે, તેનું કારણ જ્ઞાન અને દયાના ભંડાર ગુરૂનો પ્રસાદજ છે.

वर्षे नंद कृशानु सिद्धि वसुधा संख्ये नभस्ये सिते
(९ ३ ८ १)
पक्षे पावन पंचमी सुदिवसे श्री जैसलाद्रौ पुरे ।
श्रीमज्ञीजिनलाभ सूरि, गणभृत्तुल्य प्रतापोद्धुरे
कांते श्रीजिनचंद्र सूरि मुनिपे धर्मेशतां बिभ्रति ॥ ५ ॥
सूरि श्रीजिनभक्ति भक्ति निरताः श्रीप्रीतितः सागरा
स्तच्छिष्यामृतधर्म वाचकवराः संति स्वधर्मादराः ।
तत्पादांबुजरेणुराप्तवचन स्मृताःविपश्चित् क्षमा-
कल्याणः कृतवान् मुदे सुमनसामेतच्चरितं स्फुटं ॥ ६ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રીજિનલાભસુરિ અતુલ્ય પ્રતાપવાન થયા, અને જિનચંદ્રસુરિ ધર્મેશતાને ધારણ કરનારા થયા, તેમના શિષ્ય ભક્તિમાન જિનભક્તિસુરિ થયા, તેમના શિષ્ય પ્રીતિસાગર થયા. ધર્મમાં આદરવાળા તેમના શિષ્ય અમૃતધર્મનામે વાચક થયા; તેમના પદ કમળની રજ જેવો આપ્ત વચનને સ્મરણમાં રાખનાર અને અવિદ્વાન્ ક્ષમાકલ્યાણ નામના મુનિએ વિદ્વાનોને પ્રસન્ન કરવા માટે આ ચરિત્ર જેસલમીર નગરમાં સંવત ૧૮૩૯ ના ભાદ્રપદ શુદી પાંચમે રચ્યું."

उत्सूत्रमिहयदुक्तं मोहात्तदुरितमस्तु मे मिथ्या
यद्वापिपुण्यमस्मात्तुष्यतु सकलोपि तेन जनः ॥ ७ ॥

આમાં ભૂલથી મોહવડે જે કાંઇ ઉત્સૂત્ર લખાણું હોય તે મારૂં દુરિત મિથ્યા થાઓ, અને આ વડે જે કાંઈ પુણ્ય ઉત્પન્ન થયું હોય તેથી સર્વે લોકો તુષ્યમાન થાઓ.

इति श्री परमपवित्र यशोधर नरेंद्र चारित्रम्.

સમાપ્ત.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust